

કુમાર
અંક ૩૦
ઉગતી પ્રજાનું માસિક
તંત્રી
રવિશંકર
કુમાર
વર્ષ ૩ : અંક ૬
જેઠ : ૧૯૮૨

પાપ દૂર કરવાની દવા

દુઃખ . . . . તોલા ૫)
નિયમિતપણું . . . . તોલા ૧૫)
પવિત્રતા . . . . શેર ૧૨૫)
ધીરજ . . . . તોલા ૧૦)
નમ્રતા . . . . શેર ૧૨૫)
સખાવત . . . . શેર ૩૦)

આ સર્વ ચીજોને સારીરીતે એકઠી કરી એક મજબુત ખાંડણીમાં નાખો અને તેમાં

આશા . . . . શેર ૧)

રેડો. પછી તેને **નેકીની કઢાઈમાં** નાખો. તે કઢાઇને **ઇશ્વરના પ્રેમના અગ્નિ** ઉપર મુકીને ઉકાળો. તેને વારંવાર સારીરીતે **ધાર્મિક પ્રાર્થનાઓ** વડે હલાવો. આથી ગર્વનો મેલ ઉપર દેખાશે નહિ. આ પ્રમાણેનો ઉકાળો દહાડામાં ત્રણ વાર કરતા રહેશો તો પાપનો રોગ દૂર થશે.

(હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથમાંથી)



લવાજમ વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.



કાશીરાજની કુમારી

અજંતા મઠની પહેલા નંબરની ગુફા માંહેના 'કાશીરાજ અને નાગરાજનો સંવાદ' નામના ચિત્રમાંનું કાશીરાજની કુમારીનું શિરચિત્ર અહીં ઉતાર્યું છે. એ મુળ ચિત્ર રેખા, રંગ, છાયા અને ભાવનિરૂપણમાં જગતનાં સર્વોત્તમ ચિત્રોની કક્ષામાં ઉભું રહી શકે એવું છે.

'કુમાર'ના જેઠ ૧૯૮૨ના અંકનું મુખચિત્ર

કુમાર
જેઠ : ૧૯૮૨
વર્ષ ત્રીજું
અંક છઠ્ઠો
ઊગતી પ્રજાનું માસિક

બ્રહ્મચર્ય

બ્રહ્મચર્ય અનાદિ કાળની ભાવના છે;—જેમાંથી બીજી બધી ભાવનાઓ કલ્પાય છે, તેમનાં મુળ બંધાય છે અને પ્રાણ પોષાય છે.

કુદરતનો પહેલો કાનુન બ્રહ્મચર્ય. ઇશ્વરની પ્રથમ આજ્ઞા જ એ. ઉગવું એમાં ને જીવવું પણ એમાં જ. અ-બ્રહ્મચર્ય કહો કે મૃત્યુ કહો—બંને એક.

બ્રહ્મચર્ય એ કૌમારવયનું આજીવન વ્રત છે: ને વ્રત એટલે વાસનાઓનું નિયમન, વૃત્તિઓનું સમાધાન, અંતઃકરણનું પાલન. અને એ પ્રમાણે કૌમારવ્રત પાળનારાં એટલાં જ કુમારકુમારીઓ.

શુદ્ધ હૃદયનો સ્નેહ, સંયમી ચિત્તની સ્વસ્થતા, પરમ આત્માનું રૂપ—એ ત્રિપુટી બ્રહ્મચર્યમાં એકજ્યોત જલે છે.

બ્રહ્મચર્ય તો પ્રગટતા અંતર્વર્ચસ્નું અને વિકસતી પ્રેરણા-શક્તિનું વાહન છે; ખરા જ્ઞાનનું, કલ્યાણી પ્રવૃત્તિનું અને સૌન્દર્યની લાગણીનું એકનું એક ભાજન છે.

બ્રહ્મચર્યનું લલાટ કાન્તિમાન લસે છે, ચક્ષુ ચકોર ખીલે છે, હાથપગ વિવેકશીલ વર્તે છે.

બ્રહ્મચર્યમાં મધુરી સાદાઇ સોહે, વજ્રસરખું અખંડિત આરોગ્ય વહે, સાત સાગર ખેડવા જેટલું ઘોડાપુર બળ દોડે.

આખું જગત બ્રહ્મચર્ય ઉપર જ ચાલે છે. નવી સૃષ્ટિઓ મંડાય છે અને હાલની પ્રજાઓ જીવે છે તે એ વડે. એના વિનાની સ્વચ્છંદભોગી પ્રજાઓ પડી ભાંગીને ભુકો થઈ છે, મહા-રાજ્યો નષ્ટપ્રાયઃ ખંડેર બની ગયાં છે.

કંગાલ હિંદને આજ જરૂર છે તે બેડોળ લગ્નોની નહિ, ઠીંગણી પ્રજોત્પત્તિની નહિ; પરંતુ કદાવર નૈષ્ઠિક બ્રહ્મચારીઓવાળી જબ્બર જમાતની; તેમની ખડતલ શક્તિઓના નિષ્કામ હોમની.

અને તે જ દહાડે આ પતિત ખંડનો જયવારો છે.

દેશળજી પરમાર



ઉપાસના સાધના કે સ્વાધ્યાય, સંયમ યુદ્ધ કે સંન્યાસ, એ શબ્દોનું માત્ર ઉચ્ચારણ કરી બેસી રહેનારનાં જીવનમાં કશી જ ફલસિદ્ધિ હોતી નથી. એ શબ્દોમાં રહેલું સામર્થ્ય તો તેઓ જ સમજી શકે છે, જેઓ પોતાની જાતને કઠોર કાર્યક્રમમાં જોડી દે છે. કઠોર કાર્યક્રમમાં પ્રેમ કરનારા કઇ આશાથી, કઈ શ્રદ્ધાથી જીવન ખેડી શકતા હશે એ જ વાતની ઘણાને તો નવાઇ લાગે છે.

અમારા જીવનમાં અમે જે સ્થિતિ અનુભવી તે સ્થિતિ હવે નથી. તમે જ્યારે મોટા થશો ત્યારે દેશમાં શાંતિ નહિ હોય. તમે અત્યારે આનંદમય જીવન ગાળો છો, હવે પછીનો જમાનો અશાંતિનો આવશે. હું આજે તે સંબંધે ન કહું તો શું કહું? હું જે જમાનાની આગાહી કરૂં છું તેવો જમાનો અમારે લાવવો જોઇતો હતો. પણ અમારી અશક્તિને લીધે એ ન બન્યું. વિચાર પ્રમાણે આચાર કરવાની શક્તિ ન હોવાથી કામ જરા દૂર ગયું. છતાં અમે તો નિરાશ નથી થયા. તમારે એ જમાનાને પહોંચી વળવું પડશે. તમે નાસી ન શકો એવી સ્થિતિ હશે. વિનાશ વહોરવાની સ્થિતિ આવશે. આજે તમે જે કેળવણી લો છો તેમાં હું એક જ વાત કહું છું. જે વિચાર સારા છે તેને અમલમાં મુકવાની ધગશ અને દઢતા તમારામાં નહિ હોય તો બધું એળે જશે. આથી જ હું કહું છું. આજથી એવો સંકલ્પ કરી, મૃદુમુકુલ-સંસ્કાર છતાં કઠોર અને ઉન્નત છતાં કષ્ટમય એવા જીવનને સમજી તેને લાયક બનવા ચારિત્ર્ય કેળવો. એને માટે જેવા વિચાર તેવા આચાર કેળવો.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

આરામપ્રેમી જુવાનો કે વિદ્યાર્થીઓ કઠોર કાર્યક્રમમાં શુષ્કતા, નીરસતા અને જડતાનો આરોપ કરવા ચુકતા નથી. પણ તેઓ નથી જાણતા કે વિચારની વિમળતા, હૃદયની વિશુદ્ધિ અને દેહની પવિત્રતા એ ત્રણ ગુણોના પાયા પર દરેક ઉચ્ચ કાર્યનું મંડાણ હોય છે. આ ત્રણ ગુણોનો જ જ્યાં ઉપહાસ થતો દેખાય ત્યાં જીવનનો ક્રમ અધોગતિ તરફ વળતો હે.વાનો પુરો સંભવ છે.

તમારી ખાનગી વાત : ચોંકાવનારી હકીકત

મને મારા એક મિત્ર ચેતવણી આપે છે કે હાલ લોકો ધર્મ અને ખાનપાન માટે જેટલી બીજાઓની ખાંખદ રાખે છે એટલી જ તેમના ગુપ્ત ચરિત્રની તરફ બેપરવાઇ બતાવે છે. સારાં ઘરોમાં છોકરાંઓની નાહાની તરફ માબાપોની નજર સુદ્ધાં જતી નથી.

શાળાઓ અને બોર્ડિંગના વિદ્યાર્થીઓનાં ખાનગી ચારિત્ર્યમાં એટલો બધો ગોટાળો જણાયો છે કે તેનું પ્રમાણ તે ભાઇ જણાવે છે તેમ ૭૦ ટકા સુધીનું આવે છે!

આ ચોંકાવનારી બાબત પર તાત્કાલિક વિચારો અને ઈલાજ નહિ લેવામાં આવે તો, આવતી પ્રજાનાં સુંદર પુષ્પ ખીલે એવા કુમારો કળીની અવસ્થામાંથી મલિન ચારિત્ર્યમાં રગદોળાઇ અકાળે ખાનગી રોગો અને વિષથી પણ ભયંકર દર્દોને શરણે જીવતર ધુળભેગું કરી દેશે.

જે મિત્ર આ હકીકત જણાવે છે તેણે અનેક કુમારોના ગાઢ પરિચય અને વિશ્વાસ મેળવી તેમની દુ:ખદ કથાઓ જાણી છે, અને પોતે અત્યંત દયાર્દ્ર થઇ આ બાબતમાં એકદમ સચોટ અને ઉગ્ર પ્રયોગો કરી તેમને બચાવી લેવા તૈયાર થયા છે.

આ 'ખાનગી' અને 'ગુપ્ત' શબ્દની પાછળ શું છે? આપણા વડીલો અને સગાંવહાલાંએ એ શબ્દોની અંદર એટલો તો મરીમસાલો નાખી ભરમ ઉભો કર્યો છે કે દરેક બાળક એ 'ખાનગી'માં ડોકિયું કરવા કંઈક જાણી લેવા ઇંતેજાર બને છે. અને જ્યારે મુરબ્બીઓ તરફથી માત્ર નાકે આંગળી લગાડી ઇશારતથી ચુપ રહેવાનું ફરમાન થાય છે ત્યારે તો તેમની તે ઈચ્છા વધુવધુ તીવ્ર બને છે.

અમે માનીએ છીએ કે આ પડદો જેમ બને તેમ જલદી ઉડાવી દેવો જોઇએ; અને જે 'ગુપ્ત' તથા 'ખાનગી' ગણાય છે તે બાબતો પર સ્પષ્ટ શબ્દોમાં સાચું જ્ઞાન આપી તેમને યોગ્ય નિયમો અને માર્ગો સમજાવવા જોઇએ.

માબાપો અને શિક્ષકો આ વિષય છેડતાં શરમાય છે–આંચકો ખાય છે. એ વિશેનું સાહિત્ય પણ તેઓ ઘરમાં આવવા દેતા નથી. છતાં 'વીર્ય' 'ધાતુ' 'કામ' 'ગર્ભ' 'લગ્ન' વગેરે શબ્દો તો ચારેકોર ચાંચડ મચ્છરના જેટલા જ વપરાતા દેખાય છે. પશુ–પ્રાણીઓના જન્મ થતાં તો સૌ જુએ છે, અને તેમની બીજી યે અનેક સ્થિતિ રસ્તે જતાંઆવતાં કોઇ ઢાંકી શકે છે? છતાં એ બાબતના ખુલાસા વખતે સૌ આંખમીચામણાં કરે ત્યારે અજ્ઞાન અબુધ પ્રજા પોતાની રીતે તે પર વિચારો કરે, અથવા મૂર્ખ કે દુષ્ટ મિત્રો, નોકરો કે સગાંઓ પાસેથી બુરી ચેષ્ટાઓ ખાનગી રીતે જાણે અને શીખે એ અસંભવિત નથી. પછી તો એમાંથી

કુટેવો અને દુઃખો જ ઉભાં થાય અને જીંદગીની બરબાદી શરૂ થાય.

ઘણાં માબાપો છોકરાઓને 'પાક' ખવડાવે છે, પૌષ્ટિક દવાઓ આપે છે, છતાં તેમનામાં શૌર્ય, આશા કે ઉત્સાહ આવતાં નથી. આથી તેઓ નિરાશ બને છે, પણ ખરી બાજુ પર નજર કરવા કોઇ હામ ધરતું નથી એ કેટલું દુઃખકર છે!

આ વિષયમાં અમે સૌ વાંચનારાને અંતઃકરણથી ભાગ લેવા વીનવીએ છીએ. જેઓ આ વિષે પોતાનો મત, ચર્ચા કે ખુલાસા મોકલશે તેઓ અમારા કાર્યમાં મોટી મદદકરતા બનશે. કોઇની અંગત વાત કે સ્થિતિ સંપૂર્ણપણે ગુપ્ત રાખવા ઇશ્વરની સાક્ષીએ વચન આપીએ છીએ, એટલું જ નહિ પણ દુઃખી મિત્રોને બને ત્યાં સુધી સાચી સલાહ કે સહાય આપવા અમે બનતું કરીશું.

અમે માનીએ છીએ કે પ્રજામાં શરીરની રચનાનું જ્ઞાન સ્પષ્ટ શબ્દોમાં અપાવું જોઇએ, અવયવોના અકાળ દુરૂપયોગથી થતી ભયંકર હાનીઓ વિષે ચેતવણી આપી દેવી જોઇએ, અને જેઓએ અપવિત્ર ટેવોથી જીંદગીને બરબાદીની ખાડમાં ઝીકી હોય તેમને ઉગારવા ખરી દાઝવાળા મુરબ્બીઓએ વેળાસર આગળ આવવું જોઇએ.

બે સંદેશ

હિંદનાં સાત લાખ ગામડાંમાં સાત હજાર રેલવે સ્ટેશનો છે. આપણે આ સાત હજાર ગામડાંના મનુષ્યોને નથી ઓળખતા. રેલવેથી દૂર રહેલા ગામડિયાઓની સ્થિતિનો ખ્યાલ તો આપણને માત્ર ઇતિહાસ વાંચીને જ આવી શકે છે. દૂરનું કોઈ ગામ શોધીને તમે ત્યાં હવે પછીની રજા ગાળશો તો તમે જાતે મારા વચનનું સત્ય અનુભવશો. લોકોને તમે નિસ્તેજ અને ભયભીત જોશો. ત્યાં તમે ખંડેરો જોશો. ત્યાં તમે આરોગ્યના નિયમોનો ભંગ જોશો. ત્યાં તમે પશુઓની સ્થિતિ દયામણી જોશો. એમ છતાં ત્યાં તમે આળસ જોશો. રેંટિયાનાં સ્મરણ લોકોને હશે, પણ રેંટિયાની કે કંઈપણ ઉદ્યમની વાત લોકોને નહિ ભાવે. તેઓએ આશા છોડી છે. તેઓ મરવાને વાંકે જીવે છે. તમે પોતે રેંટિયો ચલાવો ત્યારે જ તેઓ ચલાવે. ત્રણસેંની વસ્તીના ગામમાં સો જણ રેંટિયો ચલાવે તો યે ત્યાં ઓછામાં ઓછી રૂ. ૧૮૦૦ની આવક વધે. આટલી આવક ઉપર તમે પ્રત્યેક ગામની સુધરાઇનો પાયો ચણી શકો છો. આ કામ કહી જવામાં સહેલું લાગે છે, પણ કરવામાં મુશ્કેલ લાગે છે. શ્રદ્ધા આગળ તે સહેલું થઈ પડશે. 'હું એક અને લાખ ગામને કેમ પહોંચું?' એવો ખોટો અભિમાની નિરાશીનો દાખલો ન ગણશો. તમે એકલા એક જ ગામમાં આસનબદ્ધ થઇને બેસી જશો તો બીજા બધાનું તેમ જ થશે એવો વિશ્વાસ રાખી કામ લેશો ત્યારે જ દેશોન્નતિ થશે.

શુભ પ્રયત્ન કદિ ફોકટ જતો નથી, અને મનુષ્યની સફળતા કેવળ તેના શુભ પ્રયત્નમાં જ રહેલી છે. પરિણામનો સ્વામી તો એક ઇશ્વર જ છે. સંખ્યાબળની ઉપર તો બીકણો નાચે. આત્મબળવાળા એકલા ઝુઝે. આ વિદ્યાપીઠમાં આપણે આત્મબળ કેળવવા એકઠા થયા છીએ; તેમાં ભલે એક સાથી હો કે અનેક. આત્મબળ એ જ ખરૂં બળ છે. એ બળ તપશ્ચર્યા, ત્યાગ, દ્રઢતા, શ્રદ્ધા, નમ્રતા વિના આવતું નથી એ ખચીત માનજો.

—ગાંધીજી

[ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને નવા સત્રારંભે સંદેશ.]

જે શીખવાનું છે તે તમે શીખી લીધું? સાચું અને ઉપયોગી જ્ઞાન મેળવતા રહેવાની લાયકાત કેળવી? તમે ઉંચા આદર્શો કેળવ્યા? વાણી અને વર્તનને સદ્વિચાર થતા શુદ્ધ વિવેકને અધીન રહેતાં કર્યાં? વિલાસ વૈભવનો ત્યાગ કરી તેને ભુલવાની, તેને દોઢ ગાઉ દૂર રાખવાની, અને કેવળ સેવાધર્મ સિવાય બીજા એક પણ મનોરથ વિનાનું સાદું જીવન ગાળવાની તાલીમ તમે લીધી? તમને આજે લાગે છે કે ગરીબ અને કચરાએલાં તથા નિરક્ષર એવાં સૌ ધર્મનાં અને જાતિનાં ભાઇબહેનો તમારાં માજણ્યાં ભાઇબહેનો છે? તેમની ભૂખતરશ, તેમની આધિવ્યાધિ, તેમનું અજ્ઞાન, તેમનાં દુઃખ જોઇને તમારાં માજણ્યાં ભાઇભાંડુની મર્મવેદનાથી જેમ તમારૂં હૈયું ઉછળે તેમ ઉછળે છે?

અજ્ઞાન અને ગરીબીમાં શરમ નથી. તમારૂં ચારિત્ર શુદ્ધ અને ઉમદા હશે તો તમે સૌના કરતાં વધારે શોભશો. આ માટે વર્તન માત્રનું મુળ જે વિચાર, તે નિર્મળ રાખવાનો પ્રયત્ન કરજો. આપણા વિચાર ક્ષણજીવી કહેવાય છે. છતાં તેની જ ભારે ચોકીદારી રાખવાની છે. હિંસ્ર પશુઓ અને અસુરો આપણી અંદર જ બેઠેલા છે, જેઓ આંતરસુવ્યવસ્થા અને વિવેકના રાજ્યને ઉંધું વાળવાને સતત મથે છે. તેમને કદિ નમતું આપશો નહિ. દરેક અનિષ્ટ વિચાર ઝેરનો અખુટ ઝરો છે. એકમાંથી અનેક નીપજે છે અને આત્માની બાજી ભારે કઠણ થઇ પડે છે.


તમારી બુદ્ધિની સાથે સાથે તમારા હાથ વાપરવાની શક્તિને તમે અણવપરાએલી રહેવા દેશો તો એ કટાઇ જવાનો સંભવ છે. શારીરિક શ્રમ બુદ્ધિને કૌવત આપનાર મહા ઔષધિ છે. તે વિના મન રોગી અને અનુત્પાદિક પ્રવૃત્તિમાં ખેંચાવાનો સંભવ છે. ખાસ કરીને આ વાત આપણા યુવકોને માટે સાચી છે. પ્રતિદિન ઓછામાં ઓછું એક કલાક કઠણ હાથકામ કર્યા વિના રહેશો નહિ. જ્યાં તમારા ધંધાને અંગે જરૂર હોય ત્યાં વધારે કરજો.

ચ. રાજગોપાલાચાર્ય

[બિહાર વિદ્યાપીઠના પદવીદાન પ્રસંગે વિદ્યાર્થીઓને સંદેશ.]

યૌવનમાં  ભરી દે!

: મરાઠી સાખી અથવા માઢની ધૂન :



સહસ્ર કિરણે સુરજ પ્રગટે
ચેતન આ ચોમેર;
આભામંડળ પ્રભા પાથરી
એક કિરણ રવિદેવ ! . .
મારા યૌવનમાં ભરી દે:
યૌવન તેજોમય કરી દે:

સહસ્ર કળાએ શરદ પુનમનો
ચન્દ્ર ચડે આકાશ;
શીતળતાના સાગર ! મારે
એક કળાની આશ . . .
મારા યૌવનમાં ભરી દે :
યૌવન કળાયલ કરી દે.

સહસ્ર પાંખડી ખીલવીખીલવી
—પીમળભર પ્રત્યેક—
સુહાય પંકજ સરવર કંઠે;
એક પાંખડી એક . . .
મારા યૌવનમાં ભરી દે :
યૌવન સૌરભમય કરી દે.



સહસ્ર ધારથી વાદળી વરસે
સૌમ્ય સુધારસ પાન;
આપ આપ, ઓ હૈયાકુમળી!
એક બિન્દુનું દાન . . .
મારા યૌવનમાં ભરી દે :
યૌવન અમૃતમય કરી દે.


સુ. ડા. પાટડિયા

ઉગતી પ્રજાનો દોસ્ત

ડૅન બીઅર્ડ

"ડૅનિયલ કાર્ટર બીઅર્ડ, લેખક, કલાકાર, વનવિહારી-જંગલજીવન ગાળનાર-અને 'ડૅનિયલ બૂનના બચ્ચા' તથા 'મોવડી કુમારો' (બૉય પાયોનીઅર્સ) નામની સંસ્થાઓ સ્થાપીને અમેરિકામાં વનવિહારની પ્રથા દાખલ કરનાર આદ્ય પુરુષ, ઑનરરી વાઈસ પ્રેસિડન્ટ, નૅશનલ સ્કાઉટ કમિશ્નર, નૅશનલ કોર્ટ ઑફ ઑનરના પ્રમુખ, અમેરિકાના બૉય સ્કાઉટની કાર્યવાહક સમિતિના સભાસદ,—જેનાં ડહાપણ, બુદ્ધિ, કીર્તિ અને અનુભવ એ સંસ્થાના બંધારણમાં સ્તંભ સમાં છે, એમણે ઉગતી પ્રજાના મોવડી તરીકે અમેરિકન યુવાનોનાં ચારિત્ર્ય ખીલવીને દેશના કુમારજીવનની બજાવેલી અગત્યની સેવા બદલ એમને 'સિલ્વર બફેલો'નું અકરામ નવાજિશ કરવામાં આવ્યું છે."

અમેરિકાના કુમારજીવનની અગત્યની સેવા (બૉય સ્કાઉટ સંસ્થાની અંદર અથવા બહાર-ગમે ત્યાં રહીને) કરનાર પાંચ મુખ્ય વ્યક્તિઓને તે ખિતાબ વરસોવરસ આપવાનું હમણાં જ ત્યાંના બૉય સ્કાઉટ મંડળે ઠરાવ્યું છે. આ શરૂઆતનું વર્ષ હોવાથી, અત્યાર સુધીમાં એવી સેવા કરનાર બાવીસ જણને, હમણાં ત્યાં ભરાએલી એ મંડળની સોળમી વાર્ષિક બેઠક પ્રસંગે, જગતભરના મુખ્ય સ્કાઉટ સર રૉબર્ટ બીડન પૉવેલને હાથે, નવાજવામાં આવ્યા હતા, જેમાં અમેરિકન કુમારોના માનીતા 'ડૅન કાકા' પણ હતા.



કાંઠે લટકતા મજબુત વેલાને પકડી જોરથી લાંબો હીંચકો ખાવાથી નદીનું પાણી ઓળંગી ઝાડ આગળ પહોંચાતું.

ડૅવિંગ્ટનની પાસે આવેલી લીક નદી જ્યારે પાણીના નવા પુરથી ઉભરાતી હોય છે, જ્યારે તેના તરંગો ઉછાળા મારી અવનવું ભયંકર તાંડવ કરતા હોય છે, જ્યારે તેમાં તરીને પાર ઉતરવું એ જીવના જોખમની જ વાત કહેવાય છે, ત્યારે કયા સાહસિક હૃદયને તેમાં પડવાનું મન ન થાય?

એક વખત આવતા પુરને જોતા કાંઠે ઉભેલા એક ખેડુતે બે છોકરાઓને નાના વહાણમાં બેસી નદીમાં ઝંપલાવતા જોયા; અને તેમનાં જીવનની આશા છોડી-તેમનાં શબ આગળ હાથ આવશે તેમ માની, તેણે નદીના મુખ તરફ ચાલવા માંડ્યું.

નદીની મધ્યમાં જોસથી વહેતા ધોધ તરફ બંને છોકરા પોતાની નાની બદામડીને હંકાર્યે જતા હતા. સાહસના ઉત્સાહ અને જોમથી તેમની આંખોમાં અનેરૂં તેજ ઝળકી રહ્યું હતું. જોતજોતામાં તો તેમની બદામડીએ ધોધમાં ઝંપલાવ્યું! ઉંચે ઉછળતાં સફેદ મોજાં ઘુઘવાટ કરતાં હતાં, તરતાં વૃક્ષો ને લાકડાં એકબીજા સાથે અફળાતાં ભયંકર કડાકા થતા હતા, અને તેથી ઉડતાં જલસીકરથી આકાશ છવાઇ જતું હતું. કુદરતના અપાર બળથી લાખ્ખો ટન પાણી

જોસથી ધસતું હતું અને તે જોસને તાબે થઇ મોટાં વૃક્ષો સમુળાં ઉખડી જતાં હતાં અને નદીની ભેખડો તુટી પડતી હતી. બદામડી ધોધના મધ્ય ભાગમાં આવતાં જ તોપના ગોળાની માફક આગળ ઉપડી. બદામડીની ચોમેર તરતાં લાકડાંથી હોડીને બચાવતા છોકરાઓ પોતાના સાહસના પરિણામનો વિચાર આવતાં સહેજ ડર્યા. તેમની આંખો ભય અને સાહસથી વિકસિત બની વિશેષ ચમકવા લાગી. મૃત્યુની પાંખે ચડી અનંતતા તરફ ઉડતા તેઓ દેખાયા. પણ, એકાએક, જાણે કંઇક ચમત્કારથી, હોડી પ્રવાહની એક બાજુ ખેંચાઇ, અને કોઇએ પકડી રાખી હોય તેમ ક્ષણભર ઉભી રહી, અને થોડીવાર પછી છોકરાઓને પાણીમાં ફેંકી અદૃશ્ય થઈ ગઇ !

ડૅન બીઅર્ડ જણાવે છે કે એ હોડીમાં તે પોતે તથા તેનો ભાઇ ટૅામ હતા, અને માત્ર ઇશ્વરકૃપાથી જ તેઓ તે પ્રસંગે બચ્યા. તેમની હોડી નદીની વચ્ચે ઉભેલા એક ઝાડના ઠુંઠામાં એવી તો પરોવાઇ ગઇ કે તેને તળીએ એક મોટું કાણું પડયું; અને તે બંને જણ કીનારા તરફ ફેંકાઇ ગયા. હજી પણ આજ સાઠસાઠ વર્ષની સાહસોભરી જીંદગી પછી પણ જ્યારે તે સાહસ પર વિચાર આવે છે ત્યારે શરીરે સ્વેદ વળી જાય છે, અને પાણીનાં મોજાંમાં અફળાએલાં હાડકાં હજુ પણ કળતાં લાગે છે ! મારા જીવનમાં હું ઘણા અકસ્માતોમાંથી બચ્યો છું, પણ મેં કદિ મોતને આટલું નજીક જોયું નથી.

આવાંઆવાં અનેક રસમય અને રોમાંચકારી સાહસોથી ડૅન બીઅર્ડનું જીવન ભરપુર છે, અને તેથી જ તે શહેરી જીવન કરતાં જંગલનિવાસ વિશેષ પસંદ કરે છે. તેણે પોતે તો પોતાનું જીવન આ જ રીતે પુરૂં કર્યું. પણ જે છોકરાઓ શહેરમાં વસતા હોઇ ગ્રામ્યજીવન અથવા જંગલનિવાસ વિષે કાંઇપણ જાણતા નથી, તેમનાં દિલમાં જંગલ, ખેતરો, ટેકરા-ટેકરી, નદીઓ અને ખુલ્લી જગ્યાના કુદરતી આનંદનો ખ્યાલ આપવા અને તે અણમોલા જીવનનો રસ ઉત્પન્ન કરવા, તેમનાં શરીર, જીવન અને ભાવનાને અમેરિકાના મુળ વીર નરો, કૅન્ટન, ક્રૂકેટ અને બૂન જેવાં પવિત્ર અને મજબુત બનાવવા માટે તેણે વાર્તાઓ લખી, ચિત્રો દોરી તથા બીજી અનેક પ્રવૃત્તિ કરી આખી જીંદગીભર ભગીરથ પ્રયત્ન કર્યો છે.

ડૅન બીઅર્ડનું બચપણ બૂન પ્રાન્તના કેન્ટુસ્કી પરગણામાં આવેલા કૅાવિંગટન ગામમાં વ્યતિત થયું હતું. આ નામોએ જ તેના જીવન પર અનેરી અસર કરી. વળી તેના પિતા પણ કેટલાક અમેરિકન રાજ્યના સંચાલકોનાં કુટુંબો સાથે સારો સંબંધ ધરાવતા હતા. કૅાવિંગ્ટનની એક બાજુ મોટું જંગલ આવેલું હતું; અમેરિકામાં નવી વસાહતોના ચીલા પાડનાર અને નાનાં રાજ્ય સ્થાપનાર સાહસિક ને ચારિત્ર્ય-શાળી કેન્ટુસ્કી અને બૂન જેવા વીર નરોએ પોતાનું જીવન પસાર કરી તેને સુપ્રસિદ્ધ બનાવ્યું હતું; વળી એ જંગલની બાજુમાં પ્રથમથી આવી વસેલ કેટલાંક કુટુંબોનાં મકાન હતાં, અને તેમના છોકરાઓ સાથે ડૅન બીઅર્ડને મૈત્રી હોઇ, મહાન વીર નરોના પ્રસંગથી પુનિત થએલ એ જંગલમાં રખડવાનો તેને વિશેષ લાભ મળતો. આને પરિણામે તે નાનપણમાં જ બંદુક ફોડતાં, પગીરૂં કાઢતાં, જંગલનાં સાહસો ખેડતાં ને જંગલી માણસોની ભાષા બોલતાં શીખ્યો અને જંગલ-નિવાસને માટે યોગ્ય અને જરૂરી એવા અનેક હાથ-કસબમાં તે પ્રવીણ થયો.

તેણે અને તેના બાલમિત્રોએ કૅન્ટન, ક્રૂકેટ અને બૂન જેવા અમેરિકન રાજ્યના આદ્ય સંસ્થાપકોને આદર્શરૂપ ગણી તેમની વીરપૂજા શરૂ કરી અને તેમને પગલેપગલે ચાલી પોતાનું ચારિત્ર્ય ઘડવું શરૂ કર્યું. પોતાની ટુકડીનું નામ તેમણે 'બૂન સ્કાઉટ્સ' રાખ્યું અને લીક નદીની અંદર ઉગેલા એક ઝાડની મોટી બખોલને પોતાના મથક તરીકે પસંદ કરી. નદીની અંદર આવેલ એ મથકે પહોંચવાનો એક જ માર્ગ હતો : કાંઠે લટકતા એક મજબુત વેલાને પકડી જોરથી લાંબો હીંચકો ખાવાથી નદીનું પાણી ઓળંગી જવાતું અને ઝાડ આગળ પહોંચાતું. આ સંકેતસ્થાન-માં તેઓ તરવાનું, બાણ બનાવવાનું, ફરશી ફેંકવાનું અને જંગલી જનાવરોનાં પગલાં ઓળખવાનું શીખતા. કેટલીકવાર તો પોતાની હસ્તકળાથી અને જંગલનિવાસથી તેઓ પાડોશનાં ગામનાં માણસોની કલ્પનાશક્તિને ધ્રુજાવી નાખતા. એક વખત ડૅન બીઅર્ડે ગામની નજીકમાં નદીના કાંઠા પાસે પોતાના હાથથી રીંછનાં એવાં તો મોટાં અને આબેહુબ

પગલાં બનાવ્યાં કે અનુભવી શીકારીઓ પણ ભુલ ખાઇ ગયા. ગામનાં માણસો ડરી ગયાં અને તે કાલ્પનિક મોટા રીંછની વાતોથી આખું પરગણું ખળભળી ઉઠ્યું. મહીનાઓ સુધી ગામના શીકારીઓ આ રીંછની શોધમાં નિષ્ફળ રખડ્યા !

આ બનાવ પછી થોડે જ સમયે અમેરિકામાં આન્તર્વિપ્લવ સળગ્યો. બધા સશક્ત મનુષ્યો યૂનિયન અથવા કોન્ફિડરેટ લશ્કરમાં જોડાયા. ડૅન બીઅર્ડના કુટુંબનાં બધાં માણસો યૂનિયન પક્ષમાં જોડાયા, જ્યારે તેના પિત્રાઇઓએ સામો પક્ષ સ્વીકાર્યો. આ સમયે ડૅન બીઅર્ડની ઉમર માત્ર બાર વર્ષની હતી. આ યુદ્ધમાં એક સમય એવો પણ આવેલો કે ગામની સામસામી બે બાજુઓ બે લશ્કરોએ કબજે કરી હતી. લશ્કરની ખાઇઓ છેક લીક નદીના કાંઠા પર જ આવેલી હતી. પણ તરવાના રસિયા ડૅન અને તેના મિત્રો ચુપકીથી ચોકીપહેરો વટાવીને પણ ઉપડી જતા. કેટલીક વાર તો આ છોકરા લડાઈ જોવાના કુતૂહલથી ખાઇઓમાં ધુસી જતા ! ત્યાંથી તેમને બોચીએ ઝાલી બહાર કાઢવામાં આવતા અને ઘાયલ થએલાંની માવજત માટે દવાખાનામાં મોકલી આપવામાં આવતા.



અમેરિકન જુવાનોનો માનીતો મોવડી
ડૅનિયલ કાર્ટર બીઅર્ડ

આવું નાનપણ ગાળેલા ડૅન બીઅર્ડને લાગ્યું કે ખુલ્લા કુદરતી જીવનનો પવિત્ર આનંદ ઉગતી પ્રજા સમક્ષ મુકવો જોઇએ. આથી જ તેણે વખતોવખત પ્રજા આગળ અમેરિકાના આદ્ય વસાહતીઓની સાહસભરી વાતો બહાર પાડી તે વીર પુરુષોને કીર્તિમંડપમાં અમર કર્યા છે. ડૅનને પહેલાં તો પશ્ચિમ તરફ મોકલવાની તૈયારી થએલી, પણ તે તેણે સ્વીકારી નહિ. પણ પછીથી ડૅને સિવિલ એન્જીનિયર તરીકે પોતાના જીવનની શરૂઆત કરી. તે દરમ્યાન દેશના નકશા કરવાને નિમિત્તે તેને ઘણી મુસાફરીઓ કરવી પડી અને કેટલાંક જંગલોના તેણે વિગતવાર નકશા બનાવ્યા. અત્યારે તો એ જંગલોને ઠેકાણે સમૃદ્ધ શહેરો વસી ગયાં છે. આ કામનો રસ પુરો કરી ડૅન ન્યૂ યૉર્ક ગયો. પણ ત્યાં પગ મુકતાં જ તેને પશ્ચાત્તાપ થયો કે તે સ્થળ તેને લાયક નહોતું. તે દક્ષિણ પ્રાંતનો વતની હતો અને કોઈતરફથી હેતુસર અપમાન થાય તે જરા પણ સાંખી લે એવો નહોતો; એટલે ન્યૂ યૉર્કના વસવાટના પહેલા ત્રણ જ કલાકમાં તેને ત્રણ વાર મારામારી કરવી પડી !

કુદરતને ખોળે ઉછરેલ ડૅન બીઅર્ડને ન્યૂ યૉર્ક જેવા શહેરમાં કયાંથી ગમે ? તેને તો આ શહેર વિવેકશૂન્ય લાગ્યું. બાળકોને રમવા અથવા ફરવા માટે જ્યાં બીલકુલ જગ્યા જ નહિ ! 'છોકરાં ને કુતરાંને આવવાની મનાઇ છે' આવાં સૂચીપત્રો કેટલેક સ્થળે જોઇ તેના ક્રોધનો પાર ન રહ્યો.

પણ પાછળથી તેને લાગ્યું કે પોતાને ખરૂં કાર્ય કરવું હોય તો આ જ ક્ષેત્ર યોગ્ય છે. અહોરાત્ર સ્વાર્થી પ્રવૃત્તિથી ગાજતા અને બાળકો માટે દયાવિહોણા આ શહેરમાં પોતે આવ્યો તે ઠીક થયું છે એમ તેનું અંતર પોકારવા લાગ્યું. શહેરની ગમે તેવી ધમાલમાંથી પણ અવકાશ મેળવી, શહેર બહાર અથવા કોઇપણ ખુલ્લી જગ્યામાં જઇ, છોકરાં કુદરતનો આનંદ મેળવતાં શીખે તેવા પ્રયત્ન કરવા તેણે નિશ્ચય કર્યો, અને તે માટે તેણે 'ધી અમેરિકન બૉય્ઝ હૅન્ડી બુક' નામનું પુસ્તક લખ્યું. તેનાં ચિત્રો પણ તેણે જાતે જ દોર્યાં. આ પુસ્તક થોડા જ સમયમાં અતિશય ખ્યાતિ પામ્યું.

હમણાં તેનાં જે પુસ્તકો પુષ્કળ લોકપ્રિય થઇ પડેલાં છે તે લખવાં તેણે શરૂ કર્યાં તે પહેલાં તેણે દોરેલાં કેટલાંક ચિત્રો જોઇ ન્યૂ યૉર્કના એક તંત્રીને લાગ્યું

કે ડૅન ભવિષ્યમાં સારો ચિત્રકાર થઇ શકશે. તે બાબત પર તેણે ડૅનનું પણ ધ્યાન ખેંચ્યું. એ પરથી ડૅને ચાર વર્ષ સુધી રાત્રેરાત્રે આર્ટ સ્ટુડન્ટ્સ લીગમાં જઇ ચિત્રકળાનો અભ્યાસ શરૂ કર્યો, અને દિવસના ભાગમાં અનેક પુસ્તકો માટે ચિત્રો દોરવાનો ધંધો ચાલુ રાખ્યો. આમ ઘણા જુજ સમયમાં તેણે સારી ખ્યાતિ મેળવી. એ સમયે ફોટોગ્રાફીની શરૂઆત નહોતી થઇ તેથી તેને છાપાં માટે પણ ચિત્રો દોરવા બોલાવવામાં આવતો. ત્યાં તેને ઘણું જ તાત્કાલિક કામ કરી આપવું પડતું. ધીમેધીમે એક સારા ચિત્રકાર તરીકેની તેની કીર્તિ ફેલાઇ અને તેનાં ચિત્રો એટલા બધાં લોકપ્રિય થઇ પડ્યાં કે દરેક ગ્રંથકર્તા પોતાના પુસ્તકનાં ચિત્રો તેની જ પાસે દોરાવવાનો આગ્રહ રાખવા લાગ્યો. માર્ક ટ્વેન જેવા લેખકે પણ પોતાનાં ‘ ઇનસન્ટ એબ્રોડ ’ અને ‘ ટૉમ સોઅર ’નાં ચિત્રો તેની પાસે દોરાવવાનો ખાસ આગ્રહ રાખ્યો. ખ્યાતિ જામતાં તેનું મકાન ગ્રંથકારો અને ચિત્રકારોથી ઉભરાવા લાગ્યું; તેની સલાહ અને સુચના મેળવવા માટે સૌ ઉત્સુક રહેતા.

એક બાજુ જ્યારે તે માર્ક ટ્વેનનાં પુસ્તકો માટે ચિત્રો દોરવામાં ગુંથાયો હતો, ત્યારે બીજી બાજુ તેનું મન પોતાના દેશના હજારો—લાખ્ખો જીવતા છોકરાઓનાં જીવન વિષે વિચાર કર્યા કરતું હતું. દરેક ક્ષણે તે ન્યૂ યૉર્કના રસ્તામાં રમતા છોકરાઓનાં જીવનને પોતાના નાનપણનાં અનેક સાહસોથી ભરપુર જીવન સાથે સરખાવ્યા કરતો. તેમને માટે શુંનું શું કરી નાખું એમ તેનું મન ઝંખી રહ્યું હતું. તેને ક્યાં ય જંપ નહોતો વળતો. અંતે પોતાનાં પુસ્તકોનાં અને ચિત્રકામનાં દબાણમાંથી થોડો થોડો સમય બચાવી તેણે છોકરાઓ માટે પહેલું ઉપયોગી પુસ્તક બહાર પાડ્યું: ‘અમેરિકન બૉય્ઝ હૅન્ડી બુક.’ જોતજોતામાં તો અમેરિકાને ચારે ખુણે એ પ્રસરી ગયું. કોઇપણ છોકરો એવો ન મળે કે જેણે એ પુસ્તક વાંચ્યું ન હોય. બીઅર્ડને પોતાને પણ તે આટલી ખ્યાતિ પામશે એવો ખ્યાલ નહોતો. દેશના દરેક છોકરાએ તે વાંચીને ડૅન બીઅર્ડને પોતાનો મિત્ર અને સલાહકાર માની લીધો. દેશને ખુણે-ખાંચરેથી તેના પર અનેક ખુલાસા પુછતા હજારો પત્રોનો ઢગલો થવા લાગ્યો. તેને જોવા અથવા તેની સલાહ લેવા અનેક છોકરાઓ દૂરદેશાવરથી પગે ચાલી કે સાઇકલે ચડી તેને ત્યાં આવવા લાગ્યા.

દેખાવમાં તો તે ભેંશો ચારનાર ભરવાડ જેવો લાગતો, પણ વાતો કરતાં કોઇ મોટી ઉમરના અંગત મિત્ર જેવો લાગતો. છોકરાઓને એની આગળ અંતરની વાત કરતાં બીલકુલ સંકોચ જ ન ઉપજે; અને પોતે અમેરિકાના એક સુપ્રસિદ્ધ ચિત્રકાર સાથે વાત કરે છે તેનું તો એમને સ્મરણ પણ ન રહે. દિનપ્રતિદિન તેનાં પુસ્તકો માટે માગણી વધવા માંડી. છોકરાઓ સાથે વાતો કરવામાં, અવનવા આનંદ કેમ ઉભા કરવા તે બનાવવામાં, તેમને રસ પડે તેવી વાતો ગોઠવવામાં તેને વિશેષ આનંદ પડવા મંડયો અને ચિત્રકાર તરીકેનું

અમેરિકાનો પ્રથમ પંક્તિનો ચિત્રકાર દાના ગિબ્સન ડૅન બીઅર્ડ વિષે લખે છે કે ‘ ડૅનની વાત કરવી એ મારે મન આનંદનો વિષય છે. આજથી ૫૦ વરસ પહેલાં ધંધાદારી ચિત્રકારોમાં મારે પ્રથમ તેની ઓળખાણ થઈ અને એ જ વખતે મારા પર તેની સરસ છાપ પડી. ત્યાર પછી જે જે ચિત્રકારો મને મળ્યા તે બધામાં એના જેવાં મર્દાનગી અને ખુશમિજાજ થોડાં પણ હોય એવું હું ઇચ્છું છું.

આવી છાપ બેસાડવા તે પોતે તો જરા યે દરકાર કરતા નથી. કોઈ પંખી જેમ ગાનમસ્ત રહે છે, તેવી જ રીતે એ પોતાની જીંદગી સંપૂર્ણ કુદરતીરીતે ગુજારે છે. સ્વચ્છ પવિત્ર જીવન અને સશક્ત તંદુરસ્તીની તે મૂર્તિ રૂપ છે. પચાસ વર્ષથી તેણે આ બાબતો આકર્ષક અને કુદરતી બનાવી દીધી છે, અને એથી જ તેનાં લખાણોની અસર થાય છે. તેની આ પ્રકૃતિ ચેપી છે. મને અને મારા ભાઇ લૅંગડનને તે જીવનનો ચેપ ચોંટયો છે. એ સમયના સેંકડો જુવાનોનો મારા જેવો જ અનુભવ છે. લગભગ અરધા સૈકાથી ડૅન બીઅર્ડ રોજરોજ નવી ચતુરાઈ અને મજાઓ શોધી કહાડી જુવાનોને સુંદર ચીજો, ઉપયોગી ધંધાઓ અને સાદી રમતો બતાવી રહ્યા છે.

ડૅનના સફેદ વાળ જોઈ કોઈ એને આધેડ વયનો ગણી લે, પણ તેના શરીરની અંદર તો અશ્રાન્ત જુવાનિયાનું જોમ ભર્યું છે અને તેની આંખની ચમક તો હજુ ઘણાં વર્ષો ટકી રહે એવી છે.

આટલાં વર્ષોના તેની જોડેના સંબંધ માટે હું મગરૂર છું, કારણકે તેના સહવાસથી અમે સૌ બહુ સુખ પામ્યા છીએ.’

કામ તેણે ધીમેધીમે પડતું મુક્યું. તે હમેશાં છોકરાઓથી જ ઘેરાએલો રહેવા લાગ્યો. તેમના વિના તે રહી શકતો નહિ. છોકરાઓ માટે તેનો ચાહ અપાર હતો. આખા પ્રાંતમાં એક પણ છોકરો એવો ન હોય કે જે તેનો મિત્ર નહિ. ડીલન વૉલેસ કહે છે તે પ્રમાણે તે અમેરિકાના છોકરાઓની સર્વ પ્રવૃત્તિનો ચાલક ને પ્રેરક હતો.

અવનવો આનંદ મેળવવાની દિનપ્રતિદિન વધતી જતી માગણીઓને પહોંચી વળવા માટે અંતે તેણે એક મોટી છાવણી રચી છે. ત્યાં આગળ હજારો છોકરાઓ જીંદગીની ખરેખરી મોજ માણી આવ્યા છે. 'ડૅનિયલ બૂનના બચ્ચા' એ નામની એક સંસ્થા પણ તેણે ઉભી કરી. તેમાં છોકરાઓને પોતાની બુદ્ધિ, શક્તિ અને હાથકસબવડે અનેક બનાવટો કરી આનંદ કેમ મેળવવો તેના રસ્તા તે બતાવવા લાગ્યો.

છોકરાઓમાં પ્રસરેલી તેની આ ખ્યાતિથી આકર્ષાઈ એના જેવી જ ભાવના વાળાં પણ તેના જેટલી શક્તિ ન હોય એવાં ઘણાં સ્ત્રીપુરુષો તેની સલાહ અને સહાય માટે તેને મળતાં; અને જ્યારે અમેરિકામાં બૉયસ્કાઉટ (કુમાર સેના) ની સ્થાપના થઇ ત્યારે તેને



વિધાત્રિ

: ઇન્દ્રવજ્ર :

ઇલા તણો હાથ ધરી કપાલે,
એણે ય દાબ્યો ધરી હોંસ વ્હાલે.
ને હું વદ્યો, "બ્હેન! કહે તું આજે
પુનઃ ફરી બોલ 'સુખી તું થાજે.'"

ઇલા તણો નિત્ય પ્રભાતલેખ,
મારે લલાટે જ લખાય એક;
મારી વિધાત્રિ દઇ હેતપુજ,
એ તો વદી આજ વળી નવું જ.

'પૃથ્વી તણા સુંદર ચોકમાં જો,
કેવાં ખીલે પુષ્પ નવાં સદા જો;
શબ્દાવલિ એ સમ રેખ કેવી,
રાત્રે વિધાત્રિ લખતી જ એવી.

કે આ રૂડી સાગરની સપાટી,
એને ગણી એક વિશાળ પાટી;
દોરે ભુંસે રોજ નવી જ રેખ,
એવા લખું કૈં ચળકંત લેખ?

કે રોજ રાત્રે સહુ વિશ્વ માટે,
તારાભરી વ્યોમ તણા લલાટે,
આંકે વિધાત્રિ તહીં દિવ્ય લેખ,
એવો લખું કૈં તુજ માટ એક?'

'એ સર્વથી યે વધુ દિવ્ય તારા,
ઓ બ્હેન મારે તુજ લેખ ન્યારા;
ને લેખથી યે તુજ વ્હાલ બોલ
એથી વળી અંતરમાં અમોલ.'

ઇલા તણો હાથ ધર્યો કપાલે,
એણે ય દાબ્યો ધરી હોંસ વ્હાલે;
ને એ વદી, 'ભાઇ! સુખી તું થાજે.'
પુનઃ વદી 'થાય સુખી તું આજે.'

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

સમસ્ત દેશનો સ્કાઉટ-કમિશ્નર નીમવામાં આવ્યો જેમાં તે ખંત, બુદ્ધિ, ચમત્કારિક પ્રયત્ન અને જાતપ્રભાવથી કામ કરવા લાગ્યો. તેના સીત્તેર વર્ષના અનુભવથી, તેના જંગલનિવાસના પ્રેમ અને જુસ્સાથી પ્રેરાઇ અનેક સ્ત્રીપુરુષોએ તેની જોડે નાતો બાંધ્યો. તેમાં અમેરિકાના સુપ્રસિદ્ધ પુરુષો, શોધકો, સાહસિકો, રાજપુરુષો અને બહાદુર શીકારીઓ છે. એ બધાની સલાહથી તેણે જંગલનિવાસ ફેલાવવા માટે 'કૅમ્પ-ફાયર કલબ' અને 'બક-સ્કિન મેન'નામની બે સંસ્થાઓની સ્થાપના કરી.


જીવનભરના પરિશ્રમથી થાકીને માણસ જયારે વૃદ્ધાવસ્થામાં આરામ લેવા ચાહે, તે સમયે—આજ ૭૪ વર્ષની ઉમરે પણ ડૅનનાં ઉત્સાહ અને કામ કરવાની શક્તિ તો યુવાન જેવાં જ છે. હજી આ ઉમરે પણ તે પુસ્તકો લખ્યે જ જાય છે. જંગલનિવાસનો કોઇ નવી જાતનો ક્રમ ઘડતાં તેનો ઉત્સાહ બાળકની માફક ઉછળી આવે છે. ઝુંપડી બાંધવી હોય, લાકડાં કાપવાં હોય કે એવા કોઈ કસબનું કામ હોય તો તે પ્રસંગે તે સૌથી પ્રથમ જ પોતાની બાંહ્યો ચડાવે છે. કોઇપણ ચીજ કાપવા અથવા છોલવા માટે તેનું

ચપ્પુ હમેશાં સજેલું હોય છે; તેનો જુસ્સો હમેશાં યુવાન જ છે.

થોડા જ સમય ઉપર તેણે આરામ લેવાને નિમિત્તે કેટલાક મિત્રોની સાથે કૅનેડિયન જંગલના કેટલા ય માઇલ શીકાર શોધવા ચાલી નાખ્યા. તે મુસાફરીમાં તેણે એક ઘણા જ સરસ જંગલી ગોધાનો શીકાર કર્યો.

લગભગ ચાળીસ વર્ષ સુધી ડૅન બીઅર્ડે પોતાના પ્રયત્ન, આકર્ષણ અને લેખોથી અમેરિકાની આજની નવી પ્રજામાં—જેઓ ગઈ કાલના છોકરા મટી આજના શહેરીઓ બન્યા છે તેમના હૃદયમાં—એક મિત્ર અને વીર તરીકેનું અદ્વિતીય સ્થાન ભોગવ્યું છે. ભૂતકાળની પ્રજા તરફથી લખતાં ડૅા. હૅાર્નડે લખે છે કે, ' તમે હજુ હયાત છો તે સાંભળીને અમે ખુશી થઇએ છીએ; અને તમારાં દર્શન થતાં અમે રોમાંચિત થઇએ છીએ. બની શકે એટલું જીવ્યે જાઓ. આ ધમાલિયા જગતમાં તમારી હજી બહુ જરૂર છે.

ગજાનન ઉ. ભટ્ટ



મા—અરે કનુ, મનુ કેમ રડે છે?

કનુ—એણે ખાડો કરીને કુવો બનાવ્યો છે, અને હવે કહે છે કે એને ઘરમાં લઇ ચાલ.

*

' ખબર છે? મારા બાપા શહેર આખામાં મોટામાં મોટા સંગીતશાસ્ત્રી છે.'

' બસ, એટલું જ ને? પણ મારા બાપા પોતાનું સંગીત શરૂ કરે છે ત્યારે સેંકડો માણસો કામકાજ છોડી દે છે.'

' એમ?'

' હા; એ મીલની વ્હિસલ વગાડનાર છે.'

*

છગન પિતાની આજ્ઞા પાળતાં શીખ્યો હતો. એક દિવસ તે ઉંચું જોઇ ઓસરીમાં ચાલતો હતો ત્યાં નીચે પડેલો પાણીનો લોટો તેના પગ સાથે અથડાવાથી ઢોળાઇ ગયો. એટલે એના બાપા કહે, ' જરા નીચું જોઇને હાલતો હો તો! એમ ઉંટની જેમ ઉંચું જોઇને શું ચાલે છે!'

સાંજે છગન નીચું જોઇને ચાલતો હતો. તેવામાં ઉપર ટીંગાતું ફાનસ તેના માથા સાથે અફળાવાથી નીચે પડી ગયું ને ફુટી ગયું! એટલે તેના બાપા કહે, 'જરા ઉંચું જોઇને ચાલતો હો તો! એમ ઘેટાંની માફક નીચું ઘાલી શું ચાલે છે?'

છગનને કઈ આજ્ઞા પ્રમાણે વર્તવું તે સુઝ્યું નહિ!

પાંચો રબારીનો છોકરો છે; તેનો જન્મ ગીરના નેસમાં થએલો. તેણે બાળપણનાં દસ વરસ ગીરમાં જ કાઢયાં. જ્યારે અગિયારમે વરસે તે તેના બાપ સાથે ગામ આવ્યો ત્યારે તેને આપણી સંસ્કૃતિનું ભાન નહોતું. ગામડે આવીને તેના બાપે તે સુતો હતો ત્યારે કાતર લઇને તેનું માથું બોડી નાખ્યું. પાંચો જાગ્યો ત્યારે ખંજવાળવા પોતાનો હાથ માથા પર મુકે ત્યાં માથું બોડું! એ જોઇ તે ભડક્યો!

' આહા! આહા!! તારા પાંસાને કોક લઇ ગીયું!'

' કાંઇ ગાંડો થીયોસ? તું જ મારો પાંસો ક ની?'

' ના ના! હું તારો પાંસો નઇ! પાંસાને માથે તો ઘેઘૂર મવાળા હતા, ને મારે માથે કાંઈ ક્યાં સે?'

*

હીરાનું ભણતર

: પ્રવેશ બીજો :

પાંસા પટલ, તમે જાણો કે હીરકો ભણીભણીને હોંશિયાર થાય સે ને સુધરે સે; પણ હું જાણું કે કાગડો હંસની હાલ્ય શીખવા જાતાં મુળગી પોતાની ભુલી જાય સે.

એટપીટ ડબડબ, એટપીટ બડબડ, એવું વાંસવું હોય તો તો કડકડાટ વાંચ્યે જાય; જાણે હોકો ગગડે સે. પણ આપણી હારે વાતું કરવા બેહે, તો તો ગળસવાં જ સાવવા મંડી પડે.

કાલ્ય ભાઈ ખેતર ફરવા આવ્યા'તા. ઘર કોરે પાસા વળ્યા અટલે મેં કયું કે ભાઇ ઘરે જઇને પોંધો * મોકલાવજો; ત્યારે ભાઇએ પુસ્યું કે કેટલા મજુર જોહે?! હી! હી હી! હી હી હી!

ભાઈ વળી ઘઉંની ઉંબીઓને શીંગું કીએસે, ને સણ્યાના પોપટાને ય શીંગું કીએસે.

એક દિ' મને કીયે કે ઓણ બાજરાનાં ડુંડાં આખાં ને આખાં બહાર નથી નીકળ્યાં! એને કહેવું'તું એમ કે અધ-નીંઘલ્યાં છે!

પાદર નીકળી હાંઢણી ને હારે હતું બોતડું. તો કીયે કે ઓલું ગદીડું કેવું કુદે સે!

તો ય ઇ બધું તો ઠીક. પણ ભાઇ પાડરૂને પણ વાસરડુ કઇ દીયે સે! ને 'ધણ આવી,' 'ઝાલર વાગ્યો'; હું તે કેટલાંક ગણાવું? ગધેડાનું બસું ખોલકું કહેવાય એટલી યે ભાન નઇ.


અંગરેસી બોલી ભણતાં આપણી દેશી બોલી હાવ ભુલી ગ્યા! બોલી ભુલ્યા ઇ તો ઠીક; પણ શરમે ય ભુલી ગ્યા! ઓંશરીમાં બે પાંસ માણાંહ બેઠા હોય તો ય વહુને ઘડ લઇને નામ દઇને બોલાવે!

તમારી તો એને કાંઇ ગણત્રી જ લાગતી નથી. તમને આંગળી સીંધી એના દોસ્તારે પુંસ્યું કે ઇ કોણ સે? તો કીયે ઈ તો મારૂં ફાધ્ધર સે! હેં પાંસાભાઇ, ફાધ્ધર કેતાં માણાંહ થાય ને?

' અક્કરભાઇ '

* પોંધો એ કોસનો વરત સાથે સંબંધ જોડવા વપરાતો કાણાંવાળો લાકડાનો બનાવાય છે ને તદ્દન નાનો હોય છે.





કોડ: ૧૯૮૨

બહેનો

ચિત્રકાર: કનુ દેસાઈ



સંગેમરમરના ખડકો વચ્ચે

વહેતી નર્મદા : ભેડાઘાટ-જબલપુર-આગળ

સંગમતીર્થ ભેડાઘાટ

આરસપહાણના ખડકો વચ્ચે નર્મદાનું અદ્દભુત સૌન્દર્ય

ઘેરૂં જ ગાય જહીં એ જળધોધ વારિ




સંગેમરમરના પહાડોમાં નર્મદા : જનોઇધારા આગળ

ગુજરાતની મહા નદી નર્મદાનું માહાત્મ્ય અપાર છે અને પુરાણ કાળથી અનેક સત્પુરુષો અને કવિઓ તેનાં સ્તવન કરતા આવ્યા છે, તેમાં જરા યે વધારેપડતું નથી. અનેક જમાના વીત્યા છતાં આજે પણ નર્મદાનો માર્ગ અમરકંટકના પહાડોમાંથી ઠેઠ ભરૂચ સુધી અનેક જાતના ચમત્કારિક, ભવ્ય દેખાવોથી ભરપુર છે. તેમાં યે જબ્બલપુર આગળના આરસના પહાડો કાપી આ પ્રબળ નદી જે અનેરી લીલા બતાવે છે તે તો દુનિયાઆખીના દેખાવોમાં એક અજબ દેખાવ જ કહી શકાય.

જબ્બલપુર હિંદુસ્તાનના બરોબર મધ્ય ભાગમાં આવેલું છે. રેલ રસ્તે મુંબાઇથી વીસ કલાકનો રસ્તો થાય. જબ્બલપુર સ્ટેશનથી નર્મદા નદી તેર માઈલ દૂર થાય છે, ને જ્યાં સંગેમરમરના પહાડો આવેલા છે એ જગ્યાને ભેડાઘાટ કહે છે. જબ્બલપુરની આ બાજુ મીરગંજ સ્ટેશન આવે છે. ત્યાંથી ભેડાઘાટ માત્ર ત્રણ માઇલ સીધે રસ્તે થાય છે, એટલે સામાનની પંચાત વિનાના મુસાફરો ત્યાં ઉતરી પડે છે અને એટલું ચાલી નાખે છે અથવા ગાડામાં મુસાફરી કરે છે.

ભેડાઘાટમાં ઉતરવાની સોઇ સહુ સરસ છે. રાજા ગોકુલદાસની સારી ધર્મશાળા છે; બે ડાક બંગલા પણ છે, પરંતુ તેમાં જણ દીઠ ચોવીસ કલાકનો દોઢ






રૂપિયો ભરવો પડે છે.

ભેડાઘાટ આગળ નર્મદાને બાણગંગા નામની નદી મળે છે તેથી તે સ્થાન પવિત્ર સંગમતીર્થ મનાઇ એટલા મુલકની તે જાત્રા ગણાય છે. દર કાર્તિકી પૂર્ણિમાએ ત્યાં મેળો ભરાય છે તેમાં ચાળીસ હજાર માણસોની મેદની થાય છે. ત્યાં થોડા પંડયાઓ પણ વસે છે અને જાત્રાળુઓ માટે બધી ગોઠવણ કરી આપે છે. રેસ્ટોરાં કે ડાક બંગલાની પેઠે તેઓ ફી માગતા નથી, પણ દક્ષિણાની આશા રાખે જ. એમની દક્ષિણા ભારે નથી પડતી.


આ સંગમ આગળ, ડાક બંગલાની બાજુમાં નજીકની ઉંચી ટેકરી પર ભૃગુઋષિનો આશ્રમ છે. આ આશ્રમમાં હાલ માધવાનંદ કરીને એક બંગાળી સાધુ રહે છે. તે આખો ય દિવસ તડકામાં બેસી એકતારો લઇ ભજન કર્યાં કરે છે. મે માસના સખત તાપમાં બે દિવસ સુધી અમે તેમને એ સ્થિતિમાં જોયા. તેમનું શરીર લાલ ત્રાંબા જેવું બની ગયું હતું. બપોરે બાર વાગ્યે બે બીલાં શેકીને તેનો ગર્ભ ખાઈ તે પર દિવસ કાઢે અને રાત્રે થોડો ભાત માત્ર ખાય. અમે તેમની સાથે વાતો કરી તો જણાયું કે સંસાર છોડ્યે તેમને ત્રીસ વર્ષ થયાં હતાં. તેઓએ અંગ્રેજીનો સારો અભ્યાસ કર્યો હતો અને સરકારી નોકરીમાં હતા, પણ તેમના એક એમ. એ. થએલા પ્રોફેસર સંન્યાસી થએલા તેમનો બોધ લાગતાં પોતે સાધુ બનેલા. હિંદુ ધર્મ માટે તેમને બહુ ધગશ હતી. લગભગ બાર વર્ષ સુધી તો તેમણે સ્ત્રીજાતિના વિચારો કાઢવા યત્ન કર્યો ત્યારે સિદ્ધિ પામ્યા. ઘણા સાહેબો અને પાદરીઓ તેમની આગળ આવી દુનિયામાં બહાર પડવા કહે છે, પણ તેમની નજર ક્ષણિક સુખો પર નથી. તે બહુ નિસ્પૃહ લાગ્યા. લાખો સાધુઓમાંથી કોઇ આવા પણ મળી આવે છે.

ભેડાઘાટ ગામના ગીરાસદાર મહંત ગુંસાઇ છે. મરાઠા કાળમાં ત્યાંના એ વખતના મહંત હરદેવપુરીને રઘુજી ભોંસલેએ ભેડાઘાટ દાનમાં આપી દીધેલું જે હજી એમ જ છે. માત્ર સરકારને પાંચ રૂપિયા ભરવા પડે છે. અત્યારના મહંતની બુરી લીલાઓ વિષે સાંભળીને અમે કષ્ટ પામ્યા હતા, પણ સંત માધવાનંદનાં દર્શનથી સંતોષ થયો. અહીં શંખજીરાનો પોચો પથ્થર પુષ્કળ મળે છે અને તેમાંથી ઘણી આકર્ષક વસ્તુઓ બને છે.

ભેડાઘાટ આગળ નદીનાં જળ ખડકોની વચ્ચે ઘેરાયાં છે, અને ઉંચા આરસની ભેખડો વચ્ચે ઉંડી



ભૃગુઋષિના આશ્રમમાં વસતા સંત માધવાનંદ



ટેકરી પર ચોસઠ જોગણીઓના મઠની વચ્ચેનું ગૌરીશંકરનું મંદિર .

પહોળી નહેરોની જેમ નાનાં ગુંચળાં કરતી નદી વહે છે, એટલે જાણે ઉંચા પહાડોની ગલીઓમાં જળમાર્ગ બની રહ્યો હોય એવું લાગે છે. નદીમાં ફરવા માટે અહીં હોડીઓ ભાડે મળે છે. જણ દીઠ આઠ આના પડે છે. મુસાફરો એટલા બધા આવે છે કે હોડી જઇને પાછી વળે એટલામાં ક્યાં ય પણ ઉભી રાખવાની મનાઇ કરવામાં આવે છે.

હોડીમાં બેસીએ છીએ તે ઘડીએ આપણે શું જોઇશું તેનો જરા યે ખ્યાલ થઇ શકતો નથી, કારણકે એટલામાં આસપાસમાં જેટલા આરસના ખડકો દેખાય છે તે બધા હવા ને ધુળથી કાળા થઇ ગએલા છે, એટલે એ પણ બીજા કાળા પથ્થર જેવા જ લાગે છે. પણ દસેક મિનિટ સુધી હોડી આગળ ગયા પછી તરત દુનિયાની અજાયબીભરી કુદરતી કરામતનો દેખાવ શરૂ થાય છે.



ભેડાઘાટ આગળ નર્મદા આરસની વિશાળ શેરીઓમાં ઉંડાં જળે વહી રહી છે. વચ્ચેવચ્ચે પચાસ ફુટની સાંકડી નહેરો બની રહી છે અને બંને બાજુ સો સો ફુટની ઉંચાઇની સંગેમરમરની દીવાલો, જાણે માખણના પિંડ ખડક્યા હોય એવી હૃદયને રતબ્ધ કરી દેતી ઉભી છે !

પહેલો જ વાંક વળતાં, વિશાળ ગોળાકારે, ચારે કોર, ઉંચી સીધી સપાટ આરસની ભેખડો, કોઇ મહેલ-ની ભીંતો હોય તેવી નજરે પડે છે. જાણે કોઇ રાજદરબારનો ચોક ! વળી સામે બે ઉંચી ભેખડો વચ્ચે આગળ જવાનો દરવાજો દેખાય. તેમાંથી હોડી ચાલે છે ત્યારે બે બાજુની ઉંચાઇ અને આરસની મુલાયમ સફેદાઇ જોઇ હૈયું ધબકવા જ માંડે છે ! આરસની આ ભેખડો સો સો ફુટ જેટલી ઉંચી છે, અને તેની વચ્ચે નદીનાં જળ તેટલાં જ કે વધુ ઉંડાં વહે છે. સામે પણ એવી જ ઉંચાઇવાળી દીવાલો દેખાય. પણ હોડી વાંક વળે એટલે બીજો મોટો ઘેરાવવાળો ચોક આવે. જાણે મોટી નાટકશાળા !

ફોટોગ્રાફો કે ચિત્રો આ આરસની શીલાઓના રંગની મૃદુતા કે ઉંચાઇની ભીષણતાનો ખ્યાલ આપવા અસમર્થ છે. કોઇ જનશૂન્ય નગરીને રાજમાર્ગે જતા હોઇએ એવું લાગે છે. ઉપર નજર કરીએ તો ખડકો માથે નમતા લાગે છે અને ભયની કંપારી છુટે છે.

આવા ચારપાંચ મોટા ચોક અને વચ્ચે પચાસ




ફુટની ગલીઓનાં જોડાણવાળા જળમાર્ગે મળી લગભગ દોઢએ માઇલનો પ્રવાસ થાય છે. ક્યાં યે પણ અટક્યા વિના જતાંઆવતાં એક કલાક થાય. ઘણે ઠેકાણે એવું મન થઇ જાય કે હોડી સ્થિર કરી શાંત પડયા રહીએ. પ્રભુની આ લીલા આગળ આપણું મન સહેજે શાંત અને નમ્ર બને છે, અને આપણી પામરતા સમજાય છે. વાસનાઓ તો આપોઆપ લય પામતી લાગે છે.

સાંજના આવી એક સફર કર્યા પછી સૌને તેનો એટલો રસ લાગ્યો કે રાત્રે ચાંદનીમાં ફરી વાર ત્યાં જવાનું નક્કી કર્યું. જમી પરવારી અમે દસ વાગ્યે નીકળ્યા. બેવડો દર આપી હોડી વધુ રોકવાનું નક્કી કરી લીધું હતું. દરેક હોડીમાં ચારચાર હલેસાં મારનારા હતા અને અમારી પંદર જણની મંડળી હતી.

પહાડોનું એકાંત, ચાંદની રાત, ઉંડાં જળ અને આરસની ગંભીર ઠંડી સફેદ ભેખડો—આ બધાંની વચ્ચે અમારી હોડીઓ શાંત સ્થિર કરી અમે કેટલીક મિનિટો સુધી ચુપકીદી પાળી ત્યારે એ દેખાવમાં રહેલ ભેદી અગમ્યતા અને ગમગીન સાંદર્ય અમને સમજાયાં. આસપાસ ઝાડ કે પંખી કે કશું ય

ધુંવાધાર
ભેડાઘાટ પાસેનો નર્મદાનો આ પ્રચંડ ધોધ ૩૦ ફુટની ઉંચાઇએથી પછડાય છે ત્યારે પાણીમાંથી ધુમસ ઉડતી લાગે છે એ પરથી તે ધુંવાધાર કહેવાય છે. ટનના ટન પાણી ચાળીસ માઇલની ઝડપે ચાલુ પડયા કરે છે.



(બાજુનું ચિત્ર)
ધુંવાધાર ધોધની સામેના ખડકો જ્યાં ઉભા રહીને ધોધ સારી રીતે નીરખી શકાય છે. આસપાસમાં બીજા નાના ધોધ પણ પડયા કરે છે, જેની નીચે ઉભા રહી નહાવાની ઓર મઝા પડે છે. કેટલેક ઠેકાણે ધોધની નીચેની પોલમાં ઉભા રહી શકાય છે.



ચોસઠ જોગણીઓમાં અનેક રૂપિણીઓ છે. આ કોઈ રોગની દેવી જણાય છે. એનો આખો આકાર ચીતરી ચડાવે એવો છે. એનાં સ્તન ઝેરથી ભરેલાં લાગે છે.



ચોસઠ જોગણીમાંની એક ખંડિત મૂર્તિ. હિંદી કળામાં સપ્રમાણતા ને દૈવી કળા કેટલાં સફળતાથી ઉતરી શકે છે તેનો આ નમુનો છે.



ખંડિત મૂર્તિઓના સુંદર ભાગો પણ કારીગીરીના નમુના છે.

નહિ ! જ્યાં જુઓ ત્યાં સફેદ ચોખ્ખો આરસ અફાટ ઉંચાઇ સુધી સીધી મોટી પાટોની પાટો રૂપે દેખાય. કોઇ માણસ આ દેખાવ જીંદગી સુધી ભુલી શકે નહિ. જેમને તક યા સાધન હોય તેમણે આ સ્થળે આવવા ચુકવું નહિ.

ભેડાઘાટ આગળ, આ ખડકોથી ઉપરના ભાગમાં નર્મદાના બે મોટા જળધોધ છે. એ પણ નર્મદાનું જોવા જેવું સ્વરૂપ છે. ધોધ આગળ પહોંચવાને પગરસ્તે દોઢ માઇલ સુધી ચાલીને જવું પડે છે. સાવ પાસે જઇએ ત્યાં સુધી ધોધ નજરે પડતા નથી. નદીના અનેક જોરદાર પ્રવાહો એક ઠેકાણે ભેગા થાય છે અને ત્યાં જમીનમાં ઉંડી ભાડ ખોદાઇ ગઇ છે. આ બધા ભાગમાં આરસ જ છે એટલે પ્રવાહોને લીધે તેમાં જાતજાતની ખાંચો, ગુંચળાં કે તાપડા પડી ગયાં છે. કોઇકોઈ ઠેકાણે તો સીધા નળાકારે કોશો પડી હોય તેવું લાગે છે. પહોળા પટમાં પથરાઇ રહેલાં અનેક ઝરણાં અતિ વેગથી વહેતાં લાગે છે અને તેમાં થઇને જવું બહુ મુશ્કેલ થાય છે. એક વામ જેટલા પ્રવાહમાં પણ પગ મુકતાં ખેંચાઇ જઇએ એટલું જોર હોય છે. આવાં અનેક જોરદાર ઝરણાં એકઠાં મળી એક મોટા ધોધરૂપે પેલી વિશાળ ભાડમાં ૩૦ ફીટની ઉંચાઇએથી ધસી આવી એટલા વેગપૂર્વક પડે છે કે આપણને લાગે કે જાણે હમણાં આખી નદી ખાલી થઇ જશે ! પણ એ તો એવા ને એવા જથ્થામાં



ચોસઠ જોગણીઓના ખંડના મંદિરની ગૌરીશંકરની મૂર્તિ : આ મૂર્તિઓ ખંડિત થએલી છે અને ફરી સ્થાપના પામેલી છે.



ડાબી બાજુ
મકરવાહિની ગંગા : અપ્રતિમ લાવણ્ય અને ગૌરવથી બિરાજતી દેવીમૂર્તિ

જમણી બાજુ
ગૌરીશંકરની મૂર્તિની બાજુમાં બીજી શિવ-પાર્વતીની મૂર્તિ પણ છે. તેની રસમયતા અને સુંદર ઘડતર જોઈ નવાઇ લાગે છે. પૂજામાં ગોઠવી દીધી છે તેથી મ્યૂઝિયમમાં ખેંચાઇ જતાં બચી છે. નીચે કાર્તિકેય માતપિતાની સેવામાં લાગી રહેલા જણાય છે.



બારે માસ ધબધબા પડયે જ જાય છે. આ ધોધ જ્યાં પડે છે ત્યાં એની વેગભર પછડાટથી જલસીકરો ચોમેર ઉડીને ધુમ્મસ જેવો દેખાવ બની રહે છે; આ પરથી તે ધોધને ધુંવાધાર છે. નીચે પાણીનાં એટલાં બધાં ફીણ થાય છે કે જાણે કોઇ જંગી કુદરતી વલોણું ચાલતું હોય એવું લાગે !

આવી બે ઉંડી ભાડો અહીં પડેલી છે. એક તો એટલી ભયંકર છે કે એમાં પડતાંની સાથે નક્કી મૃત્યુ જ માનવું. કુદરતનો આ અપાર અથાગ શક્તિનો પ્રવાહ જોયા કરવામાં અવનવી લાગણીઓ અનુભવાય છે. બાજુનાં નાનાં ઝરણાં વચ્ચે ભેખડોમાં નહાવાનું થોડું સાહસ બહુ મઝા આપે છે.

આ જ સ્થળેથી કુશન કાળની મૂર્તિઓ પણ મળી આવી છે, જે નીચેના ડાક બંગલામાં છે. તે પરના લેખથી જણાય છે કે બે હજાર વર્ષ પહેલાં એ જગ્યાએ મહારાજ ભુવક અથવા તેની પુત્રીએ તે મૂર્તિની સ્થાપના કરી હશે.

ભેડાઘાટની બાજુમાં એક નાની ટેકરી પર ચોસઠ જોગણીનું મંદિર છે. હાલ તો એક મોટા ગોળકારે ભીંતની દીવાલને અડતાં છાપરાંમાં એ પુરાતન મૂર્તિઓ મુકવામાં આવી છે. વચમાં મહાદેવનું દહેરૂં છે. તેમાં વૃષભારૂઢ ગૌરીશંકરની અતિ સુંદર એક મૂર્તિ છે. એ દહેરાને ફરતી ઘણી જગ્યા છે. જોકે આ દહેરાને ને જોગણીઓને ખાસ સંબંધ હોય તેવું લાગતું નથી, પણ એટલું તો નક્કી કે પૂર્વ કાળમાં અહીં એક મોટું મંદિર હોવું જોઇએ. વિદ્વાનો આ મૂર્તિઓને આઠમા સૈકાની હોવાનું જણાવે છે. આ મૂર્તિઓ હિંદુસ્તાનની કળાના પ્રથમ પંક્તિના નમુનાઓ ગણી શકાય એવી છે. પુરાણમાં વર્ણવેલ દરેક દેવીનાં રૂપ, લક્ષણ, વાહન વગેરે સાથે માણસ જેવડા કદની આ મૂર્તિઓ પર ખુબ શોધ અને નોંધની જરૂર છે. કોઇપણ કળાકાર કે શિલ્પકાર એ જોઇ આશ્ચર્ય અને પ્રેરણા પામ્યા વિના રહે નહિ એટલી તે સુંદર કૃતિઓ છે. ચોસઠ જોગણી-ઓનો એ મુળ મઠ, શિ મંદિર તથા વ્યાખ્યાનશાળા ઈ. સ. ૧૧૫૫માં રાજા નરસિંહદેવની માતા અલ્હણ-દેવીએ બંધાવ્યાની ઐતિહાસિક માહીતી મળી આવે છે. આ જોગણીઓના મઠ જેવો જ બીજો એક મઠ બુંદેલખંડમાં ખજુરાવ ગામે, અને ત્રીજો રાણીપુર જુડાલ કાલહંડી રાજ્યમાં છે.

આ ઉપરાંત જબલપુર ખાતે બીજી પણ અનેક ઐતિહાસિક સામગ્રી છે.

[જબલપુરનો આ પ્રવાસ તથા તેને અંગે આ લેખ અને ચિત્રો ' કુમાર 'ને પ્રાપ્ત થયાં છે તે બાબત શ્રી ગિરિજાપ્રસાદ (સર ચીનુભાઇ)ના સૌજન્યને આભારી છે. —તંત્રી]

વિચિત્ર વૃક્ષો


ઉત્તર હિંદનાં જંગલોમાં ફરતા એક વનસ્પતિશાસ્ત્રીએ ત્યાં એવું ઝાડ શોધી કાઢયું છે કે જેને અડતાં જ વીજળીના જેવો આંચકો વાગે છે ! આ આંચકાનું જોર જેમ દિવસ ચડે-ઉતરે તેમ હમેશાં ચડઉતર થાય છે. બપોરે સૌથી વધુ હોય.

ઍરિઝોનામાં એક ઝાડ થાય છે એને કોઇ અડે કે તરત એનાં પાદડાં સળવળી ઉઠે છે, અને અડનારને જાણે નસાડી મુકવા માટે અંદરથી ખુબ ઉગ્ર કડવી વાસ છુટે છે.

ન્યુબીઆમાં સાફેર નામનું ઝાડ થાય છે તેમાંથી વાંસળીના જેવો મધુર સૂર જ નીકળ્યા કરે છે.

ઈંગ્લંડની નીશાળમાં

કુમારજીવનનું એક ચિત્ર



એકાએક સિંહે તરાપ મારીને વ્હેપના મોં પર એવો તો સજ્જડ તમાચો માર્યો કે વ્હેપ નીચે ગબડી પડ્યો.

હાથમાં કાગળ લઇ એક છોકરો દોડતો હતો અને તેની પછવાડે બીજો એક નાનો છોકરો કાગળ પાછો મેળવવા દોડતો હતો. કાગળવાળો છોકરો શરીરે કદાવર હોઇ તથા તેણે કાગળને ઘણો જ ઉંચો પકડી રાખેલો હોઇ પાછળ દોડનાર છોકરો કાગળ મેળવવાના પ્રયત્નમાં નિષ્ફળ ગયો. પેલા મોટા છોકરાએ ટેબલ ઉપર ચઢી બુમ પાડી, 'સાંભળો સાંભળો, સિંહ પોતાને ઘેર પત્ર લખે છે તે.'

ડેન લૉજની પ્રખ્યાત સ્કુલમાં આજ રવિવાર હોઇ રજા હતી. બપોરના વરસાદ પડતો હોઇ બધા નાના વિદ્યાર્થીઓ સ્કુલના મોટા લેકચર રૂમમાં ભેગા થયો હતા, અને જુદાંજુદાં ટોળાં વળી, ગંજીપો, શેતરંજ, ડ્રાફ્ટ વગેરે રમતો રમતા હતા. તેવામાં વ્હેપની બુમ સાંભળી બધાએ તેના સામું જોયું. વ્હેપ જોકે હતો તો નીચલા ધોરણમાં, પણ તેની બુદ્ધિના પ્રમાણમાં તેના શરીરે વિશેષ ગજું કર્યું હતું. પોતાના વર્ગના બધા છોકરા કરતાં તે મોટો તેમજ બળવાન હોઈ કોઇ તેની વિરૂદ્ધ જઇ શકતું નહિ. તેમાં વળી ગયે વર્ષે તે જુનિયર ટીમ તરફથી ક્રિકેટ મૅચમાં ઉતર્યો હતો અને અણીને વખતે સારા રન કર્યા હતા, એટલે તે તેના વર્ગમાં તો ખાસ નાયક થઇ પડ્યો હતો. જોકે તેની કેટલીક ઉદ્ધત રીતભાત વિદ્યાર્થીઓને પસંદ ન હતી, તોપણ તે અણગમો ખુલ્લી રીતે વ્યક્ત કરી વ્હેપનો શીકાર બનવાની પણ કોઇની ઇચ્છા ન હતી. એટલે કોઇ તેની સામે ઉંચો સાદ કરવાની હીંમત ન કરતું. આજે વરસાદ હોઇ ક્રિકેટ કે ફુટબૉલ રમાય

તેમ ન હતું અને શેતરંજ કે ડ્રાફ્ટ જેવી શાન્ત રમતો વ્હેપને પસંદ ન હતી, એટલે તે કાંઇક આનંદ મળે તેવું શોધતો હતો. ત્યાં તેની નજર લેક્ચર રૂમને છેડે, ટેબલ પાસે બેસી પત્ર લખતા એક નાના છોકરા તરફ ગઇ.

આ છોકરાને બધા સિંહ કહીને બોલાવતા. તેનું પુરૂં નામ શું હતું તે તો હેડમાસ્તર અને હાઉસ-માસ્તર સિવાય બહુ થોડાને જ માલુમ હતું. લગભગ બધા છોકરાને ટુંકે નામે બોલાવવા અથવા ખાસ કંઇકિ ઉપનામ પાડવું એ તો બધી નીશાળોમાં પરાપૂર્વથી ચાલતો આવેલો રીવાજ. સિંહ સ્વભાવે શાંત ને હસમુખો હતો અને ક્લાસનાં ખાસ તોફાન અને ગપાટામાં બહુ ભળતો નહિ, કારણકે તે હિંદુસ્તાનથી તાજો જ ઇગ્લંડ ભણવા આવ્યો હતો અને ઇગ્લંડના રીતરીવાજથી હજુ બરાબર માહીતગાર થયો ન હતો. વળી પોતે હિંદુસ્તાનનો વતની છે અને યૂરોપિયન નથી એ વાત તેના મનમાંથી ઝટ લઇને ખસી શકતી નહોતી. વ્હેપના હાથમાંથી પોતાનો પત્ર પાછો મેળવવા તેણે ઘણાં ફાંફાં માર્યાં; પણ વ્હેપ ઉંચો હતો અને ટેબલ પર ચડી ગયો હતો, તેથી નિરૂપાય બની તેણે તે પ્રયત્ન છોડી દીધો અને એક બાજુ, કાંઇ જ ન બન્યું હોય તેમ, ભીંતને અઢેલી ઉભો રહ્યો.

'હીઅર હીઅર (સાંભળો)! વ્હેપ ભાષણ આપે છે.' પેડલ નામના છોકરે બુમ પાડી.

'ચુપ રહે; વાયડો થા મા.' વ્હેપે ડોળા કાઢ્યા. મોટા કુતરાના ભસવાથી નાનું કુતરૂં જેમ પુંછડી સંતાડી લપાઈ જાય તેમ પેડલ ચુપચાપ થઇ બેસી ગયો. આખા ઓરડામાં શાંતિ પ્રસરી ગઇ અને વ્હેપે પત્ર વાંચવો શરૂ કર્યો:

'લેખનું મથાળું, સિંહનો તેની મા પરનો પત્ર.' ચારે બાજુએ હસાહસ થઈ રહી.

'My dear Mother,

In the last match I made five runs. . . . The fellows here are frightfully decent, and I am having a simply topping time. . . .'

'વ્હાલાં માતુશ્રી, ગઈ મૅચમાં મેં પાંચ રન કર્યાં હતા. અહીં બધા વિદ્યાર્થીઓ બહુ જ હાલકા અને આનંદી છે. હું બહુ જ આનંદમાં છું. . . . . . .'

'તદ્દન જુઠ્ઠું!' પત્ર ફેંકી દેતાં વ્હેપ બોલ્યો અને બધે હસાહસ થઇ રહી. ફેંકી દીધેલો પત્ર લેવા તથા તેને ફરી વાંચી સંભળાવી સિંહની વિશેષ મશ્કરી કરવા પેડલ દોડ્યો. પણ એટલામાં તો તેણે પોતાની ને પત્રની વચ્ચે સિંહને ઉભેલો જોયો. તે તદ્દન મુંગો ઉભો હતો, પણ તેનો ચહેરો એવો તો સખ્ત હતો કે પેડલ કાંઇપણ ચેંચું કર્યાં સિવાય ટપ દઇને પોતાની જગ્યાએ બેસી ગયો, અને સૌના અચંબા વચ્ચે, જાણે કાંઇ બન્યું જ ન હોય તેમ, સિંહ પત્ર લઇ પાછો પોતાના ટેબલ પર જઇ આગળ લખવા મંડ્યો. પેડલ તો માત્ર વ્હેપનો અનુયાયી જ હતો. વ્હેપ જે કરે તેમાં ભળવું, વ્હેપના ટપલા બહુ જ આનંદથી સહન કરવા, વ્હેપ જેની પાછળ પડે તેને ખીજવી ખુશી થવું અને દરેક પ્રકારે વ્હેપ રાજી રહે તેમ કરવું એ જ તેનો પંથ હતો. પે તે સિંહની પાસેથી પત્ર મેળવી શક્યો નહિ એટલે હવે એક ઘણી જ જુની—સેકન્ડહૅન્ડ–થર્ડહૅન્ડ થએલી સિંહની મશ્કરી તેણે શરૂ કરી, 'કાં સિંહ, તારાં મા ઇન્ડિયામાં શો ધંધો કરે છે?' આ પ્રશ્ન સિંહને ઘણાએ ઘણી વાર છેલ્લા છ માસથી ફરીફરીને પુછ્યો હતો, પણ સિંહે કોઇને કાંઇ જવાબ આપ્યો ન હતો. આથી વ્હેપ અને તેની ટોળી આ પ્રશ્ન પુછવામાં અપૂર્વ આનંદ લેતી હતી. સિંહના કુટુંબની વિરૂદ્ધ કોઇ બાબત જાણીતી ન હતી; પણ જ્યારે દરેક છોકરો પોતાના ઘરની વાત બહુ જ છુટથી કરતો ત્યારે સિંહ શાંત રહેતો અને ઉપરના પ્રશ્નનો બીલકુલ જવાબ આપતો નહિ. સિંહની આ ટેવ વ્હેપને જરા પણ પસંદ ન હતી, કેમકે તે પોતે તો પોતાના ઘરની બહુ જ છુટથી વાત કરતો. પોતાના ફઇબા લેડી વૉરનની વાત તો તેણે અનેક વાર કરી હશે. લેડી વૉરન દૂર દેશમાં કેવી રીતે ફરેલાં, હિંદુસ્તાનમાં તેમના પતિ કેવો મોટો હોદ્દો ભોગવતા, બંગાળામાં વાઘના અને ગીરમાં સિંહના તેમણે કેવા શીકાર કરેલા, તેમનો લંડનનો બંગલો અને દરિયાકીનારાનો બગીચો કેવા અજબ અને મનોહર છે, ઇત્યાદિ અનેક વાતો ભાગ્યે જ કોઇ

વિદ્યાર્થીથી અજાણી રહી હશે. આ વાતોના પરિણામ રૂપે લેડી વૉરન વ્હેપના વર્ગના દરેક વિદ્યાર્થીના મગજમાં એક મહાન વ્યક્તિ તરીકે સ્થાન ભોગવતાં, અને આવડી મોટી વ્યક્તિનો સગો પોતાનો મિત્ર છે તે વાત પેડલને તો પોતાની જીંદગીમાં અતિ મગરૂબ થવા જેવી લાગતી.

એક એવી પણ વાત ચાલતી કે વ્હેપ એક વખત સ્કુલની ટીમના કૅપ્ટનને મળેલો અને કહેલું કે જો મને આ વખતે મૅચમાં રમાડો તો હું તમને લેડી વૉરનના મહેમાન તરીકે આ રજામાં લઇ જવાનો બંદોબસ્ત કરૂં. આ વાત જોકે તદ્દન સાચી તો નહિ હોય, પણ એટલું તો સૌએ જોએલું કે ટીમનો કૅપ્ટન સ્ટંપ લઇને વ્હેપની પાછળ દોડેલો! આ વાત દરેક છોકરો સારીરીતે જાણતો છતાં વ્હેપની હાજરીમાં ન બોલવાની ખાસ કાળજી રાખતો!

હજુ વરસાદ બંધ પડ્યો ન હતો, તેથી નિરૂદ્યમી બેસી રહેવું વ્હેપને પસંદ પડ્યું નહિ. તેણે પેડલ સાથે શેતરંજ રમવી શરૂ કરી.

'લેડી વૉરનને તો શેતરંજ બહુ જ સારી આવડતી હશે, નહિ?' પેડલે પુછ્યું.

'અરે, પહેલાં તો તેઓ એકીસાથે છ જણ સાથે શેતરંજ રમતાં! પણ હાલમાં બીલકુલ રમતાં નથી.' વ્હેપે ફેંક્યું.

મહામહેનતે રમત પુરી થઈ અને પેડલ હાર્યો.

'ચાલ, બીજી રમત રમીએ.' વ્હેપે કહ્યું.

'હવે નહિ; તમે તો બહુ સારૂં રમો છો.' પેડલે ખુશામત કરી. એને ન રમવાનું કારણ તો એ હતું કે વ્હેપનું શેતરંજનું જ્ઞાન માત્ર મહોરાંના નામ પુરતું જ હતું, ને ગઇ રમત પેડલ મહામહેનતે જાણીજોઇને હાર્યો હતો! હવે બીજી રમે અને કદાચ જીતી જવાય તો વ્હેપ સાથે દુશ્મનાવટ થાય!

'હું આજ જ આ રમત રમ્યો. પણ શેતરંજની રમત અમારા કુટુંબની જ હોવાથી મારામાં પણ તેના સંસ્કાર જન્મથી આવ્યા છે!' આટલી વાત કરી વ્હેપ ઓરડાની બહાર ગયો.

'તદ્દન જુઠ્ઠું!' એ શબ્દો સિંહના મગજમાં ગાજતા હતા. અવારનવાર વ્હેપનો માર ખાવો, વર્ગની મશ્કરીના પાત્ર બનવું, કોઇ પણ જાતની રમતમાં ખાસ ભાગ ન લેવો, કોઈ પણ મિત્ર સિવાયનું અટુલું જીવન,—અને છતાં 'હું બહુ જ આનંદમાં છું' એવો પત્ર દર અઠવાડિયે ઘેર લખવો તે જુઠાણું નહિ તો બીજું શું? વ્હેપ જેવા રખડેલ, પેડલ જેવા ખુશામતિયા અને બાકીના હૃદયશૂન્ય છોકરાઓને માટે ઘેર લખવું કે 'અહીં બધા વિદ્યાર્થી બહુ જ ઠાવકા અને આનંદી છે' તે જુઠાણું નહિ તો બીજું શું?

'તદ્દન જુઠ્ઠું!' એવા પડઘા ચારે બાજુથી પડતા છતાં, સિંહે તે જ પત્ર પુરો કરી ટપાલમાં નાખ્યો.

✽

છાપામાં પ્રસિદ્ધ થએલ એકાદ નાનકડી બાબત કેટલીક વાર બહાર જનસમાજમાં કેવી અસર કરે

આવતા અંકથી

❧ 'કુમાર'નો બીજો છમાસિક હપતો શરૂ થશે.

❧ એક ભાવનાશાળી કુમારને શસ્ત્ર સજવાની પ્રેરણા આપનારા અને કુમારજીવનમાં શસ્ત્રનું સ્થાન બતાવનારા એના જીવનના ખરા બનેલા 'પાંચ દિવ્ય પ્રસંગો'ની લેખમાળા આવતા અંકથી શરૂ થશે.

❧ આજની ઉગતી પ્રજાના જીવનમાં ગંભીર ને અગત્યનું સ્થાન ધરાવતા, કેટલાક સામાજિક તથા કેળવણી વિષયક પ્રશ્નોપર તમને વિચાર કરતા કરી મુકે એવાં કટાક્ષચિત્રો (કાર્ટૂન્સ)ની એક માળા શરૂ થશે; જેનું પહેલું ચિત્ર તમે અષાડના જ અંકમાં જોશો.

❧ ગિજુભાઇનાં બાળપણનાં સ્મરણોની લેખમાળા પછી તરત એક જાણીતા ગુજરાતીનાં સ્મરણો—'મારી પોતાની વાત'—ના હપતા શરૂ થશે.

❧ આવતો અંક નવા છ માસિક હપતાનો પહેલો અંક, એટલે તે તો સુંદર હશે જ; ઉપરાંત શ્રાવણનો વીરપસલી અંક, ને આસોનો દીવાળી અંક પણ અનેક રસમય સામગ્રીઓથી ભરપુર અને ખેંચાણકારક બનશે.

❧ કુમારનું 'છેલ્લું પાનું' આવતા અંકથી નવું જ રૂપ ધારણ કરશે એમ લાગે છે. જોજો.

❁

તમે આ છ માસિક હપતાના જ ગ્રાહક હતા કે? તો તમારૂં લવાજમ આ અંક સાથે પુરૂં થયું હશે. બીજા ત્રણ રૂપિયા ભરી દઇ આવતા હપતાના પણ ગ્રાહક બની જ જાઓ.

છે તે હકીકત ઘણી વાર છાપનારની ધ્યાન બહાર જાય છે. તે જ પ્રમાણે 'ધ પબ્લિક વૉઈસ' નામના છાપામાં બહાર પડેલા એક પત્રે ડેન લૉજમાં એક વિચિત્ર ખળભળાટ ઉભો કર્યો. ધ પબ્લિક વૉઇસમાં અવારનવાર ઈંગ્લંડની પ્રેપરેટરી સ્કુલો બાબત માબાપ તરફથી ચર્ચાના લેખો આવતા, અને તે બાબત પર શિક્ષકો અને માબાપો વચ્ચે ચર્ચાચર્ચા થતી. આ કારણે એ છાપું ખાનગી સ્કુલોના અંત:પુર સુધી પ્રવેશ પામી શક્યું હતું. ધ પબ્લિક વૉઇસના અધિપતિને ખ્યાલ પણ નહિ હોય કે તેમાં છપાએલા એકબે પત્રોથી કેટલાક વિદ્યાર્થીઓનાં જીવનમાં સુખદુ:ખના ભરતીઓટ થશે. હસતા ચહેરા દુ:ખી બનશે અને દુ:ખી ચહેરા રડશે. બાબત એમ બનેલી કે સ્કુલના ત્રીજા પીરિયડમાં ક્લાસમાસ્તરે વાતચીતમાં ધ પબ્લિક વૉઇસમાં આવેલા પત્ર પર છોકરાઓનું ધ્યાન ખેંચેલું, અને પીરિયડ ખલાસ થતાં તે પત્ર વ્હેપે વાંચ્યો તથા પોતાના બીજા સોબતીને વંચાવ્યો. અને પછી તે બધા સિંહની ઉપર એકાએક તુટી પડયા.

'આ વાંચ્યું?' ડોળા કાઢી વ્હેપે સિંહને પુછ્યું.

'શું?' કાંઇ ન સમજવાથી સિંહે સામું પુછ્યું.

'આ કાગળ. આવો કચરો કાગળ લખવાનો તારી માને શો હક્ક છે? જરા શરમા!' વ્હેપનો ગુસ્સો વધ્યો અને છાપું તેણે સિંહના નાક આગળ ધર્યું. છાપામાં નીચે પ્રમાણે પત્ર હતો:

'અધિપતિ સાહેબ, આવા મોંઘવારીના જમાનામાં જ્યારે માણસોને પેટપુરતું ખાવા પણ મળતું નથી, ત્યારે ખાનગી નીશાળો પોતાની ફી વધારીને જબરી કમાણી કરે છે તે ઓછું શરમાવા જેવું નથી. આથી વિશેષ શરમાવાનું તો એ છે કે જ્યારે આપણા છોકરાઓએ વિશેષ કામ કરવું જોઇએ, ત્યારે સ્કુલ-માસ્તરો મોટાંમોટાં વૅકેશનો પાડી તેમને આળસુ બનાવે છે. ટુંકામાં વિશેષ પૈસા લઇ થોડું ભણાવે છે.'

લિ. મીનાક્ષી સિંહ

સિંહ પત્ર વાંચી રહ્યો એટલે વ્હેપે તેને પુછ્યું, 'બોલ, આ કાગળ કોણે લખ્યો?'

'મને ખબર નથી.' સિંહે હસીને ઉત્તર વાળ્યો.

'મીનાક્ષી સિંહ તારે શું થાય?' વ્હેપે પુછ્યું.

'કાંઇ નહિ.' સિંહે ટુંકો જવાબ વાળ્યો.

'કોઇ પણ સારા કુટુંબની સ્ત્રી છાપામાં આવું ન જ લખે.' વ્હેપે કહ્યું.

'પણ આ પત્ર મારી માએ લખ્યો જ નથી'. સિંહે મક્કમપણે ઉત્તર દીધો.

'તો તારી માનું નામ શું તે કહે.' વ્હેપે પુછ્યું.

સિંહે જવાબ આપવાની ચોખ્ખી ના પાડી. પેડલ કહે કે તેણે એક વખત સિંહના તેના ઘરના પત્રના સરનામા પર 'મ' અક્ષરથી શરૂ થતું નામ વાંચ્યું હતું. બધા કહે સિંહ જુઠો. તેણે જ આપણી સ્કુલની વાત ઘેર લખેલી, અને તેની માએ તે વાત છાપામાં આપી. સિંહે ફરીને મક્કમપણે કહ્યું કે તે વાત તદ્દન જુઠી છે. મારી મા એવું કાંઈ કદિ લખે જ નહિ. વ્હેપ કહે, તે જુઠો છે; નાખો એને નીચે.

બસ, વ્હેપના હુકમની સાથે જ બેચાર છોકરા સિંહ પર તુટી પડયા. એકે ડિક્શનરી લઇને તેના માથા પર મારી. સિંહનો પગ લથડયો અને તે નીચે પડયો. તેવા જ છોકરા તેના ઉપર ચડી બેઠા. બધા કહે, 'બોલ, તારી માનું નામ શું?' સિંહ કહે કે તેનું નામ ગમે તે હોય, પણ તેણે આ પત્ર લખ્યો જ નથી. મોટા ચાર છોકરાની નીચે એક પરદેશી છોકરો શું કરે? તેના વાળ ફીંદાઇ ગયા, કોટનાં બટન તુટી ગયાં, ચોપડીઓ વેરણછેરણ થઇ ચારે બાજુ ઉડવા લાગી, તેનો ચહેરો લાલચોળ થઇ ગયો અને આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એટલામાં દૈવયોગે ડેન લૉજનો કૅપ્ટન અને હેડબૉય ગૅરેટ ત્યાં થઇને નીકળ્યો. તેણે એક હાંકલ પાડી કે તરત વ્હેપ અને બધા છોકરા સિંહને છુટો મુકી ઉભા થઇ ગયા.

'કાં સિંહ, શું હતું?' ગૅરેટે સિંહને માથે હાથ ફેરવતાં પુછ્યું. સિંહે ફરિયાદ કરવી વ્યાજબી ધારી નહિ અને 'કાંઇ નહિ' એમ કહી પોતાનાં પુસ્તકો ભેગાં કરવા લાગ્યો. ત્યાં વ્હેપ એકદમ આગળ આવી છાપું બતાવી ગૅરેટને કહેવા લાગ્યો, 'જુઓ, આપણી સ્કુલને માટે સિંહની મા કેવું લખે છે તે.'

'કોઇ છોકરાની મા અથવા બાપ છાપામાં ગમે તે લખે; પણ તેનું વેર લેવાનું કામ તને કોણે સોંપ્યું છે?' લેખ વાંચતાંવાંચતાં ગૅરેટે કહ્યું; 'તું શા પરથી માને છે કે આ વાત આપણી જ સ્કુલને માટે છે,

[અનુસંધાન આગળ પાન ૨૫૨ મે]

ગા મ બ હા ર



ઘરમાંથી શેરીમાં, શેરીમાંથી ગામમાં ને ત્યાંથી ગામ બહાર.

ગામ બહાર એટલે વળા ગામની બહાર; ગામના ગઢની બહાર; ગામના સ્મશાનની પેલી કોર, નદીને સામે કીનારે.

ગામ બહાર એટલે સીમમાં; ગામ બહાર એટલે ચમારડીના ડુંગરોમાં, પછેગામના વનમાં, ધામણકાને તળાવે, રાજપરાની નદીએ, ઉમરાળાની બોરડીએ, ચીતળના સ્ટેશને, વઢવાણની વાઘેશ્વરી માતાની દેરીમાં, ખંભાતના—ગીરનારના—જુનાગઢના સિંહના પાંજરા સામે, વેરાવળના દરિયા કિનારે ને સોમનાથના શંકરે.

ગામ બહાર એટલે ઘણુંઘણું. નાનુંનાનું ને મોટુંમોટું, આછુંઆછું ને ઘેરૂંઘેરૂં; કાંઇક અરધું યાદ, કાંઈક આખું યાદ; કાંઇક બાએ કીધેલું, કાંઇક બાપાએ સંભળાવેલું; કાંઇક મામાને ઘેર અનુભવેલું, કાંઈક જાતે જોએલું ને જાણેલું.

ગામ બહારની જુનામાં જુની સ્મૃતિ એટલે ખંભાતના ઘરની સ્મૃતિ.

બાપા અને બા ત્યાં રહેતાં. ભોંયતળીએ ઘર હતું. બારણાં વીલાયતી હતાં. વીલાયતી એટલે સારાં અને સ્ટૉપરથી દેવાય તેવાં. બાપા સ્ટૉપરો બંધ કરે. ઘરનું તળિયું સીમેન્ટવાળું સુંવાળુંસુંવાળું.

બાપાએ કહેલું—બાએ કહેલું, આપણે ખંભાત છોડી નીકળ્યાં ત્યારે એકામાં બેસી ચાલ્યાં. ગરીબ લોકો પાછળપાછળ ચાલ્યાં. બાપાએ મુઠીએમુઠીએ એમને પૈસા આપ્યા. હજી યે એ દૃશ્ય જાણે નજરે તરે છે.

ગામ બહારની બીજી સ્મૃતિ એટલે વઢવાણની સ્મૃતિ. પિતા ત્યાં વકીલાત કરે. સાંજ પડે એટલે મને વાઘેશ્વરી માતાએ લઇ જાય. નાનું મંદિર, મોટું બાવલું; વાઘ ઉપર બેઠેલાં માતા ભવ્ય અને ભયંકર લાગતાં. રમવાનું ખુબ મળતું.

આરતીનો વખત થાય, ઘંટ ઝાલર ઝણઝણી ઉઠે, પુજારીના હાથમાં આરતી ફરવા લાગે, નગારૂં ગડગડે ને ભક્તજનોની ઠઠ જામે. એ બધાંની આછીઆછી છાપ હજી પણ રહી છે. એમાંથી આછાંઘેરાં કાવ્યઉદ્દયનો પણ કોઇવાર જન્મે છે.

વઢવાણમાં મારાં બે મિત્રો: એક મણિયો ને બીજી તીતી. તીતી એટલે ચાચી. મને લાગે છે કે હું ચાચીને બદલે તીતી બોલતો હોઇશ. ઝાલાવાડમાં ચાચી એટલે છોકરી.

આ બે મિત્રો સાથે નાનીનાની રમતો હું રમતો હોઇશ. અમે કદિકદિ લડતાંવઢતાં પણ હોઇશું.

પિતા સાથે વઢવાણ છોડ્યું, એ મિત્રોને છોડ્યા, પણ તેની સ્મૃતિ ને એવી સ્મૃતિમાંથી જન્મતું કાવ્ય તો સાથે જ આવ્યું. વળાના ભાઇબંધોને મણિયા ને તીતીની વાત કહું. બા એમાં ટાપશી પુરે.

વળામાં ભણ્યો, અમદાવાદમાં રહ્યો, અમદાવાદમાં વર્ષો ગાળ્યાં, આફ્રિકા જઇને પાછો આવ્યો, પણ પેલું જુનું કાવ્ય જુનું નહોતું થયું.

વકીલ થઇ વઢવાણ શહેરમાં વકીલાત કરવા આવ્યો. કાવ્યે પ્રત્યક્ષ થવા ડોકિયું કર્યું. તીતી ને મણિયાની શોધખોળે નીકળ્યો.

વાઘેશ્વરી માતા પાસે પિતા રહેતા હતા. ત્યાં જ ઘર હોવું જોઇએ. ત્યાં મણિયો ને તીતી મળશે; કેમ જાણે છુટાં પડ્યાં તે વખતે જેવડાં હતાં તેવડાં ને તેવાં તીતી મણિયો મળવાનાં હોય !

નાનપણની સ્મૃતિએ બળ કર્યું. અમુક ઘર આગળ જઇને પગ અટક્યા. બસ, આ જ ઘર હોવું જોઇએ. તપાસનાં ખબર પડી કે એ જ ઘરમાં અમે રહેતાં. ઘરનું કાવ્ય તો ઉડી ગયું. નાનકડુંક સાદું ઘર, એક કાતરિયું, નાની એવી ઓશરી. મેં કલ્પના ઉડાડી. આ

ઓશરીમાં રમતાં હોઈશું, આ કાતરિયામાં ધોલકી કરતાં હોઇશું. અહીં આમઆમ હશે. . . .

પણ મણિયો તીતી ક્યાં ?

કોણ જવાબ આપે ? મણિયો કમાવા ગએલો, તીતી મોટી થઇ સાસરે ગએલી. ક્યાં તે કોણ જાણે ? બરાબર પત્તો ન મળ્યો.

અલીબાબાનાં સાહસોમાંનું એક સાહસ પુરૂં થયું. માત્ર ઘર હાથ આવ્યું.

પણ પેલું જુનું કાવ્ય હજી ગુંજતું હતું. મણિયો મળી જાય, તીતી ફરી દેખાય, તો કેવી મઝા આવે! નાનપણની વાતો કરવાની તો ન હોય, પણ આપણે નાનપણમાં સાથે રમતાં, પાછાં પચીસ વર્ષે ભેગાં થયાં, એ વિચાર કાંઇ ઓછો અદ્દ્ભુત ગણાય ?

વઢવાણ કૅમ્પથી શહેર સુધી ટ્રામ છે. એમાં બેસવાની મઝા બેસનાર જ જાણે!

ટ્રામ ઘરઘર કચુડકચુડ ખડબડખડબડ જતી હતી. કોટ પાટલુન પહેરીને એક વકીલ બેઠો હતો. સામે કાઠિયાવાડી ફેંટો પહેરેલો એક જુવાન બેઠો હતો. વકીલનું ધ્યાન ખેંચાયું. ફેંટાવાળાએ સામે જોયું. આકર્ષણ થયું. વકીલે પુછ્યું, ' ક્યાં જશો ? '

' વઢવાણ. '

' ક્યાંના રહીશ ? '

' વઢવાણના જ. '

' કયે ઠેકાણે ? '

' વાઘેશ્વરી માતાની શેરીમાં. '

જાણે જુનું મન જાગૃત થયું. વકીલે હિંમતથી પુછ્યું, ' તમારૂં નામ ? '

'મણિશંકર.'

' ઓ—હો! હું તમને જ શોધું છું. '

'શા માટે ?'

'આપણે જુના મિત્રો હતા.'

' એમ ? શી રીતે ? '



મેં બધી વાત કરી. બાપાએ કહેલી ને બાએ સંભળાવેલી બધી વાત કરી.

મણિયાભાઇને તો કશી અસર ન થઇ! મોં ઉપર એકે ય ભાવ ન સળવળ્યો; રૂંવાડું યે ન ફરક્યું !

હું નિરાશ થયો. મારૂં કાવ્ય ઉડી ગયું. એ અદ્દ્ભુતતા ઉપર પાણી ફરી વળ્યું. મનમાં થયું આના કરતાં મણિયો ન મળ્યો હોત તો જ સારૂં થાત. ખરા મણિયે તો મારૂં કાવ્ય બગાડ્યું. આવા ખરા મણિયા કરતાં ખોટો કલ્પિત મણિયો શું ખોટો હતો ?

કેટલાંક કાવ્યો કાવ્યોમાં જ સારાં એવું મને લાગ્યું.

પછી મેં તીતીની તપાસ જ ન કરી. તીતી જુનાગઢમાં છે એમ ખબર હતી, પણ હવે કાંઇ નહિ.

નાનપણની ત્રીજી સ્મૃતિ સણોસરા સ્ટેશનની. મામા સ્ટેશન માસ્તર હતા. સ્ટેશનની નજીક નાનું એવું ઘર એ સ્ટેશન માસ્તરનો બંગલો. એની પાછળ ખેતરો. એમાં જુવાર થાય, બાજરી થાય ને ઘઉં પણ થાય. જનાવર ચરવા આવે; ગાય આવે, ભેંસ આવે, ઘોડા આવે, ને એમ છોકરાંની નજરે હાથી પણ આવે.

દોડતાંદોડતાં પોપટભાઈ બાને જઇને કહે, ' બા બા, દોડો તો ખેતરમાં હાથી પડ્યા. '

બા કહે, 'હા, હા, ધોળાધોળા છે કાંઇ. પુછડાં પણ હલાવે છે. નકરા હાથી જ હાથી. '

બા રાંધતાંરાંધતાં બહાર આવ્યાં. જુએ તો ખેતરમાં કેટલાય બધા હાથી ! ધોળાંધોળાં ગધેડાં ! !



સણોસરા અને ચીતળની સ્મૃતિઓમાં રેલગાડીનું છુકછુક, એંજીનનું વરાળનું કાઢવું, ગાર્ડની સીટી ને ચાલતી ગાડીએ ચડવાનો એનો રૉફ ને એવુંએવું તો ઘણું ય નોંધાય.

ચીતળના બાગનાં ડોલરનાં ફુલની વાસ હજી પણ મારા નાકમાં છે. નળનું પાણી ધીરેધીરે ટીપમાં પડતું

હોય, મધ્યાહ્ને ઝાડની છાયા નીચે એકાદ ખીસકોલી 'ખુસી ખુસી' કરતી દોડતી હોય ને હોલું ઘુઘવતું હોય, એ બધી નાની મીઠી સ્મૃતિઓનો પાર નથી.

ચીતળના બે પ્રસંગો નહિ ભુલાય. એક અમારા અખતરાનો, બીજો અમારી ચોરીનો.

અખતરો આમ થએલો: ઘાસનો ઢગલો પડ્યો હતો. અમે બધા રમતા હતા. કોઇને મનમાં થયું કે આગ થાય તો કેવું લાગે? કેવું દેખાય? કોઇ ઘરમાંથી દીવાસળી લઇ આવ્યું. પોપટભાઇએ ઝરડ કરતીક ને સળગાવી ને ખડની મોટી હોળી!

'દોડો, દોડો, દોડો, આગ થઇ!'

ખડ પાસે ખીલે ગાય બાંધેલી હતી. તે કુદકેકુદકા મારે. અમે બધા મઝામાં ઠેકડેઠેકડા મારીએ.

પાણી આવ્યું ને ખડ ઓલવાણું. અમને કાંઇક સ્થૂળ સ્મૃતિ રહે એવો બોધ પણ મળ્યો હશે! ઠીક અનુભવ કરી લીધો.

બીજો બનાવ: રેલવે ઉપર મામાની નીતિની હાક બોલે. કોઈ એક પાઈ સરખી ખાઇ ન શકે. સામાનને ગોડામે—ગોડાઉનમાં—કેટલીયે ખાંડ ઢોળાએલી હોય, ખાવાની કંઇકંઇ ચીજો હોય; પણ ભાર છે કે કોઇ મોઢું એઠુંય કરી શકે? ઢેડે એકવાર કંઇક ખાધેલું. ખરે બપોરે બીચારાને બે કલાક અંગુઠા પકડવા પડેલા. પીઠ ઉપર એક મણનું ઓશીકું મુકેલું.

અમારે ચોરી કરવી હોય તો મામાથી છુપી રીતે કરવાની રહી. એક વાર દાનત બગડી. ગોડાઉનમાંથી ખાંડ ઉપાડી. અમે બેચાર જણ હતાં. બીજાનાં નામ ક્યાં આપું? મામા ઘેર આવે તે પહેલાં બુકડેબુકડે ખાવા મંડ્યા. પણ ત્યાં તો મામા સ્ટેશનેથી આવતા દેખાણા. હવે? હવે શું? કાં તો ઝટઝટ ખાંડ ગળે ઉતારી જવી ને કાં તો છતાં થવું. ખાંડ કાંઇ પાણી છે તે પી જવાય? ગળે તે કેટલીક ઉતરે? ઘણી ઉતાવળ કરી, પણ મામા આવી ગયા ને પકડાયા. હાથ ખાંડ વાળા, મોઢું ખાંડ વાળું ને એક જણ તો જે બીનો તે ખાંડને ઘોડિયામાં નાખી તે ઘોડિયું યે ખાંડખાંડ!

મામાએ ઠીક મેથીપાક આપ્યો. ગાલ લાલચોળ થઈ ગયા. ફરી વાર ચોરી કરવી ન સુઝે એવું કર્યું. ચોરીની ખાંડ સોંસરી નીકળી.

નાનપણની ગામ બહારની સ્મૃતિઓના પટ ઉપર જુનાગઢના સક્કર બાગના સિંહોનાં મોટાં માથાં ને પીળી કેશવાળી ચીતરેલી છે, વેરાવળના દરિયાનાં મોજાંઓ ઉછળે છે, સોમનાથના રસ્તાનું સૌંદર્ય છપાએલું છે. એ બધું નાનપણનું સ્મરણ.

હવે બહારગામમાં ગએલા નાનપણનું સ્મરણ.


ગામ બહારનાં એવાં સ્મરણોમાં ખુદ વળા ગામની બહારનાં સ્મરણોની તો બલિહારી છે.

નાનપણમાં બહારગામમાં તો બા બાપાને પગે ચાલીને સ્મરણો લીધેલાં; મોટપણમાં તો જાતઅનુભવમાંથી એને ભરેલાં. થોડાંક એ પણ કહું.

ઘરના છુટ્યા શેરીમાં ને શેરીના છુટ્યા ગામ બહાર.

પ્રથમ સીમમાં ફરવા લાગ્યા. સીમમાં એટલે કોકના ખેતરમાં. શું કામ? દલા તરવાડીની જેમ માલિકની રજા લઈ જારના સાંઠા ને ડુંડાં ખાવા, બાજરીનાં ડુંડાં ખાવા, મગની શીંગો ખાવા, ચીભડાં અને તરબુચ ખાવા; ને પકડાઇ જઇએ તો ગાળો ને મારનો પોંક ખાવા!

કણબી પણ એવા, કે માગીએ તો એક શીંગ ન આપે. અમે પણ એવા, કે માગ્યા વિના જ જોઇએ તેટલી શીંગો લઇએ.



સીમમાં અમે પોંક ખાવા જતા. આ પોંક ઘઉંનો સાચેસાચો. દાદા પોંક ટાણામાં ખેતરે લઇ જાય. પગમાં ડંખ પડે એવા જોડા પહેરાવે. હાથમા પાણી ભરેલી ભંભલી આપે ને પછી ખરે તડકે ઉપાડે. વખતે બેડનું ગાડું મળે તો મળે.

ખેતરે જઇને બેસીએ. અમારે શેઢે બાવળ ઉગેલા એને ટાઢે છાંયે સુઇએ. ત્યાં તો કણબી પોંક પાડવા માંડે. તાપણી ભોંય, ચડચડ ઘઉંની લીલી ઉંબીઓ બળે ને નીચે તાપમાં પડે, અમે તાપણીના તલસરા સંકોરીએ, ને વા વાય એટલે ઝાળ લાગે ને ગાલ

ચંચવાળતા ભાગીએ. એ બધું કેમ ભુલી જવાય ?

પછી શેકેલી ડુંડીઓને ખેડુ પછેડીમાં લઇને દમહેરે. પછી આ . . . . ને લીલોછમ જેવો ઘઉંનો દાણો નીકળે તે ખાવાની કેવી મઝા ! વખતે દાદા ગોળ કે ખાંડ સાથે લાવ્યા હોય તે ભેળવીને ય ખવાય. ખાતા જવાય ને ખેતર જોવાતું જાય. ચારે કોરે લીલી ધરતી દેખાતી હોય. હરણુ મોલ ખાઇ ન જાય એટલા સારૂ ખેડુ હાકલા કરતા હોય, ટાઢો હીમ જેવો વા વયો આવતો હોય એવુંએવું જોવાનું ને પોંક ખાવાનો. નાનાં ભાઇબ્હેન સારૂ ગજવાં ભરીને પોંક લાવવાનો ને ઘેર આવી આવી વાતો કહેવાની. એમ થાય કે દાદા રોજ પોંક ખાવા લઈ જાય તો ?

અમારા દાદા ઠીક હતા. જજમાનમાં દાદા લાડવા ખાવા જાય. અમને સાથે લઈ જાય. એલા લખુડા, નાનકા હાલજો, કલ્યાણપર જમવા જાવું છે. અમે તો તૈયાર.

કલ્યાણપરમાં ગામધુમાડો હોય, અથવા નાનો સરખો જગન હોય કે જજમાનની મા મરી ગઇ હોય, અમારે મન તો બધું સરખું. અમને ચાલવાનું, રખડવાનું, રમવાનું અને લાડવા ખાવાનું મળ્યું એટલે બસ.

કલ્યાણપરમાં જઇએ. એકાદ દેરીમાં જઇને રમીએ, કાં તો તળાવમાં જઇને નહાઇએ, કાં તો કુંભાર વાસણ ઉતારતો હોય તે જોઇએ, કાં તો એનો નીંભાડો સળગતો નીહાળીએ.

દાદા કોડચું સાફ કરે, ઢોરની ગમાણ સાફ કરાવીને ત્યાં ઉતારો કરે, લોટ, ઘી, ગોળ, અડદની દાળ માગી લે, આટ ખડકે ને લાડવા બનાવે.

વળાના બધા બ્રાહ્મણોને કલ્યાણપરે જમવાનું કીધું હોય તો આખા ગામમાં ધુમાડો ચાલે. આખા ગામમાં કણબીને ઘેર આટ ખડક્યા હોય, એક હાંડલામાં ખીચડી ને બીજામાં અડદની દાળ ચડતાં હોય ને નાનાં છોકરાં ને મોટી છોકરીઓ ને રાંડીરાંડ બાઈડીઓ ગામમાં ફરતાં હોય.

દાદા ખાંત કરીને લાડવા ખવરાવે. આ . . . ને મજાના શેરશેરના. પણ ખસખસને સાટે રામરામ. એમાં ગામડામાં કોણ સમજે ? શંકોરામાં અડદ ને પતરાળામાં લાડવા. બાકી શાકબાકને નામે જે હરિ. પછી ખાઓ ખીચડીને ઘી. પણ શું ઇ દાળનો સવાદ ! શું એ ખીચડી ને ઘીની મીઠાશ ! ખાય એને દાઢે વળગે. લખતાંલખતાં ય મોંમાં પાણી આવે છે તો ! વાંચનારનું શું થશે ?

સાંજ પડચે સુરજ નમે. પેટ ભરાણું હોય. પાણી પીવાતાં જાય ને પગ ગામ ભણી ઉપડે. બેત્રણ ગાઉ જવાનું. ઘેર જઇને સુઈ જવાનું. ધીરેધીરે સૌ ચાલે. ચાંદો ઉગ્યો હોય તો અજવાળામાં ને અંધારૂં હોય તો અંધારામાં, સૌ દડબડ દડબડ ચાલ્યું આવે. વરસાદનો વખત હોય. ખાડાખાબોચિયાં ભર્યા હોય. દેડકાં ડ્રૂં ડ્રૂં બોલતાં હોય. તમરાંની ત્રમઝટ લાગી રહી હોય. રસ્તામાં ખેતર ઉપર ખેતર હાલ્યાં આવે. કોઇમાં જાર હોય, કોઇમાં બાજરી ને કોઇમાં વણ. કોઇએ ઘઉં માટે કોરૂં રાખ્યું હોય.

ખેતરની કેડીએ કેડીએ હાલ્યા જવાનું. કેડી ખુંદાઇ ખુંદાઇને પાકી થએલી. મનમોજી માણસ જેવી. ઘડીક વાંકી ને ઘડીક ચુંકી. ઘડીક દેખાય ને ઘડીક ન દેખાય. ઘડીક ઉંચે જાય ને ઘડીક નીચે ઉતરે.

ત્રણ ગાઉ શે કાપવા, અમારાં જેવાં આઠઆઠ નવનવ વરસનાં બાળકોએ ?

પણ કોક તો હોય જ ના ? વાર્તા ઉપાડે. વાર્તા એટલે શું કહો છો ? નાનાં છોકરાંને તો લાડવાથી ય ગળી વાતો. રસ્તો તો ક્યાં ય ખુટી જાય.

મોટાં ડાંડર ઉભાં હોય. એમાં વાંસામોર હાલ્યાં જતાં હોઇએ. વાર્તાને હોંકારો અપાતો હોય. એવી એવી મઝાની શી વાત ! પગ તો એની મેળે રસ્તો કાપે. એવા હુશિયાર ને હેવાયા થઈ ગએલા કે કેડીની બહાર ન જાય.

એમ કરતાંકરતાં નદી આવે. ખળખળખળ વહેતી હોય. રાતનો ટાઢો પહોર હોય એટલે ખળખળાટ બહુ સંભળાય. ચાંદાનું અજવાળું પડતું હોય તો રૂપાની મોટી હાલતી પાટ જેવું લાગે. અંધારામાં માત્ર કોકકોક ઠેકાણે ધોળા ચમકારા દેખાય. કોઇ પથરા સાથે અથડાવાથી થયા હોય તો.

રેતીના પટમાં સૌ પડે. દાદા ખંભેથી ખડિયો ઉતારે. કાકીમા માથેથી પોટલું હેઠે મુકે. બધાં નદીમાંથી પાણી પીએ. ખોબે ખોબે સૌ મંડી પડે. પેટ ફાટફાટ થાય.

પછી તો ગામ પાસે આવવા માંડે. ગામમાં મોટું ટાવર છે ને એની ચારે કોર ઘડિયાળો છે. અજવાળું

હોય તો આઘેથી જોઇએ, એ . . . . આઠ વાગ્યા. 'આઠ તે હોય? નવ વાગ્યા નવ.' અરે, દેખો તો ખરા, આ મોટો કાંટો દસ પાસે ને નાનો છ પાસે છે. સાડા નવ વાગે છે. એમ ઘડિયાળ જોવાતી જાય ને ગામ પાસે આવતું જાય.

ઘેર આવીએ. બાપા કહેશે, કાલ હવે નીશાળનું કાંઇ નહિ. એ . . . . પડ્યા પથારીમાં. ઘરરર ઘરરર ઘોરવા માંડ્યા. આપણને નીશાળની ફીકરમાંથી મુક્ત કર્યા એટલે પત્યું.

દાદા કોઇવાર આઘેઆઘે પણ લઇ જાય. એકવાર વળાથી સાત ગાઉ છેટે ઉસરડ ઉપાડ્યા.

ઉસરડ પગે ચાલીને જવાનું. પગબરણું લાગે, જોડા પહેરો; ગારો આવે, જોડા હાથમાં ઉપાડો. પગ ગારામાં ગોઠણ સુધી ખુચી જાય. ગારો બરાબર ચોપડાઇ જાય. અમે કહીએ, સાહેબ લોકના બુટ થયા! પગ સાહેબ જેવા ને હાથમાં બુટ! ગમ્મત થાય. ખારી નદી આવે એટલે ખારા પાણીની નદીમાંથી સામે કાંઠે જવું. પથરા પથરા ગોઠવેલા. પથરાથી પગ નીચે ગયા એટલે કેડ સમા પાણીમાં! પછી દાદા વઢે. મો (મુઓ) રેઢિયાળ. સરડો, ભાને નથી રાખતો! પણ પાણીમાં પડીએ તો જ પેલો મીઠાના છાલકા ઉપાડીને જનારો ગધેડો કેમ લપસી ગયો હશે તેનો ખ્યાલ આવે ના? અમને થાય કે ગધેડો આમ લપસ્યો હશે!

પછી ભાઇ રસ્તામાં ઇશાળનો ડુંગર આવે. ધુંધણીમલની વાત સાંભરે. મનમાં થાય કે ઓલી ટેકરી ઉપર ઈ લાંબી દાઢીવાળો બાવો રહેતો હશે. એ હમણાં ક્યાંક નીકળશે તો!



સવાર હોય ત્યાં સુધી તો ઠીક. હવા તાજી ને લીલી ચાલી આવે, ડુંગરા ડાહ્યા દેખાય, ખેતરો સુતાં હોય, રસ્તાની ધુળ ટાઢી હોય, ઝાડ ડોલતાં હોય; આમથી હરણ જાય, તેમથી સસલું દોડે, રસ્તો ઝટઝટ કપાય ને થાક લાગે નહિ. પણ બપોર થવા આવે કે પેટમાં ભુખ લાગે. માથે સુરજ તપે, નીચે પગ બળે. ડુંગરા તો બળુંબળું થતા હોય. ઝાડવાં યે બચારાં ન હલે કે ન ચલે. પંખી સરખું યે ન બોલે તો! બોલે વખતે એકાદ હોલું. અમારા ગાલ લાલલાલ થઇ જાય. થાકીને લોથ થઇ જવાય.

ત્યાં તો એકાદ વાવ કે કોઇ કુવો આવે. ગાડાં છુટ્યાં હોય. મોટા વડનો છાંયો હોય. ઘાંઘળીને પાદર પડાવ પડે. અવેડામાં નહાવા પડ્યા વિના તે કેમ રહેવાય! વઢીવઢીને દાદા બહાર કાઢે. ભાતાં નીકળે. ઢેબરાં, કેરીગુંદાંનાં અથાણાં, ભેલીના ગોળનાં દડબાં! વડની ઘટા નીચે લીલી જારની હવા ખાતાં ઢેબરાંકરીનાં શું સવાદ! તડકો ને બડકો બધું ક્યાંય સુકાઇ જાય.

પછી પાછા ઉપડવાનું. દાદા દયા કરે ને કોકના ગાડામાં બબ્બે ફદિયાં કરીને બેસાડે. આ આમ ઉસરડ ગએલાં.

એક વાર ઉસરડથી પાછાં આવતાં હતાં. દાદા વાંસે રહેલા, અને લખુભાઇ ચોગઠને માર્ગે ઉતર્યા. નદીને સામે કાંઠે એક નાની એવી વાડી. એમાં એક બાવો. અમે વિચાર કર્યો કે આ વાડીમાં ભાતું ખાઇએ.

ભાવનગરમાં મરકી ચાલે. બાવાને ય મરકીના ખબર રાખવા. બાવાજી કહે 'ક્યાંથી આવતા હે?' અમે મનમાં કહ્યું, 'બાવાજી હિંદી બોલે છે માટે આપણે પણ હિંદી બોલવું જોઇએ.' એટલે જવાબ આપ્યો, 'ભાવનગરથી આવતા હે.'

બાવાજી—મરકી કેવાક સાલતા હે?

અમે—મરકી સારા સાલતા હે.

બાવાજી—તમે ક્યાં જવાના હે?

અમે—અમારે ભાતાં ખાવા હે.

બાવાજી—તે ફકર નહિ. ખાવને, આ આપણી વાડી હે.

બાવાજી જાતે કોળી હતા. હિંદીનો ડવો ખાસ અભ્યાસ કર્યો હતો એ તો દેખીતું છે! અને મારો હિંદીનો અભ્યાસ તે દહાડાથી હજી પણ વધારવાની ખાસ જરૂર નથી પડી. આજે પણ જ્યારે મારૂં હિંદી સંભાષણ કરૂં છું ત્યારે આસપાસના મિત્રો હસી પડે છે!

બહારગામમાં કોઇ ઠેકાણે જાનમાં જવાનું પણ આવી જાય. બીજા જાનૈયાનો તો ગમે તેવો અનુભવ હોય, પણ મારાં જેવાં છોકરાંને તો એમાં કેવા-કેવા ય અનુભવ થતા !



'સુરજ ઉગ્યો રે કેવડિયાની ફણશે'

તુટે ને ત્રણ વાર બળદ ભાગે ત્યારે ભાવનગર ભેગું થાય !

અમે ભાવનગરથી ગાડામાં બેસીને આવીએ. ગાડામાં માલ ખડકેલો. અમને તો ઉપરિયામણમાં બેસાડેલાં. હું ને

બાયડીઓની વચ્ચે બેસવાનું તો હોય જ. ઘરેણાં પહેરાવ્યાં હોય તે અમને છુટા શે મુકાય ? ને ભાયડા છોકરાને સાચવે એ કેમ શોભે ?

વહેલાં ચાર વાગ્યે ગાડાં ચાલે. અમે તો ઘોરતા હોઇએ. વખતે જાગતા પણ હોઇએ, પણ ઉંધું માથું ઘાલીને પડ્યા રહીએ. બળદના ગળાની ઘુઘરમાળ સંભળાય, ગાડાના પૈનો ધૂળમાં થતો સળળાટ સંભળાય. બધા મુંગામુંગા બેઠા હોય.

સુરજ ઉગે. ચમારડીના ડુંગર વાંસે દેખા દે. ઇ જ ટાણે બાયડીઓ ગાય:

'સુરજ ઉગ્યો રે કેવડિયાની ફણશે,
કે વાણેલાં ભલાં વાયાં રે.'

કેવું મીઠું લાગે ! ગીત કાંઇ ન સમજાય. પણ એ બધો સુંદર સમય ને એમાં બા, દાદી ને ભાભીનાં ગીતો.

સવારમાં તો બધા હેઠા ઉતરી ચાલે, પણ બપોર થાય એટલે ગાડે ચડવા મન કરે. પછી ગાડું ખીચોખીચ ને બધા એવા તો બેસે !

જાનમાં વાવાનું ગાવાનું ખાવાનું પીવાનું કેટલુંય મળે. નાનાં છોકરાંને નહિ ધરાળ કે નહિ ઉલાળ. ખાધું ને ઉંઘી ગયા એટલે પત્યું. બાકી બધું જોવાનું ને સાંભળવાનું. પણ એ બધું તો એવું તો નવું કે જાણે મોટી શાળામાં મોટું પુસ્તક વાંચવા જેટલું.

ગામડામાં ગાડાની મુસાફરી. મોટરો ને ટપા ગાડીઓ તો હવે થયાં. તે દિ' તો એક ગાડું ને એક એકો. આ ચાલ્યા ગામતરે. સુખલાના એકામાં બે વેંત ધુળ ભરાય ત્યારે વળાથી ધોળા આવે ! રામા ભાભાનું ગાડું બે વાર ઉંધુ પડે ને એક વાર જોતર મારા કાકાનો દીકરો. તડકો થયો. અમે નીચેથી ઉડતી ધુળ ને ઉપરથી પડતો તડકો ખાતા આવતા હતા. એવે વખતે ગાડામાં ઉંઘ આવે છે. મીઠી નીંદરનું ઝોકું આવ્યું, ગાડું સડકેથી ખસ્યું ને અધું ઉંધું ! અમે હેઠે ને અમારા ઉપર ગાડાનો માલ ! ઉંઘબુંઘ ઉડી ગઇ ને 'વૉય વૉય રે, મરી ગીયો રે' ચાલ્યું. પણ ત્યાં તો ઉપરનો માલ ઉપડ્યો ને બહાર અવાયું. મોંઢામાં ધુળ ગરી ગએલી. ક્યાંકક્યાંક ઉઝરડા પણ થએલા. પણ તેનું તો કાંઇ નહિ. હીમખીમ બહાર નીકળ્યા ને !

ગામ બહાર એટલે વળાથી આઘે ય ખરૂં ને નજીકમાં યે ખરૂં. આઘેઆઘેમાં પછેગામના ઉમરાળા. પાસેપાસેમાં વૈજનાથ ને વલ્લભીની જાળ્યો.

દાદા પછેગામ જવા જ ન દે. પછેગામની સાથે તો અપીયા. અમારા બાપદાદાને ને પછેગામના ગરાસિયાને કજીઓ થએલો. બાપદાદાએ પછેગામનું પાણી હરામ કરેલું. ત્યાં જઇએ તો ત્યાંનું પાણી ન પીવાય. પણ ત્યાંનાં આંબાવાડિયાંમાં ગયા વિના કેમ ચાલે ? માંડમાંડ રજા લઇને જઇએ, પાણી ન પીવાનું કહીને. પણ પછી નાનાં છોકરાં તો કેવાં હોય ? પાણી યે પીએ ને ખાય પણ ખરાં. દાદાની બીક લાગે ત્યાં સુધી ન કરે. પછેગામની વાટે વલ્લભીનાં ખંડેરો.

વળાની આજુબાજુ વલ્લભીનાં ખંડેરોએ મોટી જંગીજંગી જાળો, પુરાતન કાળની મોટી ઇંટો, કોક ડેકળેલો જુનો કુંડ તો કોઇ જગ્યાએ જુની વાવનો પાયો, એ બધું રખડીરખડીને જોઇએ. પછી વલ્લભીના રાજ્યનો વિચાર કરીએ. ઐતિહાસિક શૂર મનમાં લાવીએ ને પછી લડાઇ માટે જાળોની સોટીઓ કાપીને

લોહી ચડાવીએ ને કાકુ ને વલ્લભીરાજનું યુદ્ધ આદરીએ.

ઘોડાડામણનું તળાવ અમારૂં ફરવા જવાનું ઠેકાણું. સુંદર તળાવ. ચારે કોર બાવળની ઝાડી. વચ્ચે ડેકા દેતું પાણી. ઝાડીમાં બેસીએ એટલે બહારવટિયાની વાતો ચાલે. એભલ વાળાની વાત ઉપડે. એભલનાં સાચ અને પરાક્રમનાં ગુણગાન થાય. એભલે સુરજ સાથે વેર બાંધ્યાં. તે સવાર પડે ત્યારે આથમણું મોં કરે ને સાંજ પડે ત્યારે ઉગમણું મોં કરે.

તળાવ કાંઠો ઘોર અને ગંભીર લાગે. સાંજ પડે એટલે ઝાડીમાંથી સુરજનાં કિરણો પડતાં બંધ થાય. પાણી કાળું પડે, શાંતિ વધે.

તળાવ ફરતાં ફરવાનું તો ખરૂં. એકાદ સસલું તો ભળાય જ. કેરડાં ને ઝરડાંમાંથી જાય ભાગ્યું.

મીઠું પાણી પીતા, ઠંડી હવા લેતા, નવીનવી વાતો કરતા ને ઘોડાડામણ તળાવે રખડતા.

વળાની આથમણી બાજુએ વૈજનાથ. જુના પુરાતન મહાદેવ. ત્યાં એક બાવો રહે. એ ખાખી બાવો દર વરસે યજ્ઞ કરે. કેટલા યે બાવા ઉભરાય. ચલમો ફુંકાય, શંખ ફુંકાય, ભસ્મ લગાડાય ને 'બોમબોમ' બોલાય.

ખાખી બાવા રામભક્ત હતા. કાગળ પર કેસરની શાહીથી રામરામ લખાવી કાશીએ જાય. રામનામની ગોળી કરી માછલાંને ખવડાવે. અમે ય રામનામ લખેલાં.

યજ્ઞ ચાલે, આહૂતીઓ અપાય, ઘીનો ધુમાડો શીમ આખીમાં ફેલાઈ જાય, ગામ આખું ગાંડું થઈ યજ્ઞને દર્શને આવે, અમે નાનાંનાનાં ટાબરિયાં પણ જ્યાંત્યાં ધુમ્યા કરીએ. મોટાંઓને દેવદર્શનનું, અમારે જોવાનું ને ફરવાનું. મોટાંની મઝા જુદી, અમારી મઝા જુદી. અમને તો પ્રસાદી મળે, શંખ સંભળાય, નગારાં ઢીબવાનું મળે એટલે ચાલ્યું. **ગિજુભાઇ**

જાદુગર

મારે જીવન જ્યારે અંધાર ઉતરે ને તોફાની વાદળ મસ્તીએ ચડે, મારી જીંદગીની પગથીમાં જ્યારે અનિવાર્ય સંકટની ભરતી થાય ને ત્રાહિ-ત્રાહિનું પ્રલયગાન છુટે, ત્યારે મારે અંગોઅંગ તારા પ્રાણવાન મંત્રની ફુંક ફુંકજે, મારા જાદુગર !

બાલકૃષ્ણ

પ્રવાસઘેલા

ગયા માસની મિજલસમાં પેલા જર્મન જુવાનની વાતો અને સુચવાએલા રખડપાટનો માર્ગ વાંચી એક મિત્ર નીચેનો ખરો બનેલો સંવાદ મોકલે છે. એમાંના વિદ્યાર્થીઓની ઉમર ચૌદચૌદ વરસની છે.

'સારા કાકા, આ રજા સહ્યાદ્રિમાં ગાળવા વિચાર છે.'

'પણ ભાઈ, તમે પાછા ક્યારે આવો ?'

'જુનની ત્રીસમી સોરા.'

'ના ત્યારે, એ તો ન ચાલે.' 'કેમ ?'

'મે માસની ૨૨મી તારીખે તો આપણા નવા ઘરનું વાસ્તુ છે. તેમાં તમારે હાજર રહેવું જોઇએ.'

'પણ વાસ્તુમાં અમને જરા ય મઝા નથી. અમારે તો સહ્યાદ્રિમાં રખડવું છે.'

'પણ તે કેમ ચાલે ? આવા શુભ પ્રસંગ ઉપર તમે હાજર ન હો તો તો બધાંને ખોટું લાગે ને ? અને તમારે વૅકેશનમાં કંઇ અભ્યાસ કરવાનો નથી ? તમારા માસ્તરે રજા આપી છે ?'

'હા. તે તો કહે છે કે બસ રખડવા જ જાઓ.'

'તેમને જરા અહીં બોલાવી લાવશો ?'

ઙ્ક

'કેમ સાહેબ, આ છોકરાઓ રજામાં ફરવા જવા ધારે છે, તે સંબંધે આપનો શો અભિપ્રાય છે ?'

'ભલેને જાય.'

'પણ આ ૨૨મી તારીખે અમારા નવા ઘરનું વાસ્તુ છે.'

'તેમાં શું ? તેમને વાસ્તુમાં આનંદ હોય કે મુસાફરીમાં ?'

'પણ રસ્તામાં માંદાસાજા થાય તો ?'

'તે ઘેર કોઈ દિ' માંદા પડતા જ નથી શું ?'

'પણ આ તો ઘર બહાર, ચાકરી કોણ કરે ?'

'એકબીજા અંદરઅંદર સમજી લેશે.'

'તો આપનો અભિપ્રાય એવો છે કે તેઓ ભલે જાય ? આપ તો કહેતા હતા ને કે બંને ગણિતમાં બહુ નબળા છે ?'

'તેની ચિંતા નહિં. રજામાં રહી થોડુંક ગણિત કરશે તેના કરતાં સહ્યાદ્રિમાં રખડશે તે મારે મન વધારે સંગીન કેળવણી છે. લ્યો જય જય.'


'કેમ સારા કાકા, હવે તો જઇએ ને ?'

'હું શું કહું ? તમે મુસાફરીમાં જાઓ એ તો મને પણ ગમે છે, પણ વાસ્તુમાં હાજર નહિં રહો તે સારૂં નહિં દેખાય.'

'જો અમને મુસાફરીમાં જવા નહિ દો તો તમારી ઉપરવટ થઇને અમે નહિ જઇએ, પરંતુ વાસ્તુના દિવસે તો ઘરમાં હાજર નહિ રહીએ એ ચોક્કસ માનજો. આટલા અવિવેક માટે ક્ષમા કરજો.'

'ભલે ભાઈ, તમારી આટલી બધી આકાંક્ષા છે તો જાઓ, ખુશીથી જાઓ; તમને રોકાય શી રીતે ?'

મનુષ્યભક્ષી જંતુઓ



સિંહ, વાઘ, વરૂ, હડકાયાં કુતરાં, રીંછ, સાપ, મગર એ ભયંકર હિંસક પ્રાણીઓ ગણાય છે. ગીરના સિંહે ઘણા માણસોના ભોગ લીધા છે, જંગલોમાં વાઘ વરૂ હજી કોઇકોઇ જોવામાં આવે છે અને હડકાયાં કુતરાંથી માણસ જે મરે છે તે વાંચતાં આપણું હૃદય કંપી ઉઠે છે. આબુ પર ફાડી ખાનારાં રીંછ હોય છે અને સંધ્યાકાળ પછી આબુના અમુક પહાડી રસ્તાઓ પર રીંછની બીકે જઇ શકાતું નથી.

ઝેરી સાપના ભોગ પણ ઘણા ગામડિયા બીચારા વર્ષોવર્ષ થયાં કરે છે અને એના ઇલાજ ઝટ હાથ આવે એવા હજી જડ્યા નથી તેથી લાચારી છે. વાત્રકનાં વાંઘાં અને મહીસાગરનાં કોતરો વગેરે સ્થળોએ મગરો હોય છે, અને ઘેટાંબકરાં સાથે કોઇ વાર માણસોના પણ એ મગરો ભોગ લે છે.

અંગ્રેજનું રાજ્ય થયા પછી આવાં હિંસક પ્રાણીઓનો ઘણો નાશ કરવામાં આવ્યો છે, તેમ છતાં એમનાં ભોગ થએલાં મનુષ્યબંધુઓની કરુણ કથાઓ સાંભળીએ છીએ ત્યારે હજી પણ કંપારી છુટે છે.

કહે છે કે જુના વખતમાં આથી યે મોટાં અને રાક્ષસી પ્રાણીઓ આ પૃથ્વી પર રહેતાં, અને હજી કોઇકોઇ સ્થળે એમનાં હાડપીંજરો મળે છે. એવાં પ્રાણીઓએ ઘણા કાજગરા જીવોના પ્રાણ લીધા હશે, અને માણસોની પાસે જે વખતે બંદુકો કે તોપો જેવાં શસ્ત્રો નહોતાં તેવા જમાનાઓમાં એમનો ભય જેવોતેવો નહિ હોય. આટલું છતાં મનુષ્યજાત હિંસક પ્રાણીઓના પંજામાંથી બચી છે અને દિનપ્રતિદિન આબાદ થતી જાય છે. વીજળી પડવાથી, વરસાદનાં તોફાનોમાંથી અને ધૂમકેતુઓ આવે ત્યારે આવતી ગણાતી આફતોમાંથી—એ બધાંમાંથી મનુષ્ય પસાર થયો છે; તેમ છતાં આ બધાંને ભુલાવે એવી ભયંકર ખાનાખરાબી કરનાર દુશ્મનો, આપણાં ઘરોમાં અને પોળોમા વસે છે, તેને કોઇ સમજતું નથી એ બહુ દિલગીરીની વાત છે.

રોગોના જંતુઓ સૂક્ષ્મદર્શક યંત્ર વગર જોવાતા નથી; પણ એ લાખો લોકોના સંહાર કરે છે. એ ધનુષ્યબાણ, બંદુક, તોપ કે તલવારથી મરાતાં નથી એ મુશ્કેલી છે.


બેસિલસ ડિસેંટેરી એટલે મરડાનાં જંતુ: એમની પ્રથમ શોધ જાપાનના જંતુશાસ્ત્રી શીગાએ કરી. આ જંતુ ચિત્તા કે વાઘ કરતાં વધારે ભયંકર છે. ઝેરી સાપે હજારોને માર્યા હશે ત્યારે આ અસુર, એક ટીપા પાણીમાં એક હજાર લગભગ માઇ જાય એવડો ઝીણો છતાં. લાખો મનુષ્યોના જાન દર વર્ષે લઇ નાખે છે.

એકલા અમદાવાદમાં રોજનાં પાંચ ભોગ આ અસુરો લેતા હશે. તેમાં ચારેક હશે નિર્દોષ બાળકો, અને એકાદ બાળકોની માતા કે ઘરનો ભાર ખેંચનાર મરદ હશે. આમ છતાં, દરરોજનો એક ભોગ લેનાર કોઇ રાક્ષસની વાત આપણે વાંચીએ છીએ ત્યારે જેટલો ત્રાસ થાય છે તેટલો આ ખરી વાત જાણ્યા છતાં આપણને નથી થતો એ આશ્ચર્યની બીના છે.

આ ક્રૂર જંતુનો વળી બીજો એક પીત્રાઇ છે. એનું નામ ટાઇફૉઇડ જંતુ—આંતરડાંના ઝેરી તાવનો જંતુ. એ માણસની વિષ્ટાનો રહેવાસી છે. એ મુળ તો સાહેબલોકોની સાથે એમના દેશમાંથી આવ્યો, પણ અહીં આવ્યા પછી એને અહીંની ભૂમિ એવી માફક આવી ગઇ છે કે આજકાલ એનો વિસ્તાર વધી ગયો છે. પાણી, જમીન અને ખોરાકમાં પણ એ વસે છે, પણ મુળ વિષ્ટામાંથી એને પાણી અને ખોરાકમાં લઇ જનાર માણસો અને માખીઓ છે. જો એકલી વિષ્ટાને જ આપણા લોકો જમીનમાં રોજરોજ દાટી દેતા હોત તો ટાઇફૉઇડ તાવથી દર વર્ષે લાખ્ખો લોકો હિંદુસ્તાનમાં મરે છે તે ન મરતાં હોત!

એકલા અમદાવાદમાં પંચનાં જાજરૂ અને રેતીનાં જાજરૂ ચાર કે પાંચ હજાર છે! વળી માતાઓ પોતાનાં છોકરાંઓને ઘર આગળ અને પોળોમાં ઝાડે ફરાવે છે. ગામડાંમાં પણ લોકો છુટાં ઝાડે ફરે છે અને મેલા પર માટી કે ધુળ સરખી પણ નાખતાં નથી. આ કારણસર મરડા, કૉલેરા, ઝાડા અને ટાઇફૉઇડના કરોડો જંતુઓ, સ્પર્શાસ્પર્શથી અને માખીઓ





ટાઇફૉઈડના જંતુ   કૉલેરાના જંતુ   ધનુર્વાના જંતુ

દ્વારા ચોગરદમ ફેલાય છે અને હજારો ને લાખો માણસોના નાહક સંહાર થઇ જાય છે.


એકલા મૅલેરિયા તાવનાં મનુષ્યભક્ષી જંતુઓ દર વર્ષે આપણી માતૃભૂમિ હિંદુસ્તાનમાંથી ૧૦ લાખ જીવોનો ભક્ષ કરે છે ! અને એક કરોડ મનુષ્યને માંદાં, ફીક્કાં ને બરોળ વધેલાં તથા નબળાં કરી નાખે છે. આમ છતાં જીવદયાના હીમાયતીઓ, સ્વદેશભકતો કે શૂરા ક્ષત્રિયોના માથાનો વાળ સરખો હાલતો નથી એ નવાઇ જેવું છે !

ક્ષયથી આપણાં શહેરો અને ગામડાં ઘેરાએલાં છે. અમદાવાદમાં રોજનાં ત્રણ માણસો ક્ષયથી મરે છે. એ પ્રમાણે બીજાં ગામ અને શહેરોની સ્થિતિ વિચારો એટલે સમજાશે કે અત્યાર સુધીમાં હિંદુસ્તાનના ભોરીંગો, વાઘ અને સિંહો કરતાં એકલા ક્ષયના જંતુઓ વધારે ભયંકર છે કે નહિ !

આ ઉપરાંત ત્રિદોષ, કહોવાણ, ધનુર, ઇન્ફ્લુએન્ઝા, પ્લેગ ઇત્યાદિ જંતુઓએ મળીને, દેવતાઈ અંશવાળી મનુષ્યજાતિનો જે ઘાણ કાઢવા માંડયો છે તેની સંખ્યા ગણતાં એમ લાગે છે કે જ્યારથી આપણો ઇતિહાસ જાણવામાં આવ્યો છે ત્યારથી આજ સુધીમાં, હિંસક પ્રાણીઓએ જેટલાં માણસ માર્યાં હશે તેના કરતાં વધારે માણસોને આ જંતુઓ એક દિવસમાં મારે છે !

સિંહ જોડે લડનારા, વાઘના શીકારી, સાપની ઝેરી કોથળી કાઢી લેનારા એવા ઘણા વીર પુરુષો થઇ ગયા. આ જમાનામાં એકલા મૅલેરિયાના કે ક્ષયના જંતુઓની સામે જીત મેળવનાર કોઇ બહાદુર નીકળશે ?

આ જંતુઓ ખરેખર બહુ જ નાના છે. પરંતુ અસુરો, રાક્ષસો, ભૂતપિશાચો કે ડાકણ જોગણીઓની જોડી કાઢેલી અને ખરી વાતો કરતાં યે આમની સંહારક શક્તિ વધારે છે !




પ્લેગના જંતુઓ

એમનાં કુટુંબોના વિસ્તાર તમે જાણો છો ? સૌ૦ જંતુબાઇને કેટલાં છોકરાં થાય છે તે ગણો. જન્મ્યા પછી દસ મિનિટે બાળક જંતુ કિશોર થાય છે; અરધા કલાકની ઉંમરે એને છોકરો થાય છે અને એક કલાકે તો એ દાદો કે દાદી થઈ જાય છે !

ફક્ત અરધા કલાકે એકનાં બે થાય છે એટલી સરેરાશે ગ-



ક્ષયના જંતુ



મરડાના જંતુ

ણીએ તોપણ, ચોવીસ કલાકની ઉમરે, એક જંતુનાં સત્તર પરાર્ધ એટલે સત્તર હજાર અબજ જંતુ થઈ જાય છે !

એક જંતુ ઝીણો ખરો, પણ ત્રણ કે ચાર દિવસમાં એ એક જ જંતુનો વિસ્તાર વિચારો તો જણાશે કે સિંહ કે હાથી કે જુના વખતના કોઇ પણ રાક્ષસી પ્રાણી કરતાં એ બધાનું ભેગું કદ નાનું નહિ રહે !

કોઇપણ રોગનો એક જ જંતુ લઇએ, એને પુરતું ખાવાપીવાનું કે અનુકુળતા આપીએ તો એક દિવસમાં આખા મુંબાઈ કે કલકત્તા શહેરનો એનાથી નાશ કરવો હોય તો કરી શકાય !

સુભાગ્યે આ ભયંકર જંતુઓને હાથપગ કે પાંખો નથી. એમનાથી દોડવાનું કે ઉડવાનું કે હાલવા ચાલવાનું નથી થઇ શકતું. કોઇકોઇ તરે છે ખરાં. પણ એમને એક સ્થળેથી બીજે સ્થળે લઇ જનાર વાહનો જોઇએ છે. જંતુ ભલે ઝીણો રહ્યો, પણ એનાં વાહનો તો આંખે જોઈ શકાય એવાં મોટાં હોય છે.

ચાર રીતે એ પ્રસરે છેઃ (૧) મળમૂત્ર દ્વારા, (૨) ગળફા થુંક કે લીંટ મારફતે, (૩) માંદા માણસના સ્પર્શથી, (૪) ચાંચડ મચ્છર કે માકડ દ્વારા.

આ ઉપરથી જોઇ શકશો કે આમને પ્રસરતા અટકાવવા એ બહુ સહેલું છે. શ્રીયુત કે શ્રીમતી જંતુને એમના આખા યે કુટુંબ સાથે, એક જ સ્થળે બંદીવાન કરી મુકવા એ આપણે મન પર લઇએ તો થઇ શકે એવું છે. એમના સ્વભાવનું જ્ઞાન, એમની રહેણીકરણી, એમનાં ઝેર વગેરે વિષે આરોગ્યશાસ્ત્રના જ્ઞાનથી ઘણું જાણી શકાય છે.

એકેએક ગૃહિણી અને ગૃહસ્થ, ગામડામાં રહેનાર કે શહેરી, મ્યુનિસિપાલિટી અને મહાજન, આ છુપા દુશ્મનોનો નાશ કરવાનું કામ કરે તો કેવું સારૂં ? લાખ્ખો કરોડો મનુષ્યોને બચાવી શકાય એવા પરાક્રમનું આ કામ છે.

'કુમાર'નાં વાચકોને શૂરવીર અને દેશસેવક બનવાનું બહુ વાર કહેવામાં આવે છે. મારી માગણી એવી છે કે તમે લડાઇઓમાં લડી પ્રતાપ કે શિવાજી ન થઇ શકો તો કાંઇ નહિ, પણ આ મનુષ્યભક્ષી જંતુઓનો નાશ કરવાનું મહા પુણ્ય અને કીર્તિનું કામ કરશો ?

(અંગ્રેજી ઉપરથી) **હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ**

દરેક વાંચનાર માટે
નવી ઈનામી હરીફાઈ

'હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથ' જેણે પુરેપુરો વાંચ્યો હોય તેઓ તેની પ્રશસ્તિ (કદર) રૂપે 'કુમાર'ના એક કૉલમ જેટલું લખાણ મોકલી આપે. એ બધામાં શ્રેષ્ઠ નીવડનારને પાંચ રૂપિયાનું ઇનામ મળશે. :: આ હરીફાઈ બે માસ સુધી ખુલ્લી રહેશે. દરમ્યાન જેણે એ ગ્રંથ નહિ વાંચ્યો હોય તેને વાંચી જવાની તક મળશે. ખરીદવા ઇચ્છનારને એ ગ્રંથ અમદાવાદમાં 'કુમાર કાર્યાલય'માંથી અને મુંબાઇમાં એન. એમ. ત્રિપાઠીને ત્યાંથી મળી શકશે. :: લખાણ ચોખ્ખે અક્ષરે, શાહીથી, કાગળની એક બાજુએ લખી તંત્રી 'કુમાર', રાયપુર અમદાવાદ, એ સરનામે મોકલવું અને કવરને ઉપલે ડાબે ખુણે 'સ્મારક-ગ્રંથ હરીફાઈ' એમ લખવું. :: ગ્રાહક કે બીનગ્રાહક ગમે તે માણસ આ હરીફાઇનો લાભ લઇ શકશે. ઇનામ માટે તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે.



વખત ઝડપ અને અંતરની ગણત્રી

[સ્કાઉટિંગ]

આપણે જ્યારે બહાર પગરસ્તે અથવા ગાડા રસ્તે મુસાફરી કરતા હોઇએ છીએ ત્યારે નીચેનો અનુભવ તો ઘણો જ સામાન્ય થઇ પડે છે.

'ભાઈ, અહીંથી પેલું ગામ કેટલું દૂર?'

'અરે આ રહ્યું. હશે બેત્રણ માઇલ.' પણ ઘણી વાર તો આ ત્રણ માઇલ તેર માઇલ જેટલા થઈ પડે છે. અમે પેલી કાસંદ્રાની કાંટમાં ભુલા પડ્યા ત્યારે માઇલની આવી જ ગણત્રી થઇ હતી. આ જ રીતે, જ્યારે આપણે બહુ જ થાકેલા હોઇએ અને ઘર તરફ પાછા ફરીએ, ત્યારે એક માઇલ પાંચ માઇલ જેટલો લાંબો થઇ પડે છે. કોઇ મકાન, ઝાડ, ટાવર કે પર્વતના શિખરની ઉંચાઇ માપવામાં પણ આવી જ ભુલ થાય છે. ટુંકામાં વખત, ઝડપ અને અંતરની ગણત્રીનું આપણું જ્ઞાન ઘણું જ ઓછું છે. પરંતુ જંગલમાં હમેશાં મુસાફરી કરતા, હિંદુસ્તાનના પ્રાંત પછી પ્રાંત પગ પર અથવા સાઇકલ પર ફરી વળતા સ્કાઉટને આવી ખોટી અટકળ પાલવે નહિ. તેઓનું વખત, ઝડપ અને અંતરનું જ્ઞાન વિશેષ ચોક્કસ જોઇએ. આ અંદાજો લગભગ સાચા આવે માટે નીચેની થોડી રીતો ખાસ યાદ રાખવા જેવી છે.

જો કોઇ સ્કાઉટ પચાસ પગલાં ચાલે અને પચાસ પગલાં દોડે તો દર બાર મિનિટે એક માઇલ મુસાફરી કરે; એટલે એક કલાકે પાંચ માઇલ જાય. આ ઉપરથી જો તેની પાસે ઘડિયાળ હોય તો તેણે કેટલા માઇલ મુસાફરી કરી તે તે સહેલાઇથી કહી શકે. જો તેને બે સ્થળો વચ્ચેના અંતરની ખબર હોય તો ઉપરોક્ત રીતે ચાલતાં કેટલો વખત લાગ્યો તે પણ તે કહી શકે. આ ઉપરાંત દરેક સ્કાઉટે પોતે સાધારણ રીતે ચાલે ત્યારે દર કલાકે કેટલું ચાલે છે તે નક્કી કરી રાખવું જોઇએ. હું પોતે દર ચૌદ મિનિટે એક માઇલ ચાલું છું.


જ્યારે ટ્રેનમાં મુસાફરી કરતા હોઇએ ત્યારે ટ્રેન કેટલી ગતિથી ચાલે છે તે જાણવું બહુ જ સહેલું છે. આ ગણત્રી કરવા માટે સાધનમાં આપણી પાસે માત્ર સેકંડ કાંટાવાળું એક ઘડિયાળ જોઇએ. ટ્રેનના પાટાની પાસેપાસે ચાલ્યા આવતા તારના થાંભલા પર બે જાતના આંકડા લખેલા હોય છે. તેમાં ઉપરનો આંકડો એકનો એક રહે છે, જ્યારે નીચેનો આંકડો દર થાંભલે બદલાય છે. લગભગ વીસ કે એકવીસ થાંભલા પસાર થયા પછી બંને આંકડા બદલાય છે. એક માઇલની અંદર લગભગ વીસ થાંભલા હોય છે. ઉપરનો આંકડો કુલ માઇલ દર્શાવે છે, જ્યારે દર થાંભલે બદલાતો નીચેનો આંકડો થાંભલાનો નંબર દર્શાવે છે. ઘડિયાળ કાઢી સેકંડ કાંટો તેમજ થાંભલાનો નીચેનો નંબર જોઇ લેવો. વીસ થાંભલા પસાર થયા પછી પાછો તેનો તે નંબર આવે ત્યારે એક માઇલ થયો સમજવો, અને તેટલું અંતર કાપતાં કેટલો વખત થયો તે ઘડિયાળમાં જોઇ લેવું. ઘણી વાર બે મિનિટે એક માઇલ ટ્રેન ચાલતી હોય છે, તો આપણે કહી શકીએ કે કલાકના ત્રીસ માઇલની ઝડપે ટ્રેન ચાલે છે. ટ્રેનમાં અને મોટરમાં વારંવાર મુસાફરી કરનારની આંખ એવી તો ટેવાઈ ગઇ હોય છે કે બહારનાં પસાર થતાં ઝાડ અને ખેતરો જોઇ તેઓ ટ્રેન અથવા મોટરની ઝડપ કહી શકે છે.

લડાઇમાં નાનાં અંતરોની અટકળો બહુ જ સારી આવવી જોઇએ. કેમકે નક્કી કરેલાં અંતરો પ્રમાણે બંદુકો અને તોપોનાં નીશાનો ગોઠવવાનાં હોય છે. ૫૦૦ વારે આંટતી બંદુક ૫૦૦૦ વાર પર નીશાન

લઇ શકે નહિ. ચાલતી લડાઇમાં એકદમ અંતર માપી શકાય માટે જર્મનોએ નીચેની પદ્ધતિ ગ્રહણ કરી હતીઃ ૫૦૦ વારને છેટે લશ્કરનાં કપડાંનો રંગ બરાબર દેખાય. ૪૦૦ વારને છેટે માત્ર પગો ચાલતા હોય તે દેખાય. ૩૦૦ વારને છેટે માણસોના ચહેરા દેખાવા લાગે. ૨૦૦ વારને છેટે કપડાં પરના ચાંદા અને પટ્ટીઓ દેખાય. ૧૦૦ વારને છેટે માણસોની આંખો ટપકાં જેવી લાગે. ૫૦ વારને છેટે ચહેરા ને આંખો બરાબર ચોખ્ખાં દેખાય.


બીજી રીત પ્રકાશ અને અવાજની ગતિ ઉપરથી અંતરનું માપ કાઢવાની છે. પ્રકાશ ને અવાજની ગતિમાં બહુ જ ફેર છે. અવાજ દર સેકંડે માત્ર ૩૬૫ વાર મુસાફરી કરે છે, જ્યારે પ્રકાશને તેટલું થોડું અંતર કાપતાં બીલકુલ વખત લાગતો નથી, કેમકે તે દર સેકંડે ૧૮૦૦૦૦ માઇલ ચાલે છે. તોપ જેવી ફુટે કે તરત જ તેનો પ્રકાશ દેખાય, પણ અવાજને આવતાં તો થોડોક સમય લાગે. તે સમય જો ઘડિયાળથી માપી શકીએ તો તોપનું અંતર બહુ જ સહેલાઇથી શોધી શકાય. દૂર ફુટતી એક તોપનો પ્રકાશ દેખ્યા પછી જો બે સેકંડ બાદ અવાજ સાંભળીએ તો આપણે ચોકસ કહી શકીએ કે આપણાથી તોપ ૩૬૫×૨ વાર દૂર છે.

મુસાફરી કરતાં રસ્તામાં આવતી નદીની પહોળાઈ માપવાની પણ એક રીત છે.



નદીને સામે કિનારે કોઇ એકાદ ઝાડ ધારવું અને આ કિનારે તેની બરોબર સામે 'અ' પાસે એક લાકડી ખોડવી. ત્યાંથી કાટખુણે પચાસ પગલાં 'બ' સુધી ચાલી ત્યાં એક બીજી લાકડી ઉભી કરવી અને 'બ' થી 'ક' સુધી બીજાં પચાસ પગલાં ચાલવું પછી 'ક'થી 'ડ' સુધી કાટખુણે ચાલીને એવું સ્થળ શોધી કાઢવું કે ત્યાં ઉભી કરેલી લાકડી, 'બ' વાળી લાકડી અને સામા કાંઠા પરનું ઝાડ ત્રણે સીધી લીટીમાં દેખાય. આ પ્રમાણે થાય ત્યારે સમજવું કે 'ક' અને 'ડ' વચ્ચેના અંતર જેટલી જ નદી પહોળી હોય. નદી પર લડાઈના અગર અગત્યના પ્રસંગે કામચલાઉ પુલ બાંધવો હોય ત્યારે આ રીત બહુ જ ઉપયોગી છે, કેમકે નદીની પહોળાઇ જાણ્યા સિવાય પુલ માટે કેટલાં લાંબા દોરડાં જોઇશે તે કેવી રીતે નક્કી થાય?

આ જ પ્રમાણે ઝાડ, ટાવર કે પર્વતની ઉંચાઇ માપવાની પણ રીત છે. એક સ્કાઉટે ચિત્રમાં 'ગ' આગળ બતાવ્યા પ્રમાણે આંખ રાખી જમીન પર સુઇ જવું. બીજા સ્કાઉટે લાકડી 'ક' 'ડ' આંખ અને ઝાડની વચ્ચે ઉભી



રાખી આમતેમ ખસેડવી. જ્યારે લાકડીનો 'ક' છેડો ઝાડની ટોચ સાથે બરાબર મળી જાય, અથવા ઝાડ બરાબર લાકડીથી ઢંકાઇ જાય ત્યારે આટલાં અંતરો માપી લેવાં: 'બ' ને 'ગ' વચ્ચેનું અંતર, 'ડ' ને 'ગ' વચ્ચેનું અંતર તથા લાકડીની લંબાઇ. પછી તેનો હીસાબ આ પ્રમાણે કરી લેવો : લાકડીની ઉંચાઇ (ક ડ) ને લાકડી તથા આંખ વચ્ચેના અંતર (ડ ગ) વડે ભાગી, ઝાડ તથા આંખ વચ્ચેના અંતર (બ ગ) વડે ગુણવાથી ઝાડની ઉંચાઇ (અ બ) મળી રહેશે.

આ ઉપરાંત સ્કાઉટે નાનાં મોટાં માપ લેવા માટે પોતાની આંગળીનો કયો વેઢો એક ઈંચ છે, પોતાની વેંત કેટલા ઈંચની છે, હાથ કેટલો લાંબો છે, ચાલે છે ત્યારે પગલું કેટલા ફુટનું થાય છે, પોતાની ઉંચાઇ બરોબર કેટલી છે, વગેરેની ચોકસ નોંધ રાખવી જોઇએ અને તે માપો યાદ રાખી લેવાં જોઇએ. કાંઇ-પણ સાધન સિવાય જંગલમાં ચોકસ માપ કરવામાં આ બાબતો બહુ જ અગત્યની છે.


હવે વખતના માપ બાબત આપણે વિચારી જોઇએ. હિંદુસ્તાનમાં પ્રભુની કૃપાથી સૂર્યની ગતિ એટલી તો નિયમિત છે અને આકાશ લગભગ એવું તો ચોકસ રહે છે કે આકાશમાં સૂર્યને જોઈ આપણે કહી શકીએ કે વખત શો થયો છે. અજવાળિયામાં ચંદ્ર ઉપરથી રાતનો કયો પ્રહર છે તે બહુ જ સહેલાઇથી

કહી શકાય છે. જો સૂર્યાસ્તના સમયની આપણને ખબર હોય તો અંધારિયામાં ચંદ્રોદય પરથી બરાબર કેટલા વાગ્યા તે કહી શકાય. ચંદ્ર દરરોજ ૫૦ મિનિટ મોડો ઉગે છે. એટલે તિથિને પચ્ચાસે ગુણવાથી ચંદ્રોદય ક્યારે થશે તે એકદમ કહી શકાય. જેમકે અંધારી ત્રીજ હોય તો આપણે કહી શકીએ કે સૂર્યાસ્ત પછી ૩×૫૦=૧૫૦ મિનિટ ચંદ્રમા ઉગશે. આ ઉપરાંત દરેક માસને માટે નક્ષત્રો પણ એવાં છે કે તે માસમાં તે જ નક્ષત્ર સૂર્યાસ્ત પછી પૂર્વમાં દેખાય અને સૂર્યોદય સમયે પશ્ચિમમાં અદ્રશ્ય થાય. આપણે જો આ નક્ષત્રો પીછાનતા હોઇએ તો રાતમાં ગમે તે સમયે નક્ષત્ર પરથી શો સમય થયો છે તે કહી શકીએ. કાર્તિક માસમાં કૃતિકા નક્ષત્ર, માગશરમાં મૃગશર, પોષમાં પુષ્ય ઈત્યાદિ જાણવા જેવાં અને સહેલાઇથી યાદ રહે તેવાં છે. તે નક્ષત્રો પરથી તે માસમાં રાત્રિએ કેટલા વાગ્યા તે આપણે બહુ જ સહેલાઇથી કહી શકીએ છીએ.

મારૂં વતન રેલવે સ્ટેશનથી બાર માઇલ દૂર છે. જ્યારે મારે સવારની ટ્રેન પકડવી હોય ત્યારે મારો ગાડીવાળો રાતમાં મને જગાડે અને કહે, 'ઉઠો, જુઓ હરણુ (મૃગશર) માથે આવ્યાં; મધરાત થઈ ગઇ.' જો ઘડિયાળ હોય ને જુઓ તો રાતનો લગભગ એક વાગ્યો હોય. કેટલું ચોક્કસ જ્ઞાન! દરેક સ્કાઉટે આ અવશ્ય જાણી લેવું જોઇએ. **ગજાનન ભટ્ટ**

જ્ઞાનલીલા


ગયા માસની જ્ઞાનલીલાના આવેલા ઉત્તરોમાંથી બે જ જણના જવાબ પુરા સાચા છે: સુધીર શંકરપ્રસાદ દેસાઇ–ભાવનગર, અને છગનલાલ ભગુભાઈ સોલંકી–વાંકાનેર. ખરા જવાબ આ રહ્યા: **શોધી કાઢો:** (૧) મહેફિલ, મહેતલ, મહેસુલ. (૩) નર્મદાશંકર; (૪) રાખ વિના, પાયા વિના, પાટા વિના; (૫) ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર; ગરજવાનને અક્કલ ન હોય; ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ; નિમાજ પડતાં મસીદ કોટે વળગી; અતિ લોભ તે પાપનું મુળ.



(૨) લંબચોરસ કાગળના કરેલા પાંચ ટુકડાનો બનેલો સમચોરસ;

ગણિતગમ્મત (૧) ૩૦૧; (૨) સવિતા ૨૧ વર્ષની, સાવિત્રી ૯ વર્ષની; (૩) ૬૩ ને ૯. **શબ્દગોઠવણ**: દીનાર, બનાસ (અથવા ચીનાબ) આફત, ખડ્ગ, કાનમ, ભાવિક, અને કસબ.

નવા સવાલ



આ વર્તુળમાં બતાવ્યા મુજબ દસ બીલાડીઓ બેઠી છે. એ જ વર્તુળમાં બીજાં ત્રણ વર્તુળ એવાં દોરો કે દરેક બીલાડી છુટીછુટી એકેક ખાનામાં વહેંચાઇ જાય. (ગો. દા. શા.)

શબ્દગોઠવણ: બાજુમાં બતાવેલા આકારમાં, ક્રમ મુજબ એવા શબ્દો ગોઠવો કે નીચે મુજબના અર્થ નીકળે:

૧
૨ ૩ ૪
૫ ૬ ૭ ૮ ૯
૧૦ ૧૧ ૧૨
૧૩

૧,૩,૭,૧૧,૧૩-મુંબાઈ ઇલાકાનું એક ગામ; ૫,૬,૭,૮,૯-ગુજરાતનું એક અતિ નાનકડું પણ અત્યંત પ્રસિદ્ધિ પામેલું ગામડું; ૧૦,૧૧,૧૨-સ્ત્રીનું એક આભૂષણ; ૨,૩,૪-બહાર જતી વસ્તુ; ૪,૮,૧૨-યુદ્ધ; ૧,૧૩-માથું.

ગણિતગમ્મત: (૧) બે ભાઇ મેળામાં જતા હતા. બંને પાસે અમુક રકમ હતી. નાના ભાઇએ મોટાને કહ્યું કે તમે મને એક રૂપિયો આપો તો આપણી બંનેની પાસે સરખું નાણું થાય. તો મોટો કહે, તું મને એક રૂપિયો આપે તો મારી પાસે તારા કરતાં સત્તરગણું થાય. તો બંને પાસે કેટલી રકમ હશે? (ભ. ન.) (૨) નરેન્દ્ર, કાન્તિ અને અનુપ, ત્રણ મિત્રો મળીને એકવીસ પેટીઓ લાવ્યા. તેમાંની સાત પુરી ભરેલી, સાત અરધી ભરેલી ને સાત ખાલી હતી. તેમને તે પેટીઓ એવી રીતે વહેંચી આપો કે દરેકને સરખી પેટીઓ ને સરખો માલ આવે. (ગો. દા. શા.) **શબ્દશિરચ્છેદ**: એક નદીના નામનું શિર છેદ્યું તો દુશ્મન ઉભો થયો; એક અનાજનું માથું વાઢ્યું તો કસબ મળ્યો; એક કવિના નામનો શિરચ્છેદ કર્યો તો મેલ હાથ આવ્યો. એ ત્રણ શબ્દો કયા?

શોધી કાઢો: ૪૮ અક્ષરની ભુજંગી છંદની એક જાણીતી કડી છે. તેનો ૬ઠ્ઠો ને ૪૮મો અક્ષર મળીને બોલી એવો અર્થ નીકળે છે; ૩૭,૩૮નો અર્થ ફોગટ થાય છે; ૧૧ ને ૨૮ મળી પૈસા અર્થ નીકળે છે; ૩૧ થી ૩૬નો બનેલો શબ્દ એ ઉંચા ગુણવાળું વિશેષણ છે; ૧-૨, ૧૩-૧૪ અને ૨૫-૨૬ મળીને થતા ત્રણે શબ્દો એક જ છે ને નકાર કરે છે. ૧૫મો અને ૪૩મો મળીને વાચા એવો અર્થ થાય છે. ૧૯મો અને ૪૨મો મળીને એવો શબ્દ ઉત્પન્ન કરે છે જે વિના ટેબલ, ખુરશી, ખાટલો કે મકાન ઉભું રહી ન શકે. ૨૩-૨૪ મળીને માટે એવો અર્થ થાય છે. અને ૩,૪,૫ થી થતો શબ્દ તમારામાં હોય તો તમે વિદ્વાન બની જાઓ. એ કડી કઇ?

પાન ૨૩૯થી **ઈંગ્લંડની નીશાળમાં** આગળ ચાલુ

અને લખનાર બાઇ સિંહની મા થાય ?'

'સિંહ પોતાની માનું નામ કહેવાની ના પાડે છે, માટે આ તેની મા જ હોવી જોઇએ.' વ્હેપે દલીલ કરી.

'તારી રીતભાત જો હવેથી બરાબર નહિ જોવામાં આવે તો તને શી સજા કરવી તે મને બરાબર આવડે છે. જાઓ અહીંથી.' ગૅરેટે રૉફ માર્યો અને છોકરા ત્યાંથી ચાલ્યા ગયા. માત્ર સિંહ જ પોતાની ચોપડીઓ ભેગી કરવામાં રોકાયો હતો તે જ્યારે જવા માટે તૈયાર થયો ત્યારે ગૅરેટે તેને પુછ્યું, 'સિંહ, આ પત્ર તારી માએ લખેલો છે ?'

'ના, મારી મા કોઇ દિવસ આવી બાબત પર લખે જ નહિ, અને આ પત્ર તેણે લખ્યો જ નથી.' સિંહે સ્પષ્ટ જવાબ આપ્યો.

'જો, હવેથી પેલા રખડાઉ છોકરા તને હેરાન કરે તો મને કહેજે; હું તેનો બંદોબસ્ત કરીશ.' ગૅરેટે કહ્યું.

સિંહ તેનો ઉપકાર માની પોતાની ઓરડીએ ગયો.

ક્ર

આ પ્રમાણે ગૅરેટના અકસ્માત આવવાથી સિંહ પોતાના પંજામાંથી છટકી ગયો એ વાત વ્હેપને જેટલી દુઃખકર થઇ તેના કરતાં લેડી વૅારનના ભત્રીજાની, એક સારા ક્રિકેટીઅરની, અને પોતાના વર્ગના નાયક, એવા પોતાની આબરૂ ગૅરેટે બધાની સમક્ષ ધુળ ભેગી કરી નાખી. અને તે પણ હિંદુસ્તાનના એક છોકરા સમક્ષ, એ વાત તેને વધુ દુઃસહ થઇ પડી.

ડેન લૉજના હેડ-બૉય, ક્રિકેટ ટીમના કૅપ્ટન અને પોતાનાથી ઉમરમાં બમણા મોટા ગૅરેટ પર વેર લેવું તો અશક્ય હતું, પણ આ અપમાનનો બદલો નાના સિંહ પર લઇ પોતાનો ક્રોધ શમાવવો તે બાબત પર વ્હેપ કૃતનિશ્ચય થયો, અને જે છાપામાંથી પોતાને સિંહને પજવવાનો ખોરાક મળ્યો હતો તે છાપાનો તેણે આશ્રય શોધ્યો. દરરોજ વહેલો ઉઠી સવારે ધ પબ્લિક વૉઇસ અથથી ઇતિ સુધી વાંચી જવાની ટેવ પાડી. એક દહાડો સવારે છાપામાંની એક હકીકત વાંચતાં જ તે ધ્રુજી ઉઠ્યો. છાપાના કાગળ જેવો તેનો ચહેરો સફેદ થઇ ગયો અને છાપું એવા તો જોરથી હાથમાં પકડયું કે જાણે તે તેના ટુકડેટુકડા કરી નાખશે. ક્લાસમાં જવાની તો તેની હીંમત જ રહી નહિ અને તે સીધો સ્કુલના ડૉક્ટર પાસે ગયો.

'કેમ વ્હેપ, શું છે ?' ડૉક્ટરે પુછ્યું.

'ટાઢ વાય છે અને તાવ આવ્યો લાગે છે, તો મને આજ વર્ગમાં ન જવાની રજા અપાવો.' વ્હેપે કહ્યું.

'કેટલો તાવ છે તે માપી જોયું ?' ડૉક્ટરે પુછ્યું.

'હા, એકસો ને વીસ ડિગ્રી !' વ્હેપે અડાવ્યું.

ડૉક્ટર સહેજ હસ્યો અને કોઇની પણ શરમ ન રાખે તેવું થર્મોમિટર વ્હેપના મોંમાં મુકી જોયું.

'તને બીલકુલ તાવ નથી; તારે ક્લાસમાં જવું જ પડશે.' થર્મોમિટર જોતાંજોતાં ડૉક્ટરે જણાવ્યું, અને ફિક્કો પડી ગએલો વ્હેપ હવે ક્લાસમાં શું કહેવું તે ગોઠવતો ધીમે પગલે ક્લાસ તરફ વળ્યો.

વ્હેપની ચિંતાનું કારણ માત્ર તે જ સવારે ધ પબ્લિક વૉઇસમાં પ્રસિદ્ધ થએલ એક પત્ર હતો. તે પત્ર તેનાં માનવંતાં ફઇબા લેડી વૅારને લખ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે તેઓ મીનાક્ષી સિંહના પત્રને અક્ષરે અક્ષર મળતાં છે, અને તે બાબત પર વિશેષ સખ્ત ટીકા કરી લખ્યું હતું કે આ લેખ સાથે હું મારા પોતાના સરનામાનું કાર્ડ મોકલું છું !

'કાં તમે વાંચ્યું ?' ક્લાસમાં દાખલ થતાં વ્હેપે સૌને પુછ્યું. 'હા, મેં વાંચ્યું, પણ તે તદ્દન તરકટ હોવું જોઇએ. તમારાં ફઇબા આવું કાંઇ લખે જ નહિ.' પેડલે બચાવ શોધી કાઢી વ્હેપની ખુશામત કરી. બીજા બધા વિદ્યાર્થીઓએ આ સુચના ઉપાડી લીધી.

'હું તો તે વાંચીને બહુ જ ખુશ થયો છું. તમારે વ્હેપની જેટલી ખુશામત કરવી હોય તેટલી કરો; પણ લેડી વૅારનનો પત્ર બરાબર જ છે.' બારણામાં આવી ઉભા રહેલા નાના સિંહે ઉપરનું વાક્ય ઉચ્ચાર્યું. આટલું લાંબું વાક્ય તે આજદિન પર્યંત કદિ બોલ્યો ન હતો !

'મારાં ફઇબા લખે જ નહિ. તેં જ તારે ઘેર, અમે તને કેવો હેરાન કરીએ છીએ તે લખેલું, તેથી તારાં માએ લેડી વૅારનના નામથી આ બીજો પત્ર છપાવ્યો છે. તદ્દન તરકટ અને જુઠાણું છે.' વ્હેપે ગુસ્સે થઇ સિંહને કહ્યું.

'પણ પત્ર સાથે સરનામાનું કાર્ડ મોકલેલું છે, તે કાંઈ બીજું કોઇ બનાવી શકે નહિ.' સિંહે દલીલ કરી. દલીલ એવી હતી કે વ્હેપને તેનો કાંઇ ખાસ જવાબ જડયો નહિ. પેડલ પણ કાંઈ બીજી બારી શોધી શકયો નહિ. સૌ છોકરા અંદરઅંદર કોણીઓ મારી વ્હેપની બગડી જતી બાજી જોવા ઉત્સુક થયા.

‘ તું પણ જુઠ્ઠો છે, અને તારી મા પણ હલકી છે. તમે બંનેએ મળી આ કાવતરૂં મારી વિરુદ્ધ કર્યું છે. તમે નીચ અને . . . . . ’

પરંતુ વ્હેપ પોતાનું આ વાક્ય પુરૂં કરી શક્યો નહિ. એકાએક સિંહે તરાપ મારી વ્હેપના મોઢા પર એક એવો તો સજ્જડ તમાચો માર્યો કે વ્હેપ નીચે ગબડી પડ્યો. બીજા છોકરા હવે હીંમતમાં આવી ‘સાબાશ, સિંહ, સાબાશ !’ બોલવા લાગ્યા. આટલા નાના છોકરાની આ હીંમત જોઇ બધા ચકિત થઇ ગયા. સિંહ આવેશમાં ધ્રુજતો હતો. પોતાને થતા અપમાનની અથવા હરકતની તેને બહુ નહોતી પડી, પણ જ્યારે પોતાનાં માતુશ્રીના નામને પણ ગમે તેમ વપરાતું જોયું ત્યારે તેનો ગુસ્સો હાથમાં રહી શક્યો નહિ અને તેણે વ્હેપ પર હુમલો કર્યો. એક નાના છોકરાથી પોતે ગબડી પડ્યો તથા પોતે જેને પોતાના માનતો હતો તે વિદ્યાર્થીઓ પણ સિંહને સાબાશી આપવા લાગ્યા, એ જોઈ વ્હેપ ખુબ શરમાઈ ગયો. સિંહ પર તેને ખુબ ઝાંઝ ચડી, પણ શું કરવું તે સુઝ્યું નહિ. પોતે સિંહની માનું વિના કારણ કરેલું અપમાન તે એક ભારે ગુન્હો છે એમ તેને લાગ્યું. ગૅરેટે આપેલ ધમકી પણ યાદ આવી અને છાપામાં આવેલ પત્ર લેડી વૅારને લખેલો નીકળે તો માસ્તરો શું કહેશે એ વિચારની પરંપરાથી માર ખાધેલા કુતરા જેવો લપાતોલપાતો બેન્ચ પર જઇને બેસી ગયો અને પેડલ સાથે છાનોમાનો વાત કરવા લાગ્યો, અને શું કરૂં કે સિંહ પોતાને આખી જીંદગીભર યાદ કરે તેમ મનમાં વિચારવા લાગ્યો.

ઉપરની બીના બન્યા પછી આઠ દિવસે ડેન લૉજમાં આગામી મૅચની તૈયારી થવા લાગી. સવાર-સાંજ ક્રિકેટની પ્રૅક્ટિસ જોસભેર શરૂ થઇ અને વ્હેપ પણ પોતાના નાના મંડળમાં કદાચ પોતે આ વખતે રમવામાં ચુંટાય તેવી વાતો કરવા લાગ્યો. એક સવારે જ્યારે તે નાસ્તો કરતો હતો ત્યારે તેને ખબર મળ્યા કે હેડ-બૉય ગૅરેટ અને કેટલાક મોટા વિદ્યાર્થી તેને બોલાવે છે.

‘ બરાબર, કદાચ મને ટીમ તરફથી રમાડવાનો હશે. ’ વ્હેપે પાસે બેઠેલા બીજા વિદ્યાર્થીઓને વાત કરી અને ઉમંગમાં ને ઉમંગમાં જલદી નાસ્તો પુરો કરી ગૅરેટના ઓરડા તરફ ઉપડ્યો. તે દરરોજ ‘ ધ પબ્લિક વૉઇસ ’ વાંચતો પણ આજ વાંચ્યું ન હતું, કારણકે આખા વર્ષમાં પોતે ક્રિકેટ મૅચોમાં કેટલા રન કર્યા હતા તેના સરવાળા અને ટકા કાઢવામાં તે રોકાયો હતો.

‘ કેમ વ્હેપ, લેડી વૅારન તારાં ફઇબા થાય, નહિ ?’ ગૅરેટે પુછ્યું.

‘ હા, ’

‘ તેં વાંચ્યું ? આ પત્રમાં તે શું લખે છે ?’ ગૅરેટે છાપું વ્હેપના હાથમાં મુકતાં પુછ્યું.

આગલા પત્રના અનુસંધાનમાં અને તેની કરેલ ટીકાના જવાબમાં તેમણે નીચે પ્રમાણે લખ્યું હતું:

‘ મેં જે લખ્યું છે અને લખું છું તે મારા જાતના અનુભવ પરથી જ લખું છું, નહિ કે કોઇની સાંભળેલ વાત પરથી. મારો પોતાનો ભત્રીજો ડેન લૉજમાં ભણે છે અને તેને લીધે ખાનગી સ્કુલોમાં કઇ પદ્ધતિ ગ્રહણ કરવામાં આવી છે તેનો મને બરાબર ખ્યાલ છે.’

પત્ર વાંચી વ્હેપ તો સડક જ થઇ ગયો ! નીચે તેનાં

ફઇબાની ચોખ્ખી સહી હતી.

'સારાં માણસો છાપાંમાં આવી વાત લખી સ્કુલને ફાયદો કરવા કરતાં વધુ નુકસાન કરશે. તું તારાં ફઇબાને લખ કે તમે આવો કચરો સ્કુલ તરફ ફેંકવો બંધ કરો. અમે તારાં ફઇબાના લખાણ માટેનું વેર તારા પર લેવા નથી માગતા. પણ લખજે કે કોઇ ડાહ્યું માણસ તો આવું ન લખે.' ગૅરેટે શાંતિથી કહ્યું.

'કોઇ સારા કુટુંબની સ્ત્રી આવું ન લખે' આ વાક્ય પોતે આજથી દસબાર દિવસ અગાઉ સિંહને કહેલું તે વ્હેપને યાદ આવ્યું; સિંહનો સહેજ સ્મિત-વાળો ચહેરો યાદ આવ્યો. પોતાના ચહેરા પર બીલકુલ સ્મિત હતું જ નહિ. ત્યાં તો હતી માત્ર વ્યગ્રતા. 'મારી મા આવું લખે જ નહિ' તે વાક્ય તેના કાનમાં ગાજ્યું. પણ મારાં ફઇબા આવું લખે જ નહિ એમ કહેવાની હીંમત તેનામાં ન હતી. એક અજાણ્યા પત્રને માટે પોતે સિંહને પહોંચાડેલી હેરાનગત પછી 'અમે તારા પર વેર લેવા નથી માગતા' તે વાક્યમાં રહેલી ગૅરેટની ખાનદાની તેને સાલવા લાગી. પોતાનાં ફઇબાને તે જ રાત્રે પત્ર લખવાનું વચન આપી તે ત્યાંથી ચાલી નીકળ્યો. જ્યારે તે ક્લાસમાં આવ્યો ત્યારે પેડલે કાંઇ તેને માટે યુક્તિ શોધી કાઢી ન હતી. છોકરાએ એકબીજા સામું જોઇ અંદરઅંદર હસવા લાગ્યા. કલ્પિત મહત્તાનાં ઉચ્ચ સિંહાસન ઉપર બેઠેલાં લેડી વૉરન આજ ખંડિત પ્રતિમાની માફક તેમનાં મગજમાંથી ગબડી પડ્યાં હતાં. વ્હેપના લાંબા અને મજબુત હાથની બીક પણ તેમનામાંથી જતી રહી હતી. સિંહ શાંતિથી પાસેના ટેબલ પર પોતાની માને પત્ર લખતો હતોઃ 'મૅચ થોડા દિવસમાં શરૂ થશે. હું બહુ આનંદમાં છું, અને અહીં બધા છોકરા આનંદી ને સારા છે.'

તે જ રાત્રે બે જણ એક જ સ્થળે બે લાંબા પત્રો લખવામાં રોકાયા હતા. વ્હેપ તેનાં ફઇબાને છાપામાં કાંઇ ન લખવા બાબત આજીજીભર્યો એક પત્ર લખતો હતો. તેમના પત્રથી સ્કુલમાં તેની સ્થિતિ કેટલી કફોડી થઇ ગઇ છે તે તેણે અનેક વાર લખ્યું અને સ્કુલની વિરૂદ્ધ કાંઇ પણ ન લખવા વિનંતિ કરી. બીજી બાજુએ ડેન લૉજના હાઉસમાસ્તરે લેડી વૉરનના પત્રો વાંચેલા. ડેન લૉજ તો તેમને મન પ્રાણસમાન હતી. તેથી તેમણે લેડી વૉરનને છાપામાં કાંઇ પણ ન લખવા અને અહીં આવી જાતે ડેન લૉજનો બંદોબસ્ત જોઇ જવા એક પત્ર લખ્યો, અને લખ્યું કે અહીં એક મોટી ક્રિકેટ મૅચ થોડા વખતમાં થવાની છે તે સમયે ઘણાં માબાપો અત્રે આવશે તો આપ પણ તે પ્રસંગે આવો તો અમને ઘણો જ આનંદ થશે. બંને પત્રો સાથે ટપાલમાં પડ્યા અને લેડી વૉરન તરફ ઉપડ્યા.

卐

આજે મૅચ હોઇ સ્કુલમાં રજા છે. વ્હેપ રમનાર તરીકે તો ન ચુંટાયો પણ અમ્પાયર તરીકે કામ કરવાનું તેને માથે આવ્યું. તેણે નાના વિદ્યાર્થીઓને સમજાવ્યું કે સારામાં સારા રમનારામાંથી અગિયાર જણ રમે અને બારમો અમ્પાયર થાય, અને તે રીતે પોતાનું મહત્ત્વ વધાર્યું. અગિયાર વાગતાં તો મહેમાનો ને પ્રેક્ષકોથી ક્રિકેટનું ક્ષેત્ર ચીકાર ભરાઇ ગયું અને ડેન લૉજનો બૅટ લેવાનો દાવ આવતાં રમત શરૂ થઇ, પાટિયા ઉપર રનની સંખ્યા વધતી ચાલી અને ડેન લૉજના વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને તાળીઓનો ગડગડાટ પણ વધતો ચાલ્યો. લાંબો ધોળો કોટ પહેરી, માથે હૅટ લગાવી, હાથમાં બૅટ રાખી, વ્હેપ પણ એક ધ્યાન ખેંચે તેવું પુતળું બની ઉભો હતો. ટોપીમાંથી તેના લાંબા કાન તરી આવતા હતા.

લગભગ બે કલાક રમત ચાલી હશે, એટલામાં હાઉસ માસ્તરના પત્રને માન આપી લેડી વૉરન આવી પહોંચ્યાં. તેમણે ચારે બાજુ નજર નાખી, પણ કોઇનું ધ્યાન તેમની તરફ ન હતું. સૌનું ધ્યાન રમત જોવામાં હતું. તેઓ વ્હેપને દરેક બાજુ શોધી વળ્યાં. એટલામાં એક સજ્જડ ફટકો વાગવાથી તોપના ગોળાની માફક છુટેલો બૉલ વ્હેપ આગળથી પસાર થઇ ગયો. વ્હેપ જો ચાલાકીથી ખસી ન ગયો હોત તો તેને તે બૉલ અવશ્ય વાગત. લેડી વૉરને ઉડતો બૉલ જોયો, ખસી જતા વ્હેપને પણ જોયો અને અમ્પાયરના પોષાકમાં ન ઓળખી શકાય તેવા પોતાના ભત્રીજાને ઓળખ્યો. તેનો આજીજીભર્યો પત્ર તેમને યાદ આવ્યો. તેમને એમ જ લાગ્યું કે બધા છોકરા તેને જ દડા મારે છે, અને તે મુરખ ત્યાંથી શા માટે ખસી જતો નથી! ડેન લૉજ, તેના માસ્તરો અને છોકરા તરફનો તેમનો

તિરસ્કાર વધ્યો અને સીધાં, કોઈપણ માણસની બુમ ન સાંભળતાં, જ્યાં વ્હેપ ઉભો હતો ત્યાં ચાલ્યાં. બેચાર છોકરા તેમને અટકાવા દોડ્યા, પણ રૉફ અને હાથના ઇશારાથી તેમણે તેમને દૂર કર્યા. પ્રેક્ષકવર્ગ આ એક નવીન તમાશો જોઇ ચકિત થઇ ગયો.

લેડી વૅારને પોતાની જીંદગીનો મોટો ભાગ દૂર દેશાવરમાં કાઢેલ હોઇ અને તે સમયમાં ક્રિકેટની રમત તે દેશોમાં બહુ પ્રસરેલી ન હોઇ તેના કાયદા અને રીતથી તેઓ તદ્દન અજ્ઞાત હતાં. એટલે ચાલતી રમતે ક્રિકેટક્ષેત્ર પર જવાય કે નહિ તેવી વિવેકબુદ્ધિ તેમનામાં ન હતી. તેઓ તો સીધાં વ્હેપ પાસે ગયાં અને તેનો કાન પકડી તેને ક્ષેત્રની બહાર લઇ આવ્યાં. ક્ષણભર રમત બંધ રહી. વ્હેપની ક્લાસના વિદ્યાર્થી અને હાઉસમાસ્તર પણ શું બન્યું તે સમજવા માટે ત્યાં દોડી આવ્યા.

'મૂર્ખ, તને એટલી પણ ખબર પડતી નથી કે ત્યાં ન ઉભા રહેવાય? સૌ હેરાન કરે તેમ શા માટે હેરાન થાય છે?' લેડી વૅારન વ્હેપને ઠપકો આપતાં હતાં!

'આ લેડી વૅારન? વ્હેપ જેનાં બહુ બણગાં ફૂંકતો તે? હું નથી માનતો કે તેમને શેતરંજ બીલકુલ આવડતી હોય.' પેડલ બીજા મિત્રોમાં આ ચર્ચા કરતો હતો. એવામાં સિંહ પણ દોડતોદોડતો શું થાય છે તે જોવા ત્યાં આવ્યો. લેડી વૅારને તેને જોતાં જ વ્હેપનો કાન મુકી દીધો.

'આપ નામદારની તબિયત કેમ છે? મહારાણીશ્રીનો મારા પર પત્ર છે અને આપની ખબર કાઢવા મને લખેલ છે.' નીચા નમી સહેજ માર્ગ આપી લેડી વૅારને આ પ્રમાણે સિંહને સમાચાર પુછ્યા! હાઉસમાસ્તર સિવાય બધા સિંહ સામું મોઢાં ફાડી જોઇ રહ્યા! આવાં કડક લેડી વૅારન શામાટે સિંહ આગળ આટલાં નરમ થઇ ગયાં તે કોઇને ન સમજાયું. સિંહ આગળ વ્હેપ તો સૌને એક મગતરા જેવો દેખાવા લાગ્યો.

તે રાત્રે ખાણા વખતે મોટા છોકરાઓના આગ્રહથી નીચેની બીના હાઉસમાસ્તરે સર્વેને નિવેદન કરી. હિંદુસ્તાનના એક મોટા રાજ્યનો સિંહ–એટલે પ્રતાપસિંહ–ભાવી રાજા છે. તેના પિતા જોકે હયાત છે, છતાં કેટલાંક ખાનગી કારણોથી ગાદી પર નથી અને તેનાં મા રાજ્ય ચલાવે છે. અને તે જ ખાનગી કારણોને લીધે પ્રતાપસિંહ કોણ છે, તેમના પિતા કોણ છે ઇત્યાદિ હકીકત અમે ના૦ બ્રિટિશ સત્તાની સુચનાથી ખાનગી રાખીએ છીએ કે સિંહને કોઇ આગળ કાંઈ ખુલાસો કરવો પડે નહિ. તે એકના એક પુત્ર હોઇ તેમનાં માને તેમની બહુ જ અધીર છે, તેથી સિંહ દર અઠવાડિયે પોતે બહુ જ સુખી છે તેવો પત્ર ઘેર લખે છે જેથી તેમનાં મા આનંદમાં રહે. લેડી વૅારનના પતિ પ્રતાપસિંહના પિતાના સમયમાં તેમના રાજ્યના એક વફાદાર નોકર હતા અને લેડી વૅારન પ્રતાપસિંહનાં માનાં ખાસ મિત્ર છે. હું માનું છું કે તમારી જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે આટલી હકીકત બસ થશે.'

'ત્યારે મીનાક્ષી સિંહ કોણ?' પેડલે પુછ્યું.

'અરે તે તો એક બંગાળી બાનુ, જેઓ અહીં કેળવણીનો અભ્યાસ કરવા આવેલાં છે તે.' હાઉસમાસ્તરે ખુલાસો કર્યો.

(અંગ્રેજી ઉપરથી) **ગજાનન ભટ્ટ**

'કુમાર'માં આવતી હરીફાઇઓ દરેક રીતે બુદ્ધિવિકાસ કરનારી અને હૈયા ઉકલતની કસોટી કરનારી હોય છે માટે બને ત્યાં સુધી તેમાં ભાગ લેવા ચુકતા નહિ. એ રીતે અમે અમારા વાંચનારાઓ જોડે સીધો સંબંધ બાંધવાની તક મેળવી શકીએ છીએ અને વાંચકોનાં જીવનમાં નવીનતા, રસ કે પ્રેરણા પહોંચાડવાની યોગ્ય રીતો શોધી શકીએ છીએ.

'કુમાર'નાં વાંચનારાઓ તંત્રી ઉપર તેમના વિચારો, અનુભવો કે ભાવનાઓ લખી મોકલે એવું અમે હમેશાં ઇચ્છીએ છીએ. તમારી અને અમારી એકતાથી જ 'કુમાર'ની પ્રગતિ અને વૃદ્ધિ થશે.



બાળ વિભાગ

શૈશવનો રાસ

ઘેરીઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ;
ઘેરીઘેરી ચાંદનીમાં ડોલે ડોલરીઓ.
બોલે કોયલીઓ
ને ડોલે ડોલરીઓ,
ઘેરીઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ.

સૃષ્ટિએ સુગંધરંગ
ઢોળે ડોલરીઓ;
જગનો જાદુઇ કંઠ
રેળે કોયલીઓ.
ઘેરીઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ;

બાગે ડોલરીઓ
ને હૈયે કોયલીઓ,
ઘેરીઘેરી ચાંદનીમાં બોલે કોયલીઓ;
ઘેરીઘેરી ચાંદનીમાં ડોલે ડોલરીઓ. ૫.

પુષ્પાંજલિ ૭ **સેવતી**

એક વખત રાજપુરમાં ક્રૂરસિંહ રાજા રાજ્ય કરતો હતો. તેને સેવતી નામની બહુ જ દયાળુ રાણી હતી. રાજાને ગરીબ ભીખારીઓ ઉપર બહુ જ ગુસ્સો હતો. રાજપુરમાં એક બહુ જ સારૂં પણ નાનુંસરખું દહેરૂં હતું. તેના ઓટલા આગળ ઘણાં ગરીબ ભીખારીઓ બેસતા ને લોકો તેમને દરરોજ દાન આપતા.

એક વખત રાજાએ એવો હુકમ કાઢયો કે કોઇએ ભુખ્યા ભીખારીઓને ખાવાનું આપવું નહિ. તે સાંભળી આખું ગામ તો બી ગયું ને કોઈ ગરીબોને ખાવાનું આપે નહિ. પણ સેવતી રાણી તો બીલકુલ ગભરાઇ નહિ. તે તો દરરોજ ગરીબોને ખાવાનું આપતી હતી. રાણીના એક દુશ્મને તે વાત રાજાને કહી. પણ રાજાએ તે વાત ખોટી માની, કારણકે રાજાને રાણી પર વિશ્વાસ હતો. એક દહાડો રાણી સવારના પહોરમાં ગરીબોને ખાવાનું આપવા જતી હતી તે બતાવીને પેલા માણસે રાજાને કહ્યું કે જુઓ આ રાણી જાય. રાજા કહે એ તો પૂજન કરવા જાય છે. પેલા માણસે કહ્યું, હું તમને પાસે લઇ જઇને બતાવું. રાજા ને એ બંને ત્યાં ગયા.

રાણીએ રાજાને પાસે આવતા જોઇ ખાવાની થાળી પોતાના પાલવ નીચે સંતાડી દીધી. રાજા પાસે આવી કહે, ‘ રાણી, તારા પાલવ તળે શું છે તે બતાવ.’ રાણી બાપડી બહુ જ ગભરાઇ ગઇ, પણ હીંમત ધરી પાલવ ઉચક્યો થાળીમાંની ખાવાની ચીજોનાં તે જ વખતે ચમત્કારથી ફુલ થઇ ગયાં ! રાજાએ થાળીમાં જોયું તો ધોળાં ફુલ; વચ્ચેવચ્ચે થોડી પીળાશ ને ખુબ પાંખડીવાળાં ! રાજા પેલા માણસને કહે, ‘ જો રાણી તો પુજન કરવા જાય છે. ’ તે બાપડા માણસનું મોં જોવા જેવું થઇ ગયું.

આ ફુલ કોઇએ કદિ જોયાં જ નહોતાં. રાણીના નામ પરથી તે દિવસથી તે ફુલનું નામ સેવતી પડયું.

[‘ મુકુલ ’માંથી]

નીશાળિયો

મારા ગામમાં નીશાળ નથી. પણ ભણ્યા વગર કંઇ છુટકો છે ? મારા બાપા મને ભણાવ્યા વગર કેમ રહે ? મારા ગામથી પોણા ગાઉને છેટે આવેલા ગામમાં હું દરરોજ ભણવા પહોંચી જાઉં છું.

જમી કરી, મારી બા પાસે ચાંલ્લો કરાવી, દસ વાગ્યા પહેલાં તો હું મારા ગામના ઝાંપા બહાર નીકળ્યો હોઉં.

પાદર વટાવી નદીએ પહોંચું તો ત્યાં ભરવાડ ઘેટાંબકરાં ચરાવતા હોય. એ દુહા લલકારતા હોય ને એનાં ઘેટાંબકરાં મધુર સ્વરથી ગાતાં હોય ! એ સાંભળતો સાંભળતો હું મારો ચાલવાનો વેગ જરા ધીમો પાડી દઉં છું.

આગળ મારો માર્ગ ખેતરો વચ્ચે થઇને જાય છે. રસ્તાની એક બાજુની વાડીમાંથી બીજી બાજુનાં ખેતરમાં પાણી પહોંચાડવા માટે રસ્તા નીચે નળ બાંધ્યા હોય છે. એ નળ આગળ પાણી કવિતા બોલે છે. ઝાઝે ભાગે તો એ મારી 'ઓ ઇશ્વર ભજીએ તને' વાળી પ્રાર્થના જ ગાતું હોય છે! હું ત્યાં ખેતરો જોતો થંભી જાઉં છું અને પાણીની જોડેજોડે ગાવા મંડું છું. આખો દિવસ આમ ગાવામાં જ કાઢી નાખવાનું ઘણું યે મન થાય; પણ નીશાળ વાટ જોતી હોય તેનું કેમ? એટલે થોડું પાણી પીને હું આગળ ચાલું છું.

પછી એક બાવળની તીરખી ઉપર બેસી એક હોલું રોજ ગાતું હોય છે. જો હું હોલું હોત તો આમ ગાયા જ કરત! તેનું ઘૂ ઘૂ એવું મીઠું હોય છે કે તે સાંભળવા હું નીચે બેસી જાઉં છું અને ડોકી ડોલાવતો તાલ દઉં છું. પણ નીશાળનો વખત થવા આવતો હોય એટલે શું કરૂં? આગળ ચાલું કે તરત દરરોજ હોલું ગાતું બંધ પડી જાય છે અને ભરરર કરતું ઉડી જાય છે.

મંદિરની ઝાલર જેવો નીશાળનો ઘંટ વાગે છે: ટનનન ટન ટન ટનન ટનન! ટનનન ટન ટન ટનન ટનન! પછી 'ઓ ઇશ્વર ભજીએ તને'; પછી થોડુંક ભણવાનું; બેચાર નવા પાઠ શીખવાના; અને પાછી રજા! . . . કેવી મજા!

રજા થતાં ઘર ભણી પાછો વળું. રસ્તામાં જુદાં-જુદાં ગાનનો આનંદ માણી ડોલતે હૈયે ઘેર પહોંચું.

ઉંબરામાં પગ મુકું કે મારી બા વાટ જોતી જ હોય તે બોલી ઉઠે, 'એ મારો દીકરડો ભણીને આવ્યો! ભુખ લાગી છે ને, બેટા? ચાલ ખાવા દઉં! આજ તો મેં તારે માટે કંઇક સારૂંસારૂં રાખી મુક્યું છે.'

ભણવાનું, હોલાનું ઘૂ ઘૂ, ધોરિયાનો ખળખળાટ, ઘેટાંબકરાંના અવાજો કે ભરવાડના દુહાઓ—એમાંનું કશું, વહાલથી ભરેલાં બાનાં વેણ આગળ કંઇ હીસાબમાં નથી. એ વેણ સાંભળતાંવેંત બાના ખોળામાં આળોટી પડું છું. ચાલવાનો ને ભણવાનો થાક ઉતરી જાય છે.

ખાવાનું હોય તે ખોળામાં બેસીને જ ખાઉં તો.

'ચક્કરભાઈ'

નવાં પુસ્તકો



યમલ: લેખક અને પ્રકાશક, ચંદ્રવદન ચીમનલાલ મહેતા; ભીમરાવ વાડી, ઠાકોરદ્વાર, મુંબાઇ-૨ રૂ.૦॥ાં

સરસ્વતીના પ્રસાદવાળા 'ભાઇ-બહેનના કવિ' ચંદ્રવદન પોતે જ પ્રાણવાન કુમાર છે અને 'કુમાર'નાં સૌ પ્રેમીઓને તેમની કાવ્યપ્રસાદીઓથી તે સુપરિચિત છે.

'યમલ' નામ જેટલું રસિક છે તેટલી જ તેની કથા કરુણ છે. લેખક પ્રસ્તાવનામાં આ રીતે તેનું ટુંક ઓળખાણ દે છે:

"યમલ એક જોડિયાં ભાઇ-બહેનની અર્ધી આછી કથા છે. સાથે જ જન્મી, બાલપણનું નિર્દોષ જીવન વીતતાં અન્યોન્યાશ્રયી ભાઇ-બહેનની એ બેલડી, સંસારના રંગથી રંગાયા વિના, સાથે જ દેવલોક પામે છે. ભાઇને સંસારની સ્નેહજ્વાલાનો એકાદ તનખો લાગી જાય છે ખરો; અને દેવદૂતી સમી એની ભગિની એની આત્મકળી ન દાઝવા દેવા કંઇક સાધનરૂપ બને છે પણ ખરી; છતાં બહેનની માંદગી પ્રસંગે લાગણીવશ ભાઇનો સંયમ છુટી જાય છે, અને એ આત્મહત્યા કરી બેસે છે; એમ સંસારયાત્રા બંને સાથે જ પુરી કરે છે."

'યમલ'ની આ કથામાં કલ્પનાની કાવ્યકળાની અને કરુણાની અનેક મૂર્તિઓ રમમાણ થઇ રહી છે. ચૌદચૌદ લીટીના ચૌદ પૃથ્વી છંદમાં આલેખેલી, ગાઢ સ્પષ્ટ ને કેટલેક સ્થળે ભવ્ય વિચારોની એમની કોમળ પૌરુષભરી ચિત્રશૈલી કવિતાસાહિત્યમાં અનેરૂં રેખાંકન ખડું કરે છે.

બારમા પૃથ્વીમાં ભાઇ માંદી બહેનની જ્યોતિનું રમ્ય સ્વરૂપ વર્ણવે છે:

'અદેહ-વણરૂપની-ઝગમગે અનિર્વાચ્ય તું;
વિકાસમય જ્યોતિ એ પ્રકૃતિ, પ્રેમ, સૌંદર્યની-
નવી કૃતિ દીસે સનાતન મહા ઉંડા સત્યની-
અને જગ બધું લહું પરમ જ્ઞાનમાં લીન હું,
વિશાળ જગચિત્રની કલગી રૂપ તું ત્યાં તરી
દગે સતત ભાળવે, પરમ જ્યોત ચૈતન્યની.'

(વાચામાં ન સમાય તેવી, શરીર અને આકાર વગરની તું પ્રકાશ્યા કરે છે. જાણે એ કુદરતની પ્રેમની અને સુંદરતાની વધની જતી જ્યોતિ હોયની! એ કોઇ પરમ ગંભીર સનાતન સત્યની અનોખી કૃતિ જણાય છે. જ્યારે મને આખું જગત જ્ઞાનમાં લીન થતું સમજાય છે ત્યારે તું 'વિશાળ જગચિત્રની કલગીરૂપ' તરે છે અને ચક્ષુની પેલી ચૈતન્ય-

જ્યોત દેખાડે છે.)

તેરમા પૃથ્વીમાં જગતની હેમકડી જેવી બહેન મૃત્યુઘડીએ ત્રણ જ લીટીમાં કેવું કઠોર પ્રેમફળ કહે છે !

'પ્રસન્નવદને હવે સુખદ મૃત્યુ સ્વીકારવું,
ભલે ધબકતાં ત્રુટે હૃદય તો ય મૂગું સહો,
ઉઠે અગન આંખમાં તદપિ આંસુ ખાળી રહો.'

પૃથ્વી છંદ ગદ્ય સરખા વિચારપૌરુષને પોષનારૂં અનુકૂળ વાહન છે. તેને અંગ્રેજી 'સૉનેટ'ના બંધારણનું રૂપ દઇને ભાઇ ચંદ્રવદન પૃથ્વીના સુંદર પ્રયોગો રજુ કરે છે. વળી સૉનેટનું આખું બંધારણ આદિવચનમાં વિસ્તીર્ણપણે તેમણે વર્ણવેલું છે.

'સહી જ શીખવું' જેવાં કેટલાંક જીવનસત્યો સ્થળેસ્થળે ઉચ્ચારતી આ કાવ્યગ્રંથીમાં એક ઠેકાણે તો ભવ્ય કલ્પનાભર્યું એક સત્ય છે: 'રહ્યું છે અહીં અશ્રુમાં વિરલ એક શ્રદ્ધાંત્રનુ.'

ઇનામી નિબંધનું પરિણામ

પોષના અંકમાં પ્રગટ થએલી 'ધંધાની પસંદગી' વિષય પર નિબંધ લખવાની હરીફાઈ માટે આવેલા નિબંધોમાંથી કોઇપણ એક નિબંધ આખા ઈનામને યોગ્ય અમને ન જણાયાથી નીચે પ્રમાણે બે જણને તે વહેંચી આપીએ છીએ:

(૧) શામજી લવજી આલગિયા (એકલેરા) રૂા. ૭–૦–૦
(૨) સરોજકુમાર મણિલાલ બક્ષી (ભાવનગર) રૂા. ૩–૦–૦

આ હરીફાઈમાં બાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. મોટે ભાગે દરેકે નીશાળના નિબંધની માફક જ આ વિષય ચર્ચ્યો છે, એટલે તેમના અંતઃકરણના વિચારો કે ભવિષ્યના સંકલ્પો સ્પષ્ટ રીતે આલેખવામાં બેચાર જણ સિવાય બધા નિષ્ફળ થયા છે. એ વિષે ઘટતું વિવેચન અમે હવે પછી આપીશું. આ નીચે પહેલું ઇનામ જીતી જનારનો નિબંધ છાપ્યો છે.

જીવનનું ધ્યેય : એક સંવાદ :

'બાપા! તમે મને વકીલ થવાનું કહો છો, પણ મને સાચુંજુઠું કરતાં નહિ આવડે. અને દાક્તર? એ મડદાં ચીરવાં! ગંધાતી દવાઓ! તોબા! અને પંતુજી થવામાં હાલમાં તો નથી પુરુષાર્થને અવકાશ કે નથી આબરૂ. ઇજનેરના ગણિતથી દેશનું દારિદ્રય ટળવાનું? ખેતી માટે તો મારૂં શરીર અયોગ્ય છે. વેપારનું પુછો તો પરદેશી ચીજોનો વેપાર થાય નહિ અને સ્વદેશી ચીજો બહુ છે નહિ.'

'દુનિયામાં જેટલા ધંધા એટલા બધા ફુલ્લુને માટે નકામા! હજામત શીખ હજામત! વાળ પર જકાત નહિ બેસે!'

'બાપા, મારે તો વિજ્ઞાનવેત્તા થવું છે વિજ્ઞાનવેત્તા. આપણા ઉપયોગમાં આવતી ઘણીખરી ચીજો વરાળ વીજળીની મદદથી તથા ધાતુઓનાં મિશ્રણથી કે રસાયણોના સંયોગથી બને છે; તેનો ઉપયોગ અનિવાર્ય છે અને તેને માટે આપણે બીજા દેશો ઉપર આધાર રાખવો પડે છે. આમ આપણાથી નહિ નભી શકાય. વિજ્ઞાનના અભ્યાસ તરફની બેદરકારીથી આપણો દેશ આજે મરવા સુતો છે.

પહેલાં તો મારે યૂરોપ અને અમેરિકા જઇ વિજ્ઞાનનો પુરેપુરો અભ્યાસ કરવો છે, અને પછી દેશમાં એ વિદ્યા ઉપર અખતરા કરી કૈંકૈં નવી શોધ કરવી છે. ઘરઉપયોગી ચીજો માટે હિંદને પરદેશ ઉપર આધાર ન રાખવો પડે એ મારૂં સ્વપ્નું છે. આપણી ખેતી, ધંધા અને વેપારમાં સુધારા-વધારા કરી આપણી દોલતમાં વધારો કરવો અને પરદેશ જતો અનગળ પૈસો અટકાવવો.

'વિજ્ઞાનની શોધોની ઉપયોગિતા કે સફળતાથી જ હું પ્રેરાયો નથી. આજ સુધીમાં હું વિજ્ઞાનનાં જે મુળતત્ત્વો શીખ્યો છું તેમાં મને અનેરો આનંદ મળ્યો છે. અને એ ચાખ્યા પછી હવે તો તેનો પુરો સ્વાદ લેવાનો અભિલાષ જાગ્યો છે.'

'પણ ધાર કે તારૂં સ્વપ્નું સિદ્ધ થયું. તું મોટો વિજ્ઞાન-શાસ્ત્રી થઇ ગયો. તારા દેશમાં મોટીમોટી પ્રયોગશાળાઓ સ્થપાઇ, ઘરગથ્થુ ચીજો બનાવવાની મોટીમોટી કંપનીઓ તારા દેશમાં નીકળી, તારો દેશ સ્વાવલંબી થઇ ગયો,—પણ તેથી ગરીબોનું દુઃખ ટળવાનું? દેશમાં દોલત રહેશે, પણ તે બધી પ્રયોગશાળાના માલિકો અને કંપનીના સંચાલકો પાસે એકઠી થવાની! અને એ કંપનીમાં મજુરો બહુ ન જોઇએ. એટલે એ બીચારાને ધંધો ન મળે અને ગરીબીમાં સબડે કે ભુખે મરે.'

'બાપા! એ સ્વપ્નું સિદ્ધ થશે એટલી વારમાં તો સ્વરાજ મળી ચુક્યું હશે. અને પછી એ શાળાઓ અને કંપનીઓ અમુક માણસની માલીકી તળે નહિ આવે. વિજ્ઞાનની મદદથી બચતી મહેનત, વખત અને પૈસા ઉપર સૌનો સરખો હક્ક લાગશે; અને એ ત્રણે ચીજોનો ઉપયોગ બીજાં સારાં કામમાં થશેઃ દાખલા તરીકે કળા અને સાહિત્યની સમૃદ્ધિમાં, શરીરવિકાસ અને આત્મોન્નતિની સાધનામાં થશે.

'ખેડુતો અને મજુરોના છોકરાઓ પણ ભણી શકશે, સ્ત્રીઓનું કાર્ય ગૃહવ્યવસ્થાનું રહેશે, ગૃહકળાને જીવન્ત અને સુંદર રાખવાનું મુકી મજુરી કે વેતરૂં કરવા નહિ જવું પડે, અને એ જમાનામાં કોઇ ભુખ્યું કે નવસ્ત્રું નજરે નહિ પડે.'

'એ ખરૂં, પણ બધા ભણીભણીને નોકરી ક્યાંથી કાઢશે?'

'બાપા, એ વખતે ભણતું એ કંઇ નોકરી માટે કે કમાવાના સાધન તરીકે નહિ હોય. ભણીને તો પોતાની ફરજ, ધર્મ, નીતિ, ચારિત્ર્ય વગેરે કેળવી, શારીરિક, માનસિક ને નૈતિક સમૃદ્ધિ કેળવી, ઇશ્વરની સાથેનો તથા તેની બીજી સૃષ્ટિ સાથેનો પોતાનો સંબંધ સમજી ભણનાર પોતાના જીવનનું સાફલ્ય કરી શકશે.'


'પરંતુ આ બધું સ્વપ્નું તો તેં ઘડ્યું, પણ ખાટલે મોટી ખોટ કે ચોથો પાયો જ ક્યાં? તું કાંઇ આપણા દરબાર કૃષ્ણકુમારસિંહજી જેવો અઢારસેં પાદરનો ધણી નથી કે યૂરોપ અને અમેરિકા જવા માટે તારી પાસે પૈસા હોય!'

'બાપાજી! આપણા દરબાર અઢારસેં પાદરના ધણી છે તો હું એકવીસસો પાદરનો ધણી છું. સમજ્યા!'



માધુકરી

ભર આકાશે વાદળ છાયાં, અંધારે વનવન ગુંચવાયાં,
ઘૂડ ચીબડિયાં જ્યાંત્યાં ધાયાં: કોણ પુરે પાંચાલી–ચીર ?
આશ–નિરાશે આત્મન–દાંડી, ડોલંતી દે ધૈર્ય ન છાંડી,
ડગમગતી જગ રહે દગ માંડી: વ્હારે કોણ જશે નરવીર ?
ઉંડાં અજવાળાં જો આવે; ગુર્જરવીર ! ગુર્જરવીર !
ઘૂડ ચીબડિયાં શું ત્યાં ફાવે ? ગુર્જરવીર ! ગુર્જરવીર !
ઉંડાં અજવાળાં જો આવે, ઘૂડ ચીબડિયાં શું ત્યાં ફાવે ?
નવસરભર નવજીવન લાવે, ચીર પુરાવે ગુર્જરવીર ! —**કવિ ખબરદાર**



શાહાનશાહ રીઝાખાન

ખેડુતમાંથી શાહ

ઈરાનમાં ઇસ્પહાન ને તહેરાનની વચ્ચેના પહાડી મુલકમાં એક ખેડુત રહેતો. આજથી પચાસ વર્ષ ઉપર તેને ઘેર એક બાળક અવતર્યો. માબાપે એનું નામ પાડ્યું રીઝા. નાનો રીઝા ઘેટાંની સંભાળ લેતો ને ખેતીના કામમાં મદદ દેતો.

એક દહાડો રીઝાની માતાએ તેના વાળ ઉતરાવ્યા. દીકરાનું વિશાળ મસ્તક જોઈ તે બોલી, ‘બેટા, ખુદાની રહમ તો તું મોટો રાજા થઈશ.’ રીઝાએ કહ્યું, ‘અમ્મા, મારા જેવા ખેડુતના છોકરાનું નસીબ એવું ક્યાંથી ?’ માએ જવાબ દીધો, ‘ના બેટા એમ નહિ. હું કહું તેમ કર. ઇસ્પહાન જા ને જે ઘરની અટારીએ તું કૈં એંધાણી જુએ અને ઉપલી બારીની બહાર થાંભલીએ ફરફરતો વાવટો દેખે તે ઘરનાં દ્વાર ઠોકજે ને કહેજે ‘હું ચાકરી કરવા આવ્યો છું.’

દીકરો ઈસ્પહાન પહોંચ્યો. ઉમરાવોને બારણે જઇ એ બોલવા માંડ્યો, ‘હું ચાકરી કરવા આવ્યો છું.’ પરંતુ કમાડનાં કાણાંઓમાંથી ફરાસ જોતો અને ગાળનો ઘા ફેંકતો—એમ જાણીને કે કોઈ ભંગી રખેવાળ હશે !

અંતે એક ઉમરાવના મકાન આગળ તે આવ્યો. બારણે ઘોડો ઉભો હતો. એટલામાં ખાખી પોશાક પહેરી હાથમાં ગેડી લઇને અમીર બહાર નીકળ્યો. જેવો તે પેગડે પગ મુકવા જાય છે તેવો જ ઘોડો પાછલે પગે ઉભો થયો. અમીરની ગેડી પડી ગઇ. તરત જ રીઝાએ તે ઉપાડી પેલા અમીરને આપી અને અર્જ કરી, ‘હું ચાકરી કરવા આવ્યો છું.’ અમીરે પુછ્યું, ‘નીમકહલાલીથી કરીશ ?’ રીઝા કહે, ‘પંડના સોગન ખાઇને.’

આમ રીઝા ઉમરાવની નોકરીમાં રહ્યો અને એવી નીમકહલાલી બતાવી કે થોડાક વરસમાં તે લહીઓ થયો અને રાજદરબારી તેમજ તુર્કી ભાષા શીખી ગયો.

હજુ તો એને મુછનો દોરો ફુટ્યો ન ફુટ્યો ત્યાં દેશમાં અંધાધુની ફેલાઇ. ઇરાનમાં સુલેહશાંતિ સ્થાપવાના બહાના તળે અંગ્રેજો ને રશિયનોએ તે અંદરઅંદર વહેંચી લેવા ધાર્યું: રશિયાએ ઉત્તર ઇરાન પચાવવું અને અંગ્રેજોએ દક્ષિણ ઇરાન.

આ વાત રીઝાને કાને આવી. તે જાણતો હતો કે રશિયનોનું લશ્કર વધુ મોટું છે અને ઇરાનનો ફળદ્રુપ પ્રદેશ પણ તેમના હાથમાં છે. તે ઇસ્પહાનથી ઉપડ્યો. રસ્તે તેને કેટલાક રશિયન સીપાઈઓ મળ્યા. રીઝાએ તે ટુકડીના અફસરને કહ્યું, ‘હું ચાકરી કરવા આવ્યો છું.’ અફસરે પુછ્યું, ‘નીમકહલાલીથી કરીશ ?’ રીઝાએ જવાબ વાળ્યો, ‘પંડના સોગંદ ખાઇને.’ આ રીતે તે રશિયન લશ્કરની ઇરાની સીપાઇઓની ટુકડીમાં દાખલ થયો. નોકરી તેણે એવી તો નીમકહલાલીથી બજાવી કે સાધારણ સીપાઈમાંથી ચડતોચડતો તે અમલદારની પાયરીએ પહોંચ્યો.

દસ વરસ વીત્યાં. ઈ. સ. ૧૯૨૧માં રશિયનો ઉત્તર ઈરાન છોડી ગયા અને રીઝા બે હજાર કવાયતબાજ કેળવાએલ ઈરાનીઓનો ઉપરી થઈ રહ્યો. બીનતાલીમ, અણઘડ ઈરાની રૈયત રીઝાની સામે કેમ ટકી શકે ?

એ બે હજારની ટુકડી વડે તેણે ઇરાન પર દોર ચલાવવા માંડયો. પ્રથમ તો રાજસભા ' મજલિસ 'ને પોતાના પક્ષમાં મેળવી લીધી અને સૈયદ ઝીઆદીન કરીને એક સમાજસુધારક પત્રકારને વજીરની જગ્યાએ નીમવા શાહને સમજાવ્યો. પછી પોતે લડાઇ ખાતાનો પ્રધાન બન્યો. એક પછી એક વજીરો આવ્યા અને ગયા, પરંતુ રાજકારણમાં રીઝાખાન ટકયો અને ઇ. સ. ૧૯૨૩માં તેણે વડા વજીરનું પદ પ્રાપ્ત કર્યું.

પણ રીઝાની ચડતી કળા અહીં જ ન થોભી. તેણે ૪૦ હજાર સીપાઇઓનું સૈન્ય હાથ કર્યું, શાહના મુલકમાં પોતાની આણ ફેરવી, ' સરદાર સીપાહ 'નો ઇલ્કાબ લીધો અને એકાએક પ્રકાશમાન થતા સિતારા પેઠે સત્તા તથા કીર્તિ મેળવ્યાં.

આ સમયે ત્યાંનો શાહ કજાર હલકી સ્ત્રીઓ અને શરાબોમાં ચકચુર રહેવા ઇરાન છોડી ગયો, અને ગયો તે પાછો દેખાયો જ નહિ. ૧૯૨૪માં વડા વજીર રીઝાએ દેશમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાની મરજી દેખાડી. ઇરાનીઓના અંતરની તેને ખબર હતી. તે જાણતો હતો કે તેઓ રાજા અને રાજસત્તાક પદ્ધત્તિના ભોગી છે. અને બન્યું પણ એમ જ. લોકો એકઅવાજે બોલી ઉઠયા, ' ના ના, અમારે તો પહેલાંની માફક ઇરાનની ગાદી ઉપર શાહ જ જોઇએ. ' અંતે ઈરાની મજલિસે ૨૫૭ વિ. ૩ મતે પોતાની જ જાતના ને કુળના રીઝાખાનને ' શાહાનશાહ ' તરીકે કબુલ કર્યો.

આમ અનેક વર્ષોના ગાળા પછી માતાનું ભાખેલ ભવિષ્ય ખરૂં પડયું અને પ્રભુની ઈચ્છાથી ખેડુતનો છોકરો દેશભરનો શાહાનશાહ બન્યો !

કજાર વંશ તુર્ક જાતિનો હતો. આજ લગી ઇરાનના ગાદી વારસોનો એવો શિરસ્તો હતો કે શાહની માતા તો તુર્ક જાતિની જ હોવી જોઇએ. આથી ઇરાનના તખ્ત ઉપર ઈરાની માતાનો બચ્ચો રાજ્ય કરી શકતો નહિ. રીઝાખાનથી ઈરાન હવે ઇરાની લોહીથી રાજ્ય ચલાવશે.

દરાયસનો તાજ આજ ૧૯૨૬માં શાહાનશાહ રીઝાખાન પહલવીના શિર પર શોભે છે; દરિયાનૂરનો હીરો તેના મોં ઉપર પુરુષાર્થ ને પ્રારબ્ધનાં તેજ ફેંકે છે.

કમાલપાશાના રાજ્યમાં કળા

સ્વતંત્ર રાજ્યસત્તાની સ્થાપના, દેશની સંપત્તિની સલામતી, અને રીતભાતમાં પરદેશી સ્વીકાર—એટલું કરીને જ તુર્કસ્તાન અટકયું નથી. ગાઝી મુસ્તફા કમાલ પાશાના રાજ્યમાં સાહિત્ય અને કળાએ પણ આગળ કદમ માંડયાં છે.

પ્રજાની ઉન્નતિની છાપ અમર કરવા ત્યાં એક મોટી વિદ્યાપીઠ સ્થપાઇ છે. એ વિદ્યાપીઠ પહેલાં તો તુર્ક ભાષાને સંસ્કારી ધોરણ આપવા પ્રયત્ન કરશે. ગયા એક જ વર્ષમાં એ સંસ્થાએ ૨૦૦૦ નવાં પુસ્તકો બહાર પાડયાં છે, જે મોટે ભાગે કળાકૌશલ્ય અથવા વિદ્વત્તાપૂર્ણ વિષયોનાં જ છે. અત્યારે આમવર્ગમાંથી ત્રીસ ટકા માણસો ચાલુ વાંચનારા બન્યા છે. કોઇ તુર્ક મોચી તમારા બુટ સીવતો હશે તે વખતે તેનો જોડીદાર તુર્ક રાજ્યની હકીકત કે કમાલ પાશાનાં સ્તવન વાંચતો જણાશે.

તુર્ક કળા આજલગી ધર્મની સાંકળોમાં જકડાએલી હોવાથી વિકાસ પામી શકતી નહોતી, કારણકે મુસ્લીમ ધર્મ માનવઆકૃતિ ઘડવાની મનાઇ કરે છે. પણ ગાઝી કમાલ પાશાના રાજ્યકાળમાં એવા ધર્મવેડાની આડ કળાને નહિ નડે એમ લાગે છે. કેમકે ઑસ્ટ્રિયન મૂર્તિકાર હેનરિક ક્રિપલે બનાવેલાં આ સાથેના ચિત્રમાં બતાવ્યા મુજબનાં કમાલ પાશાનાં જંગી પુતળાં ઇસ્તંબુલ, અંગોરા અને કૉન્સ્તાંતિનોપલમાં ખડાં થશે.



કમાલ પાશાનું પુતળું

આ યુગની કળામાં નગ્ન દેહનાં ચિત્રો કરવામાં તુર્ક ચિતારાઓને બાધ આવતો હતો. પણ હવે એ વિષયમાં તુર્ક વિદ્યાર્થીઓ આગળ ધસ્યા છે. તુર્ક સરકારની ચિત્રશાળામાં આ વર્ષે ૨૫૦ વિદ્યાર્થીઓ દાખલ થયા છે, અને એ શાળાના ખર્ચ માટે બેવડું બજેટ મંજુર થયું છે. પ્રજાસત્તાક જાહેર થતાં જ ૨૫ વિદ્યાર્થીઓને તો પશ્ચિમની કળા શીખવા મોકલી દેવામાં આવ્યા છે. ખલીફના જુના મહેલનો એક ભાગ સંગ્રહસ્થાન તરીકે લેવામાં આવ્યો છે અને ત્યાં દર સાલ

ઉત્પન્ન થતી સારી કૃતિઓ સરકારી ખર્ચે ખરીદી મુકવામાં આવશે. આ હીલચાલો પરથી જણાય છે કે તુર્કી કળા અને સાહિત્ય કુદકે ને ભુસ્કે આગળ જશે.

જ્ઞાન ચારિત્ર્ય અને દેશસેવા
એ મારો જીવનમંત્ર છે, અને તમે પણ એ જીવનમંત્ર રાખશો તો જીવનનું સાર્થક કરી શકશો એમ હું માનું છું. —હરિપ્રસાદ વ્ર. દેસાઈ

ટુકડા રોટી માટે

બહારવટિયા હમીદ ગુલે પોતાની બંદુકની કબર કરી છે! જે સ્વસત્તાક પ્રદેશમાં દરેક જણ માથાથી પગ લગી હથિયારબંધ રહે છે, બંદુકના ગોળીબારથી ચીજનો કબજો મેળવાય છે ને જળવાય છે; લુંટનો ધંધો અજબ તરકીબ મનાય છે, દારૂ અને ગોળી તો માણસોનાં મુખ્ય સાધનો છે, જ્યાં દુશ્મનાવટ એ રોજીન્દી ચીજ છે અને જીંદગી દરરોજ જોખમમાં રહી છે એવા એ દેશમાં જો કોઈ શખસ પોતાના ભરણપોષણનાં હથિયાર દારૂગોળી અને બંદુક હાથથી મુકી દે તો ચોખ્ખી ગાંડાઇ જ મનાય.

હમીદ ગુલ બચરવાળ બાપ હતો. એ બચ્ચાંકચ્ચાંનું તેને પેટ ભરવાનું હતું. રોજની ઢબ મુજબ એની બંદુક પીઠ પાછળ બાંધેલી હતી. શીકારી જાનવરની જેમ તે લપાતો જતો હતો. ભુખે ભડભડતાં બાળકો માટે તે ખોરાકની ખોજમાં નીકળ્યો હતો.

પર્વતની કેડી નજીક તે સંતાઇને બેઠો; શીકારની દિશામાં બંદુક તાકીને પથ્થર જેમ અચલ પણ સચેત બની બેઠો.

વાટ જોતાં કલાકો વીત્યા. ટળવળતું કુટુંબ મૃગજળ માફક તેની નજર આગળ તરવરવા લાગ્યું, ઘુઘરીઆળા વાળનાં ઝીંથરાંમાંથી પરસેવાના રેલા ચાલવા માંડ્યા. સંકોડાઇને બેઠેલો હોવાથી દમ પણ માંડમાંડ ચાલતો હતો; ડીલે ખાલી ચડી ગઈ. તોપણુ તેનું કાંઈ ન વળ્યું.

હવે શું કરીશ? એ સવાલ તેના સુકા થરથરતા હોઠમાંથી નીકળ્યો કે તુર્ત ગરૂડના જેવી તેની તીક્ષ્ણ નજરને કંઇક હાલતું જણાયું. હમીદને થયું કે મારા જેવો ભુખાળ બીજો કોઇક શીકાર માટે નીકળ્યો છે. એના છક્કા છુટી ગયા. હમીદની બંદુક બાવા આદમના વખતની હતી, અને પેલો માણસ તો છેલ્લામાં છેલ્લી ઢબનું હથિયાર રાખતો હશે! મનમાં તે બોલ્યો, 'મારી બંદુક ન તાકે તો શું થાય? પરંતુ અલ્લાહ રહેમદિલ છે. જરૂર એ મદદગાર રહેશે.' આ ખ્યાલને લીધે તેને દિલાસો મળ્યો. તેણે બંદુકના કાન આગળ ચાંપી રાખી અને બને તે ખરૂં એમ વિચારી વાટ જોઇ બેઠો.

બેમાલુમ જેવો શીકાર નજીક ને નજીક ચાલી આવ્યો. એકાએક તેના ચમકેલા કાન ઉપર 'હથિયાર છોડ દો'નો અવાજ ફાટ્યો. એ અટક્યો. પાંપણના પલકારામાં એ વાત પામી ગયો ને મુદ્દલ આનાકાની વગર ડાહ્યો થઇને કહ્યું માન્યો.

હમીદે શીકારની જડતી લીધી. માત્ર એક મોટી ચપાટી (રોટી) મળી. હથિયાર વગરનો હીંમતબાજ ખાન બોલ્યો, 'હું તને અરધી આપું છું.' અને એમ કહીને તેણે રોટીને બેવડી વાળી; અરધી હમીદને દઇ તે રસ્તે પડ્યો.

'આનાથી કાંઇ દસ જણનાં પેટ ભરાય? લાવને બીજી અરધી પણ પડાવું.' એમ વિચારીને બહારવટિયે બંદુકનું નીશાન લઈ દૂર ચાલ્યા જનારની પીઠ પર ફોડી. વંટોળિયામાં ઉડે તેમ ઉડી મુસાફર પડ્યો. તેણે બીજી અરધી રોટી પડાવી લીધી અને લોહીલોહાણ મુરદાને નાળામાં ઘસડ્યું. કબર ખોદીને મુર્દાને તેમાં સુવડાવ્યું. માથે ધુળ વાળવાનું કરતો હતો ત્યાં અચાનક, કોણ જાણે ક્યાંથી, પોતે એકદમ અરધી રોટી માટે એક જાન નાબુદ કરી એ ખટક તેના દિલમાં પેદા થઈ. એ જ ઠેકાણે તેણે સોગંદ લીધા કે હવેથી બંદુક હાથમાં ઝાલવી હરામ છે. તુર્ત તે હથિયારને મુર્દા પર ફેંકી તેના પર ધુળ વાળી ઢાંકી ચાલી નીકળ્યો.

વાળ્યો વળે એવો કાચ



જુના કાળમાં કોઇ કારીગરે રોમના રાજા ટિબેરીસને કાચનો એક સુંદર પ્યાલો ભેટ ધર્યો. રાજા આ જાદુઇ પ્યાલો જોઇને ખુશખુશ થઇ ગયો. કારીગરે પાછો એને લઇને જોરથી જમીન ઉપર અફાળ્યો, છતાં તે ફુટ્યો નહિ; માત્ર તેમાં ઘોબા પડ્યા. કારીગરે તેને ટીપીને ફરીવાર હતો તેવો પ્યાલો કરી દીધો! રાજાને મનમાં ભય પેઠો કે રખેને આ કારીગરી અને કાચની બનાવટને લીધે સોનારૂપાની કીમત ઘટી જાય! તેથી તેણે પેલા કારીગરને ફાંસીએ ચડાવ્યો!! આ જમાનામાં સાચ્ચે જ કાચ સોનારૂપા કરતાં લોકોને વધુ કીમતી ને કલ્યાણકારી નીવડ્યો છે.

કાચના બે ગુણ છે: પારદર્શક ખરો, પણ બરડ. હાથમાંથી પડ્યો કે કટકા. પણ હવે વાળ્યો વળે એવો અજાયબ કાચ ડૉ. ફ્રીડ્રીક પોલાક ને ડૉ. કર્ટ રિપરે શોધી કાઢ્યો છે.

આ કાચ ભાંગતો નથી એટલું જ નહિ, પણ મરજી મુજબ વાળી શકાય છે. તેના ઝીણા તાર કાઢી શકાય છે. વળી તે સામાન્ય કાચ કરતાં દસગણો પારદર્શક છે, ને છતાં બીલકુલ બરડ નથી. તેનો ગોળો ગૉલ્ફના દડા માફક ઉંચોનીચો ઉછળે છે અને તે ગમે તે રંગનો બની શકે છે. તેની ચુંગીઓ, બીડીઓ પકડવાની ભુંગળીઓ, છત્રીના હાથા બારીબારણાંના ડટ્ટા વગેરે અનેક ચીજો બને છે. કેટલેક ઠેકાણે તો રબરની જગાએ તેને વાપરવામાં આવે છે. મોટરની આગળ પવન ન લાગે તે માટેના તક્તા તરીકે આ કાચ જડવામાં આવે છે.

વળી આ કાચની ખાસ ખુબી તો એ છે કે સાધારણ કાચ જે જીવનમય કિરણો (અલ્ટ્રા-વાયોલેટ રેઝ)ને દાખલ કરતો નથી તેને આ કાચ કરે છે અને તેથી તે માંદાઓને માટે આશીર્વાદરૂપ થયો છે. વનસ્પતિ ઉગાડવાનાં કાચઘરોમાં પણ તેથી જ એ વપરાય છે. ઉપર આંકા ન પડે તેટલો એ કઠણ છે. વળી વાગી જવાની જરા પણ બીક વગર તેને સહેલાઇથી ભાંગી શકાય છે, કારણકે એની ધાર એટલી કાતિલ નથી. કાચના ધંધામાં આથી મોટું પરિવર્તન થવાનું. આ કાચનો પ્રવાહી પદાર્થ બંધ શીશામાં તૈયાર મળે છે, ને ઉપયોગમાં લેવો હોય ત્યારે બહાર રેડવાથી ઠરી જાય છે.

જરા ચેતજો . . . . દીવાળીના સાપથી

પારો નુકસાનકર્તા છે એ તો સૌ જાણે છે; પારાનો ક્ષાર ઝેરી હોવાનું દરેક ડાકટર જાણે છે; તે મુજબ પારાની ધુમાડી તેના કરતાં પણ વધારે ઝેરી છે. છતાં પારાનો સલ્ફોસાયનાઇડ કેટલાં ય વર્ષોથી ફ્રાંસ અને બીજા દેશોથી અહીં બે રૂપમાં આવી છુટે હાથે વેચાય છે. આ ચીજ ઘણી ઝેરી છે. સાધારણ વાંચકને એ ચીજ એના ખરા નામથી સમજાશે નહિ. દીવાળીમાં છોકરાઓને 'સાપની ડબીઓ' બેત્રણ આનાની કીમતે લઇ આપવામાં આવે છે. તેમાંના સફેદ ટુકડા સળગાવતાં તેમાંથી ટુકડાની લંબાઇ કરતાં ૩૦-૪૦ ગણો લાંબો સાપ નીકળે છે. એ ટુકડા પારાના સલ્ફોસાયનાઈડમાંથી બનેલા હોય છે.

આ સલ્ફોસાયનાઇડ ઓફ મરક્યુરી જો ખાવામાં આવે તો જીવ લેવાને માટે પુરતો કાતિલ છે. અને એ ટુકડા સળગાવતાં જે ધુણી નીકળે છે તે પણ અતિ ઝેરી છે. એવી ચીજ બાળકોના હાથમાં બેધડક આપી દેવામાં આવે છે. છતાં તે તરફ લોકોનું કે અમલદારોનું જરા પણ લક્ષ નથી અને એના વેચાણ પર અટકાયત નથી એ કલંકરૂપ છે. જરા ચેતજો.

સ્વીકાર

અશો જરથુસ્ત્ર : લેખક, એરચ જહાંગીર સોરાબજી તારાપોરવાળા. વિદ્યાર્થીઓ પાસે ઉદાર ધાર્મિકતા ખડી થાય એ હેતુથી વિવિધ ધર્મોના પયગમ્બરો અને ધર્માત્માઓનાં જીવનચરિત્રો શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન અવારનવાર પ્રગટ કરતું રહે છે તેમાં આ નાનકડું પુસ્તક સુંદર ઉમેરો કરે છે.

શ્રી સૂર્યોપાસના : સંગ્રહ કરનાર મણિલાલ જાદવરાય ત્રિવેદી, કપડવણજ.





પ્રેગ શહેરનો આ છ વરસનો બુચો હેન્રી હજ્બોલ્ટ અત્યારથી જ ગણિતનો એવો તો ખાં છે કે એનાથી બમણી મોટી વયનો છોકરો જેટલી સહેલાઇથી સરવાળા બાદબાકી ગણે એટલી જ સરળતાથી તે અઘરા માનાંક (લોગેરિધમ્સ) ગણી શકે છે. ગણિતશાસ્ત્રના અતિશય કુટ પ્રશ્નોના ઉત્તરો જરા પણ મુશ્કેલી વિના સંપૂર્ણ ચોકસાઈથી તે આપી શકે છે!

(આ બાજુનું ચિત્ર) 'કાશીરાજ ને નાગરાજનો સંવાદ' નામના આ અદ્ભુત સુંદરતાવાળા ચિત્રમાંથી 'કાશીરાજની કુમારી'નું શિરચિત્ર અમે આ અંકના મુખચિત્ર તરીકે આપ્યું છે.

*